

મધ્યપ્રદેશમાં ઝેરી દારૂથી 15 વ્યક્તિનાં મોત, 16ની ધરપકડ

PAGE NO. 14

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ફિલિપાઇન્સમાં બોટમાં ભીષણ આગ, 5ના મોત, 80થી વધુ ગુમ

PAGE NO. 16

FRIDAY, 11 SEPTEMBER 2026 Vol. 24, No. 36 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# ચૂંટણી જીતવા ટ્રમ્પનું નાટક, નાગરિકોને $5000 ચૂકવવા વચન

## ક્રૂડ ઓઇલના ભાવ મિડટર્મ ચૂંટણી સુધી ઊંચા રહેવાની શક્યતા, ચૂંટણી પછી યુએસની આર્થિક પરિસ્થિતિ સુધરવાની આશા

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બે મહત્ત્વપૂર્ણ નિવેદનોને કારણે રાજકીય અને આર્થિક ક્ષેત્રે ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. એક તરફ તેમણે અમેરિકન નાગરિકોને પાંચ હજાર ડૉલરનું ડિવિડન્ડ આપવાનું વચન આપ્યું છે, તો બીજી તરફ ઈરાન સાથેના યુદ્ધના કારણે વધી રહેલા ક્રૂડ ઓઈલના ભાવ મિડ ટર્મ ચૂંટણી સુધી નીચે નહીં આવે તેવી સંભાવના વ્યક્ત કરી છે. આ બંને નિવેદનો અમેરિકાની અર્થવ્યવસ્થા અને રાજકારણ સાથે સીધા જોડાયેલા છે.

કોઈ સફળ કંપની પોતાના શેરધારકોને જે રીતે કેશ ડિસ્ટ્રિબ્યુશન આપે છે, તેવી જ રીતે અમેરિકાની આર્થિક સફળતાનો લાભ પહોંચાડતા ડોનાલ્ડ ટ્રમ્પે દરેક પુખ્ત નાગરિકને પાંચ હજાર ડૉલર (આશરે 4.2 લાખ) ડિવિડન્ડ રૂપે આપવાની જાહેરાત કરી છે. શરત એ છે કે જો રિપબ્લિકન પાર્ટી હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ બંનેની ચૂંટણી જીતી જાય તો આ યોજના અમલમાં




આવશે. આ પ્રસંગે તેમણે ગત વર્ષે સૈન્ય જવાનોને આપવામાં આવેલા 1775 ડૉલરની પણ યાદ અપાવી હતી, જેમાં તેમણે અમેરિકાની આઝાદીના વર્ષ સાથે જોડવા માટે પોતાની તરફથી એક ડૉલર ઉમેરીને રકમ 1776 ડૉલર કરી દીધી હતી.

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તીવ્ર હુમલાઓના પરિણામે આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવમાં ત્રણ ટકાથી વધુનો ઉછાળો આવ્યો છે, જેને પગલે જુલાઈ પછી પ્રથમવાર કિંમતો 100 ડૉલરને વટાવી ગઈ છે. આ સ્થિતિને લઈને ટ્રમ્પે સ્વીકાર્યું છે કે આ યુદ્ધની અસરોને કારણે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ મિડટર્મ ચૂંટણી અગાઉ નીચે આવે તેવી સંભાવના નહિવત્ છે. શરૂઆતમાં આ સંઘર્ષ માત્ર કેટલાક જ અઠવાડિયામાં ખતમ થઈ જશે તેવો દાવો કરનાર ટ્રમ્પનું આ યુદ્ધ હવે સાતમાં મહિનામાં પહોંચી ગયું છે. ડલ્લાસ ખાતેના રિપબ્લિકન મિડટર્મ કન્વેન્શનમાં પ્રસ્થાન કરતા પૂર્વે પત્રકારો સમક્ષ તેમણે એવું જણાવ્યું હતું કે ચૂંટણી પૂરી થતા જ ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો નોંધાવાની શરૂઆત થઈ જશે, છતાં આ પ્રક્રિયામાં ચૂંટણીના સમયગાળા કરતાં થોડો વધુ સમય અવશ્ય લાગી શકે છે.

આ સાથે તેમણે એવો વિશ્વાસ પણ પ્રગટ કર્યો હતો કે ચૂંટણી પૂરી થતાં જ ઈરાન વધુ સમય સુધી ટકી ન શકવાને કારણે આખરે પીછેહઠ કરવા માટે મજબૂર થઈ જશે.

### યુનિ. ઓફ નોર્થ ટેક્સાસમાં સિંહા દંપતીના નામે નવી AI એડવાન્સ્ડ કોલેજ સ્થપાશે

# મૂળ ભારતીય દંપતીએ અમેરિકન યુનિ.ને $20 મિલિયનનું ઐતિહાસિક દાન આપ્યું

## સ્કોલરશિપ, પ્રોફેસરશિપ, એન્ટરપ્રેન્યોરશિપ, એડવાન્સ્ડ રિસર્ચને મદદ મળશે

**ટેક્સાસ**

અમેરિકામાં વસતા ભારતીય મૂળના વિકાસ અને અનુરાધા સિંહા દંપતીએ શિક્ષણમાં મોટું ઉદાહરણ પૂરું પાડ્યું છે. બંનેએ પોતાની જૂની યુનિવર્સિટી ઓફ નોર્થ ટેક્સાસને 20 મિલિયન ડોલર એટલે કે 191 કરોડથી વધુનું દાન આપ્યું છે. આ રકમથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા સાયન્સ અને એડવાન્સ્ડ એનાલિટિક્સના શિક્ષણ અને સંશોધનને વેગ મળશે અને યુનિવર્સિટી તેમના નામે નવી કોલેજ સ્થાપશે. નવી કોલેજનું નામ અનુરાધા અને વિકાસ સિંહા કોલેજ ઓફ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ એડવાન્સ્ડ એનાલિટિક્સ રાખવામાં આવશે, જે AI, સાયબર સિક્યોરિટી, હેલ્થ ઈન્ફોર્મેટિક્સ અને લર્નિંગ ટેક્નોલોજીનું કેન્દ્ર બનશે. આ દાનમાંથી છ કાયમી ફંડ બનશે. જે સ્કોલરશિપ, પ્રોફેસરશિપ, એન્ટરપ્રેન્યોરશિપ, ઈન્ક્યુબેશન અને એડવાન્સ્ડ રિસર્ચને મદદ કરશે. કોલેજનો હેતુ માત્ર AI વાપરતા શીખવવાનો નહીં પણ નવી ટેક્નોલોજી વિકસાવતા અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરતા શીખવવાનો છે.

આ રકમમાંથી વિદ્યાર્થીઓને સ્કોલરશિપ ઉપરાંત પ્રોફેસરોને સંશોધન માટે મદદ મળશે અને સ્ટાર્ટઅપને ઈન્ક્યુબેશન સપોર્ટ પણ અપાશે, જે લાંબા ગાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓને મજબૂત બનાવશે. કોલેજને બે વિભાગમાં વહેંચાશે, એપ્લાઈડ ઈન્ટેલિજન્સ એન્ડ ઈન્ફોર્મેટિક્સ અને ઈન્ફોર્મેશન એન્ડ લર્નિંગ એપ્લિકેશન, સાથે એપ્લાઈડ AI એન્ડ ડેટા સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ પણ સ્થપાશે. વિકાસ સિંહાનો UNT સાથે સંબંધ જૂનો છે, 2024માં ડેટા સાયન્સ વિભાગ અને ઈનોવેશન




લેબ માટે દાન આપ્યું હતું. વિકાસે કહ્યું શિક્ષણે અમારા માટે દરવાજા ખોલ્યા, હવે બીજા માટે ખુલ્લા રાખવા છે. ઈમિગ્રન્ટ્સ માત્ર અમેરિકન ડ્રીમનો ભાગ નથી, તેને સાકાર પણ કરે છે. AI ભવિષ્યની સૌથી મહત્વપૂર્ણ ટેક્નોલોજી બનશે નિષ્ણાતો અહીંથી તૈયાર થશે જે જવાબદાર ઉપયોગ માટે તૈયાર થશે.

# ચીનના શિપ યાર્ડ પર કાર્ગો જહાજમાં આગ, 20ના મોત




**બેઇજિંગ**

પૂર્વ ચીનના શેનડોંગ પ્રાંતમાં આવેલા ક્વિંગદાઓ બેઈહાઈ શિપયાર્ડમાં જાળવણી (મેન્ટેનન્સ) હેઠળના વિદેશી ધ્વજવાળા કાર્ગો જહાજમાં ભીષણ આગ લાગી છે. અહેવાલો અનુસાર, આ ઘટનામાં ઓછામાં ઓછા 20 લોકોના મોત થયા છે અને જાન-માલનું ભારે નુકસાન થયું છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને વડાપ્રધાન લી ક્વિઆંગે ગુમ થયેલા લોકો માટે તાત્કાલિક શોધ અને બચાવ કામગીરી શરૂ કરવા, ઘાયલોની સારવાર કરવા અને આ ઘટના માટે જવાબદાર લોકોને કડક સજા કરવાના નિર્દેશો આપ્યા છે. પૂર્વ ચીનના શેનડોંગ પ્રાંતના ક્વિંગદાઓ સ્થિત 'બેઈહાઈ શિપબિલ્ડિંગ કંપની લિમિટેડ'ના બંદરે જાળવણી (મેઈન્ટેનન્સ) માટે લાંગરેલા એક વિદેશી કાર્ગો જહાજમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં જાન-માલનું ભારે નુકસાન થયું છે. જોકે, જાનહાનિની ચોક્કસ સંખ્યા કે આગ લાગવાના કારણ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. ગુરુવારે માડી સાંજ સુધીમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હોવાનો દાવો પણ કરવામાં આવ્યો હતો.









### બળેવ પિકનિકે પરંપરા, સંસ્કૃતિ, એકતા અને આનંદનો સુંદર સંદેશ આપતા સૌના હૃદયમાં અનેક સુખદ અને યાદગાર સંસ્મરણો છોડ્યા

# રાશી અને નવલ બજાજના નિવાસસ્થાને કૃષ્ણ જન્માષ્ટમી અને નંદ ઉત્સવની ભક્તિ, પ્રેમ અને ભવ્યતા સાથે ઉજવણી

### સ્થળને આકાશી વાદળી અને ગુલાબી રંગના વિવિધ શેડ્સથી સુંદર રીતે શણગારવામાં આવ્યું





**ઓન્ટેરિયો**

બ્રામ્પ્ટનમાં રાશી અને નવલ બજાજના નિવાસસ્થાને કૃષ્ણ જન્માષ્ટમી અને નંદ ઉત્સવ અત્યંત ભક્તિભાવ, આનંદ અને ભવ્યતા સાથે ઉજવવામાં આવ્યા હતા. આ વર્ષની ઉજવણીમાં ભગવાન શ્રીકૃષ્ણની શાશ્વત શિક્ષાઓ – પ્રેમ, હૂંફ, ઉત્સાહ અને આત્મવિશ્વાસથી પ્રેરિત એક વિશેષ અને અર્થપૂર્ણ સંદેશ સમાવિષ્ટ હતો. સમગ્ર સ્થળને આકાશી વાદળી અને ગુલાબી રંગના વિવિધ શેડ્સથી સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું, જે પ્રેમ, હૂંફ, ઉત્સાહ અને સકારાત્મક આત્મવિશ્વાસનું પ્રતીક છે; આ સજાવટે હજારો મહેમાનો માટે એક દિવ્ય અને આવકારદાયક વાતાવરણનું સર્જન કર્યું હતું.

કૃષ્ણ જન્માષ્ટમી, જેને જન્માષ્ટમી અથવા ગોકુલાષ્ટમી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ભગવાન વિષ્ણુના આઠમા અવતાર મનાતા ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ તરીકે ઉજવવામાં આવે છે. આ તહેવાર હિન્દુ ચંદ્ર કેલેન્ડર મુજબ કૃષ્ણ પક્ષના આઠમા દિવસે (અષ્ટમીએ) ઉજવવામાં આવે છે અને વૈષ્ણવ પરંપરાઓમાં તેનું વિશેષ મહત્વ છે. નવલ બજાજના નિવાસ સ્થાને સાંજનો કાર્યક્રમ ભક્તિમય અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી ભરપુર રહ્યો હતો. જેમાં ભગવાન શ્રીકૃષ્ણના જીવનના પ્રસંગોને રજૂ કરતી નૃત્ય-નાટિકાઓ, ભક્તિ-સંગીત, રાસ, ગરબા અને સંગીતની પ્રસ્તુતિઓએ રંગત જમાવી હતી. જાણીતા શાસ્ત્રીય ગાયક હેમંત પંવાર, વૈષ્ણવી પંવાર, વેદાંશ પંવાર અને તેમની ટીમ, તેમજ અજય ત્યાગી, મનોજ અને તેમની ટીમ દ્વારા રજૂ કરાયેલા કાર્યક્રમોએ ઉપસ્થિત મહેમાનોનું મન મોહી લીધું હતું.

કેનેડાના અગ્રણી ગરબા ગાયકોમાંના એક, સચિન જોશીએ પણ તેમના મધુર અવાજથી પ્રેક્ષકોનું મનોરંજન કર્યું હતુ.

સચિન જોશી અને તેમની ટીમે સાંજની સાઉન્ડ અને સંગીતની વ્યવસ્થા સંભાળી હતી, તેમણે ગરબાના અનેક લોકપ્રિય ગીતો તેમજ સુંદર ભક્તિગીતોની પ્રસ્તુતિ કરી હતી. આ ઉત્સવની એક અત્યંત સુંદર પરંપરા એ ઘરની બહારથી અંદરના ભાગ તરફ જતાં ભગવાન શ્રીકૃષ્ણના નાના પગલાં (ચરણચિહ્નો) દોરવાની હતી. આ પગલાં ભગવાન શ્રીકૃષ્ણના આગમન અને ઘરમાં તેમના પ્રવેશનું પ્રતીક છે, જે પરિવારમાં દૈવી ઉપસ્થિતિને આવકારે છે. ભગવાન શ્રીકૃષ્ણ માટે તૈયાર કરવામાં આવેલી સામગ્રીમાં પરિવારની અસાધારણ ભક્તિ અને ઝીણવટભરી કાળજી સ્પષ્ટપણે જોવા મળતી હતી. ઉત્સવના ભાગરૂપે 256થી વધુ પ્રકારની મીઠાઈઓ, 101 પ્રકારના ફળો અને 31 પ્રકારના સૂકા મેવા તૈયાર કરીને અર્પણ કરવામાં આવ્યા હતા. ઉત્સવની ઉજવણી બાદ, આ મીઠાઈઓ અને અર્પણ કરેલી સામગ્રી મહેમાનોમાં પ્રસાદ તરીકે વહેંચવામાં આવી હતી.


બાળકોએ પણ આ ઉત્સવમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઘણા બાળકો ભગવાન શ્રીકૃષ્ણ અને કૃષ્ણની બાળલીલાઓ સાથે સંકળાયેલા અન્ય પ્રિય પાત્રોના વેશમાં સજ્જ થયા હતા, જેનાથી ઉત્સવમાં નિર્દોષતા, રંગ અને વિશેષ આકર્ષણ ઉમેરાયું હતું.

આ ઉત્સવે હજારો લોકોને આકર્ષ્યા હતા. બજાજે કાર્યક્રમનું કવરેજ કરવા અને તેનો સંદેશ વિશાળ સમુદાય સુધી પહોંચાડવામાં મદદ કરવા બદલ મીડિયાના મિત્રોનો પણ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે આ ઉજવણીને સફળ બનાવવા માટે તેમની પત્ની રાશી બજાજની અપાર નિષ્ઠા અને સખત મહેનત બદલ, તેમજ વલ્લભ અને સાઈશાના યોગદાનને પણ બિરદાવ્યું હતુ. સાથે જ ભારતથી આવેલા તેમના ભાઈ બાલકિશન બજાજ અને ભાભી રેખા બજાજ પ્રત્યે વિશેષ કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. એકંદરે આ સાંજ ભક્તિ, સંગીત, ઉત્સાહ અને પરસ્પર સ્નેહના વાતાવરણ સાથે સંપન્ન થઈ, જે જન્માષ્ટમી અને નંદ ઉત્સવની સાચી ભાવનાને પ્રતિબિંબિત કરતી હતી.

# ઓન્ટેરિયો કોર્ટ સિસ્ટમમાં સાયબર હુમલો : ડેટા ચોરાયો હોવાની આશંકા

### 'થોમસન રોઇટર્સ'ના સી-ટ્રેક કેસ મૅનેજમેન્ટ સોફ્ટવેરમાં ભંગાણ; માર્ચ મહિનાથી ચાલતા હુમલાનો જૂનમાં પર્દાફાશ થયો

**અસરગ્રસ્તો માટે કોલ સેન્ટર અને ક્રેડિટ મોનિટરિંગ સુવિધા શરૂ કરાઇ**



**ટોરોન્ટો**

કેનેડાના ઓન્ટેરિયો પ્રાંતની અદાલતી પ્રક્રિયા અને કેસ સાથે જોડાયેલા હજારો નાગરિકો માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. પ્રાંતની ત્રણેય મુખ્ય અદાલતોના મુખ્ય ન્યાયાધીશોએ એક સંયુક્ત નિવેદન જાહેર કરીને ચેતવણી આપી છે કે, એક ભયાનક સાયબર હુમલાને કારણે કોર્ટ સિસ્ટમમાં સામેલ લોકોની અંગત અને સંવેદનશીલ માહિતી ચોરાઈ ગઈ હોઈ શકે છે. ઓન્ટેરિયોના મુખ્ય ન્યાયાધીશ માઈકલ એચ. ટુલોચ, સુપિરિયર કોર્ટના મુખ્ય ન્યાયાધીશ પેટ્રિક જે. બાઉચર અને કોર્ટ ઓફ જસ્ટિસના મુખ્ય ન્યાયાધીશ શેરોન એમ. નિકલાસ દ્વારા જાહેર કરાયેલા નિવેદન અનુસાર, આ સાયબર ભંગાણ 'થોમસન રોઈટર્સ કેનેડા લિમિટેડ'ની માલિકીના 'સી-ટ્રેક' નામના ઓનલાઈન કેસ-મેનેજમેન્ટ પ્લેટફોર્મમાં થયું છે.

કંપનીને ૩૦ જૂનના રોજ તેના ક્લાઉડ સર્વરમાં "અનધિકૃત પ્રવૃત્તિ" જોવા મળતા તપાસ હાથ ધરાઈ હતી. તપાસમાં સામે આવ્યું કે, આ સાયબર હુમલો મહિનાઓ પહેલાં એટલે કે માર્ચ મહિનાથી જ શરૂ થઈ ગયો હતો. હેકર્સ દ્વારા 'કોર્ટ ઓફ અપીલ ફોર ઓન્ટારિયો', 'ઓન્ટારિયો સુપિરિયર કોર્ટ ઓફ જસ્ટિસ' અને ઓન્ટેરિયો કોર્ટ ઓફ જસ્ટિસ' સાથે સંબંધિત મહત્વપૂર્ણ કોર્ટ રેકોર્ડ્સ અને વ્યક્તિગત વિગતો ગેરકાયદે રીતે મેળવવામાં આવી હતી.

જોકે, અદાલતો અને કંપની દ્વારા હજુ સુધી એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે કેટલા લોકોના રેકોર્ડ્સ ચોરાયા છે અથવા કયા પ્રકારની ચોક્કસ માહિતી લીક થઈ છે.

ઘટના સામે આવ્યા બાદ કંપનીએ કાયદા અમલીકરણ એજન્સીઓનો સંપર્ક કર્યો છે અને સી-ટ્રેક સિસ્ટમને વધુ સુરક્ષિત કરવા માટે વધારાના સાયબર સુરક્ષાના પગલાં અમલમાં મૂક્યા છે. કંપનીએ દાવો કર્યો છે કે હાલ તેમની સેવાઓ સંપૂર્ણપણે સુરક્ષિત અને કાર્યરત છે.

જે નાગરિકોની માહિતી લીક થઈ હોવાની આશંકા છે, તેમના માટે કંપની દ્વારા વિશેષ હેલ્પલાઈન કોલ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે.

# કેનેડિયન ડેરી ઉત્પાદન, દારૂ અને બાઈકની આયાત પર US બેન મૂકશે

**ટોરોન્ટો**

યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડા વચ્ચે ચાલી રહેલું વેપાર યુદ્ધ હવે અત્યંત તીવ્ર મોડ પર પહોંચી ગયું છે. કેનેડા દ્વારા તાજેતરમાં $ 20 અબજ મૂલ્યની અમેરિકી આયાત પર લાદવામાં આવેલા જવાબી ટેરિફના પલટવારમાં અમેરિકાએ કેનેડાથી આયાત થતા ડેરી ઉત્પાદનો, મોટા ભાગના આલ્કોહોલિક પીણાં અને મોટરસાયકલ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે. વ્હાઈટ હાઉસ દ્વારા કરવામાં આવેલી આ જાહેરાત મુજબ આ બેન આગામી ત્રણ સપ્તાહમાં અમલી બની જશે.

વેપારી તણાવ વધારતા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુએસ જનરલ સર્વિસિસ એડમિનિસ્ટ્રેશન (GSA)ને સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે, જ્યાં સુધી કેનેડા અમેરિકન ઉત્પાદનોને 'સંપૂર્ણ અને નિષ્પક્ષ પારસ્પરિકતા'ના આધારે છૂટ ન આપે, ત્યાં સુધી અમેરિકી સરકારના જંગી અને લાંબા ગાળાના કોન્ટ્રેક્ટ્સ માટે કેનેડિયન પ્રોડક્ટ્સને અપાત્ર ગણવામાં આવે. અમેરિકાના આક્રમક વલણ સામે કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ પણ આત્મનિર્ભરતાનો સૂર ઉચ્ચાર્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "કોઈ પણ દેશ આપણને દબાવી શકશે નહીં. અમે અમારી ઈચ્છા મુજબ જ જીવીશું. એક જ આર્થિક ભાગીદાર ઉપર વધુ પડતા નિર્ભર રહેવાનો યુગ હવે પૂરો થઈ ગયો છે." કેનેડા હવે અમેરિકા પરની નિર્ભરતા ઘટાડી યુરોપિયન યુનિયન (EU) સાથે આર્થિક સંબંધો ગાઢ બનાવી રહ્યું છે.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada
Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca

# બ્લડ શુગરથી ગિદ્ધા સુધી : FCFCનો અનોખો કાર્યક્રમ

## સિટી ઑફ બ્રામ્પટનના સહયોગથી યોજાયેલા ડાયાબિટીસ જાગૃતિ સેમિનારમાં 125થી વધુ વરિષ્ઠ નાગરિકોની હાજરી, સંગીત, કવિતા, નૃત્ય, જન્મદિવસની ઉજવણી, ગબેરંગી ગિદ્ધા રજૂઆતોએ કાર્યક્રમમાં વિશેષ ઉત્સાહ અને ઊર્જા ભરી દીધા






બ્રામ્પ્ટન : ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ દ્વારા બ્રામ્પ્ટનના **Paul Palleschi Recreation Centre** ખાતે “વરિષ્ઠ નાગરિકોમાં ડાયાબિટીસ” વિષય પર વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. સિટી ઓફ બ્રામ્પ્ટનના સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં ક્લબના ૧૨૫થી વધુ સભ્યોએ ભાગ લીધો હતો. બપોરનો કાર્યક્રમ ઉપયોગી આરોગ્ય માહિતી, સ્વસ્થ જીવનશૈલી અને સક્રિય વૃદ્ધાવસ્થા પર કેન્દ્રિત રહ્યો હતો. ત્યારબાદ સંગીત, કવિતા, નૃત્ય, જન્મદિવસની ઉજવણી અને સ્વાદિષ્ટ ભોજનનો સૌએ આનંદ માણ્યો હતો.

સેમિનારનું સંચાલન સર્ટિફાઈડ ડાયાબિટીસ એજ્યુકેટર નેહા કૌશલ દ્વારા કરાયું હતુ. તેમણે યોગ્ય આહાર, શારીરિક પ્રવૃત્તિ, દવાઓ, બ્લડ શુગરની દેખરેખ અને જીવનશૈલીમાં જરૂરી ફેરફારો દ્વારા ડાયાબિટીસને કેવી રીતે સારી રીતે નિયંત્રિત કરી શકાય તે અંગે વ્યવહારુ માર્ગદર્શન આપ્યું હતુ. ઉપસ્થિત સભ્યોનું સ્વાગત કરતાં *FCFCના ચેરપર્સન જિયાન પોલે જણાવ્યું કે વરિષ્ઠ નાગરિકો માટે કાર્ય કરતી સામાજિક સંસ્થાઓ તેમની જીવનની ગુણવત્તાને અસર કરતા આરોગ્ય વિષયો અંગે જાગૃતિ ફેલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. “વરિષ્ઠ નાગરિકો માટે સારું સ્વાસ્થ્ય એટલે વધુ સ્વતંત્રતા, આત્મવિશ્વાસ અને વધુ સારી જીવનશૈલી. લોકોને સામાજિક રીતે એકસાથે લાવવું મહત્વપૂર્ણ છે, પરંતુ તેમના રોજિંદા જીવનને વધુ સારું બનાવી શકે એવું ઉપયોગી જ્ઞાન આપવાથી આવા કાર્યક્રમો વધુ અર્થપૂર્ણ બને છે. તેમણે કહ્યું કે, ડાયાબિટીસ ઘણા વરિષ્ઠ નાગરિકો અને તેમના પરિવારો માટે ચિંતાનો વિષય છે. તેથી આહાર, કસરત, દવાઓ અને નિવારણ અંગે વિશ્વસનીય માહિતી ખૂબ જ ઉપયોગી બની શકે છે. ત્યારબાદ તેમણે નેહા કૌશલનો પરિચય કરાવ્યો અને સંસ્થા વતી તેમનું સ્વાગત કર્યું હતુ.

નેહા કૌશલે ડાયાબિટીસને સરળ અને સમજાય તેવી ભાષામાં સમજાવતાં જોખમી પરિબળો, બ્લડ ગ્લુકોઝનું નિયંત્રણ, પોષણ, ખોરાકની માત્રા, કસરત, દવાઓ અને દૈનિક જીવનશૈલી જેવા વિવિધ મુદ્દાઓ આવરી લીધા હતા. તેમની રજૂઆતનો ખાસ રસપ્રદ ભાગ પંજાબી અને દક્ષિણ એશિયાઈ આહાર પર કેન્દ્રિત હતો. તેમણે સમજાવ્યું કે ખાદ્ય સામગ્રી, રસોઈની પદ્ધતિ, કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ અને ખોરાકની માત્રા પર ધ્યાન આપવામાં આવે તો પરંપરાગત વાનગીઓ પણ સંતુલિત જીવનશૈલીનો ભાગ બની શકે છે. તેમણે ડાયાબિટીસના સંચાલનને માત્ર પ્રતિબંધોની યાદી તરીકે જોવાને બદલે રોજિંદા જીવનમાં અપનાવી શકાય એવા વ્યવહારુ અને લાંબા ગાળાના સકારાત્મક ફેરફારો પર ભાર મૂક્યો હતો. સેમિનાર પૂર્ણ થયા બાદ કાર્યક્રમનો માહોલ શિક્ષણમાંથી મનોરંજન તરફ વળ્યો હતો. FCFCના સભ્યોએ ગીતો, જોક્સ, કવિતાઓ, સંગીત અને નૃત્યની વિવિધ રજૂઆતો દ્વારા સૌનું મનોરંજન કર્યું હતુ. રંગબેરંગી ગિદ્ધા રજૂઆતોએ કાર્યક્રમમાં વિશેષ ઉત્સાહ અને ઊર્જા ભરી દીધી અને ક્લબની પ્રવૃત્તિઓમાં પંજાબી સાંસ્કૃતિક પરંપરાઓનું મહત્ત્વ પણ ઉજાગર કર્યું હતુ.

ત્યારબાદ સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું હતુ. કાર્યક્રમ દરમિયાન ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં જન્મદિવસ ધરાવતા FCFC સભ્યોનું વિશેષ સન્માન કરી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

FCFC પ્રમુખ જસવિંદર દૈંદએકાર્યક્રમને સફળ બનાવવામાં યોગદાન આપનાર આયોજકો, સ્વયંસેવકો, કલાકારો અને તમામ ઉપસ્થિત સભ્યોનો આભાર માન્યો હતો.

તેમણે કહ્યું હતુ કે, અમારો ઉદ્દેશ વરિષ્ઠ નાગરિકોને માહિતગાર, સક્રિય અને એકબીજા સાથે જોડાયેલા રાખવાનો છે. જ્યારે શિક્ષણ, મિત્રતા અને આનંદ એક જ છત નીચે ભેગાં થાય છે, ત્યારે દરેક વ્યક્તિ કંઈક સકારાત્મક લઈને ઘરે પરત ફરે છે,. તેણે કહ્યું કે ૧૨૫થી વધુ લોકોની હાજરી દર્શાવે છે કે વરિષ્ઠ નાગરિકોના શૈક્ષણિક, મનોરંજન અને સામાજિક હિતોને જોડતા કાર્યક્રમોનું વિશેષ મહત્ત્વ છે. સમાપન સમયે જિયાન પોલે નેહા કૌશલનો તેમના વ્યાવસાયિક જ્ઞાન અને ઉપસ્થિત લોકોના પ્રશ્નોના વિગતવાર જવાબ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેણે કાર્યક્રમને સહયોગ આપવા બદલ સિટી ઓફ બ્રામ્પ્ટનનો પણ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ વરિષ્ઠ નાગરિકોના સુખાકારી, સક્રિય ભાગીદારી અને સામાજિક જોડાણને પ્રોત્સાહન આપતી પહેલોને સમર્થન આપવા બદલ પ્રશંસા કરી હતી. પોલે FCFC પ્રમુખ જસવિંદર દૈંદ, કાર્યકારી ટીમ, આયોજકો, સ્વયંસેવકો, કલાકારો તથા પડદા પાછળ રહીને કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગદાન આપનાર સૌનો આભાર માન્યો હતો.

# એપલ કંપનીનો નવા ફોલ્ડેબલ ‘iPhone Duo’ ખરીદવા કેનેડિયનોએ ૧૦% વધુ ચૂકવવા પડશે

### ફોનની વધુ કિંમત માટે ટેરિફ નહીં પરંતુ કંપનીની પ્રીમિયમ માર્જિન નીતિ જવાબદાર

**ટોરોન્ટો**

કેનેડિયન ગ્રાહકો સામાન્ય રીતે યુ.એસ.ની સરખામણીએ ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ માટે વધુ કિંમત ચૂકવવા ટેવાયેલા છે, પરંતુ એપલના નવતર ફોલ્ડેબલ સ્માર્ટફોન ‘આઈફોન ડ્યુઓ’ની લોન્ચિંગ કિંમતોએ ગ્રાહકોને મોટો આંચકો આપ્યો છે. બુધવારે જાહેર કરાયેલા આ સુપર-પ્રીમિયમ ફોન માટે કેનેડિયનોએ યુ.એસ.ના ગ્રાહકોની સરખામણીએ સીધા ૧૦ ટકા વધુ નાણાં ખર્ચવા પડશે. કેનેડામાં આઈફોન ડ્યુઓ કરવેરા પહેલાં $ ૨,૯૯૯થી $ ૪,૭૯૯ કેનેડિયન ડોલરની કિંમતે છૂટક વેચાણ માટે રજૂ કરાયો છે. જ્યારે યુ.એસ.માં તેની શરૂઆતી કિંમત $ ૧,૯૯૯ US (જે અંદાજે $૨,૭૬૦ કેનેડિયન ડોલર થાય છે) રાખવામાં આવી છે. આમ, સૌથી સસ્તા મોડેલ માટે પણ કેનેડિયનોએ અમેરિકા કરતાં નોંધપાત્ર રીતે વધુ ભાવ ચૂકવવો પડી રહ્યો છે.

યુ.એસ. અને કેનેડા વચ્ચે ચાલી રહેલા ટ્રેડ વૉર (વેપાર યુદ્ધ) અને પ્રતિ-ટેરિફના માહોલ વચ્ચે આ ભાવ વધારા માટે ટેરિફને જવાબદાર માનવામાં આવતું હતું, પરંતુ નિષ્ણાતોએ આ દાવો ફગાવી દીધો છે. ટોરોન્ટો યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર જોસેફ સ્ટેઈનબર્ગના જણાવ્યા મુજબ, કેનેડાના પ્રતિ-ટેરિફ **iPhone Duo** પર લાગુ પડતા નથી. કારણ કે, આ ફોનનું ઉત્પાદન ચીનમાં થાય છે.






તંત્રી સ્થાનેથી

# ભારતનો GDP 7.8 ટકા, વાહવાહી માટે આંકડાકીય ખેલની આશંકા

ભારતના જીડીપી વૃદ્ધિ દરના તાજેતરના આંકડાઓને લઈને દેશના અર્થશાસ્ત્રીઓ, વિપક્ષ અને સરકાર વચ્ચે ભારે મતમંતારો છે. સરકારના દાવા મુજબ એપ્રિલથી જૂન, 2026 દરમિયાન દેશનો જીડીપી વૃદ્ધિદર 7.8 ટકા રહ્યો છે, જે ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં આ વૃદ્ધિદર 6.9 ટકા હતો. આ ઉપરાંત, RBIના 7 ટકાના અંદાજ કરતાં પણ જીડીપી વૃદ્ધિ 0.8 ટકા વધુ રહ્યો છે. મંત્રાલયએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વાસ્તવિક ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ એટલે કે સ્થિર કિંમતો પર જીડીપીનો અંદાજ 81.36 લાખ કરોડ રૂપિયા છે. 2025-26ના સમાન ત્રિમાસિક ગાળામાં તે 75.46 લાખ કરોડ રૂપિયા હતો. એટલે તેને આધારે જીડીપી વૃદ્ધિદર 7.8 ટકા રહ્યો છે. જો કે, સરકારની જાહેરાત પછી ડોમેસ્ટિક પ્રોડક્ટ'અંગે ઘમાસાણ ચાલી રહ્યું છે. મોદીએ એક વીડિયો થકી કહ્યું કે દેશ આર્થિક માર્ગે ગતિ કરી રહ્યો છે. એટલું જ નહીં વડા પ્રધાને પોતાના પોસ્ટમાં એવો પણ દાવો કર્યો કે ક્રૂડ ઓઈલની ઊથલપાથલ, સપ્લાય ચેઈનમાં પડકાર અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ દેશનું પ્રદર્શન સારું રહ્યું છે. હવે પીએમનું આ નિવેદન એવા સમયે આવ્યું છે કે, જ્યારે દેશમાં બેરોજગારીનો દર, વધતી મોંઘવારી અને વિદેશમાંથી આવેલું રોકાણ પાછું ખેંચાઈ જવાની સ્થિતિ છે. તેથી સૌ કોઈએ સરકારી આંકડા સામે આશંકા દર્શાવી છે. મોદી સરકારના બીજા કાર્યકાળમાં નાણાં સચિવ રહેનારા સુભાષચંદ્ર ગર્ગે તેના પર પ્રશ્ન ઊઠાવ્યા એટલે આખા દેશની નજર તે તરફ મંડાઈ છે.



તંત્રી - સ્વદેશ

સુભાષચંદ્ર ગર્ગે સ્પષ્ટતાથી કહ્યું કે, દેશની 7.8 ટકા "જીડીપી" ખરેખર ભ્રામક હોઈ શકે છે. સુભાષચંદ્ર ગર્ગ એક કાબેલ ઓફિસર હોવાથી લોકોએ તેની વાતને ગંભીરતાથી લીધી છે. 1983ના રાજસ્થાન કેડરના 'IAS" બનનારા સુભાષચંદ્ર ગર્ગ સરકારના અનેક નાણાં વિભાગોના સેક્રેટરી રહી ચૂક્યા છે.

દેશની કેબિનેટની કમિટી દ્વારા તેઓની વર્લ્ડ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે પણ નિમણૂક કરાઈ હતી. 2019માં તેઓ છ મહિના સુધી નાણાં મંત્રાલયમાં સેક્રેટરીના પદે રહ્યા હતા. નાણાં વિભાગ સાથે તેમણે પોતાના કારકિર્દીમાં અનેક વખત કામ કર્યું છે. તેથી ગર્ગની વાતો મહત્વની બની જાય છે. તેમણે છે કે, આ વર્ષે દાખવવામાં આવેલા 'જીડીપી'ને પાછલા વર્ષના 'જીડીપી' અને વિવિધ ક્ષેત્રોના આંકડાને ખૂબ ઓછા આંકવામાં આવ્યા છે, જેના કારણે આ વર્ષનો "જીડીપી" વધુ દેખાય છે. જીડીપીને સરળ ભાષામાં સમજીએ તો કોઈ ચોક્કસ સમયગાળા દરમિયાન દેશમાં ઉત્પાદિત થતાં માલ અને સેવાઓનું કુલ નાણાંકીય મૂલ્ય. 'જીડીપી' દ્વારા દેશના અર્થતંત્રના આકલનનો એક શિરસ્તો પડ્યો છે અને તેથી સરકાર પોતાનું પર્ફોમન્સ સારું દાખવવા આંકડા સાથે ઘાલમેલ કરતી હોય છે.

નિષ્ણાંતોના મતે વિવાદનું મુખ્ય કારણ 'જીડીપી'ની સરખામણીનો આધાર જે તે વર્ષના આંકડાને લઈને છે. 'જીડીપી'માં જે આકલન થાય છે તેમાં ગુડ્સ અને સર્વિસ તો છે જ. સાથે સાથે આયાત-નિકાસને પણ જોડવામાં આવે છે. હવે આનો અર્થ એમ થાય છે કે જો આપણે દેશ તરીકે એમ કહીએ કે "જીડીપી'નો વૃદ્ધિ દર 7.8 ટકા રહ્યો છે તો તેનો મતલબ એવો થાય કે ગત વર્ષે શરૂઆતના ત્રણ મહિનાના દેશનું કુલ આર્થિક ઉત્પાદનથી આ વર્ષનું કુલ આર્થિક ઉત્પાદન 7.8 ટકા વધુ રહ્યું છે. હવે જો ગયા વર્ષના આધારે આરંભના ત્રણ મહિનાના આંકડાને તપાસીએ તો તેમાં 'જીડીપી'નો આંકડો 86.05 ટ્રિલિયન હતો. અને આ વર્ષે તે જ ગાળામાં આ આંકડો 88 ટ્રિલિયન દર્શવાયો છે.'એટલે જીડીપી'નો ગ્રોથ ત્રણ ટકાથી પણ ઓછો થાય છે. તેમ મનાય. પરંતુ હવે સરકારે તેમાં ગયા વર્ષનો 86.05 ટ્રિલિયનનો આંકડો 80 બતાવીને ખેલ કર્યો છે. સરકાર તરફથી એવી દલીલ થઈ રહી છે કે આધાર વર્ષ ગણવાની પદ્ધતિ બદલાઈ ચૂકી છે, અને તે પ્રમાણે વૃદ્ધિ દર જાહેર થયો છે તે યોગ્ય આંકડો છે. બીજી તરફ દેશના પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણિયમનું કહેવું છે કે, જે પદ્ધતિ બદલાઈ છે તે અંગે સરકારે જાહેરમાં પૂરતી માહિતી આપી નથી. માહિતી ગુપ્ત રાખવા અંગે આ સરકાર ખાસ્સી બદનામ થઈ ચૂકી છે. આ વિશે સુભાષચંદ્ર ગર્ગ તો કહે છે કે, ગત વર્ષની સરખામણીમાં માત્ર બે કે ત્રણ સેક્ટરમાં જ વૃદ્ધિ થઈ છે. જેમાં ખેતી અને ખનન છે. જ્યારે મેન્યુફેક્ચરિંગ તો ઓછું થયું છે.

દેશના અન્ય જાણીતા અર્થશાસ્ત્રીઓનો મત પણ સરકારના આંકડાથી જુદા એટલે કે વિપરીત છે. અર્થશાસ્ત્રી અરુણ કુમારે પણ સરકારના 'જીડીપી'ના વૃદ્ધિ દરના આંકડા સામે શંકા સેવી છે. પૂરા મુદ્દાને લઈને અર્થશાસ્ત્રીઓ વચ્ચે મતમતાંતર હોવા છતાં, તેઓ એક બાબતે તો સૂર પૂરાવે છે કે સરકાર જે આંકડા "જીડીપીના નામે દર્શાવ્યા છે, તેમાં ગરબડની શકયતા છે. યુનિવર્સિટી ઓફ મેસાચુસેટ્સ'- એમહર્સ્ટન અર્થશાસ્ત્ર વિષયના અધ્યાપક ડૉ. જયતિ ઘોષના મતે "જીડીપી"ના આંકડાને દેશના વૃદ્ધિ દરનું અંતિમ સત્ય માની ન શકાય. આ આંકડા આરંભની માહિતીથી એકઠી થયેલી વિગતોના આધારે અનુમાનિત હોય છે. આ આંકડાને "ક્વિક એસ્ટિમેટ" પણ કહી શકાય, જે પછીથી સુધારવામાં આવે છે. સાચો આંકડો આવે તે પહેલા તો પાંચ-છ વાર તેમાં સુધારો થાય છે. એટલે હાલ નિશ્ચિત રીતે ન કહી શકાય કે "જીડીપી" કેટલો રહેશે.

તેઓ "જીડીપી' સંદર્ભે એમ પણ કહે છે કે જ્યારે જ્યારે "જીડીપી"નો દર ખરેખર વધ્યો છે ત્યારે દેશના માહોલમાં તેની અસર દેખાય છે. શ્રમિક અને નિયમિત રીતે મજૂરી કરનારા વર્ગના લોકોની પણ આવક વધે છે. જો કે આ કિસ્સામાં એવું થયું નથી. ડૉ. જયતિ ઘોષ તો દેશની અર્થવ્યવસ્થાને નાજુક ગણાવી કહે છે કે, દુનિયાભરના રોકાણકારો પણ ભારતની સ્થિતિ સમજી ચૂક્યા છે. હાલમાં ઉદ્યોગપતિઓ પણ દેશમાં રોકાણ કરી રહ્યા નથી. તેમને એવું લાગે છે કે દેશમાં પૂરતી માંગ નથી. એક સમયે મોદીની નીતિઓનો બચાવ કરનારા સુરજિત ભલ્લાએ પણ વર્તમાન એનડીએ સરકારની આર્થિક મુદ્દે ટીકા કરી હતી.

અર્થશાસ્ત્રી મોન્ટેક સિંહ આહલુવાલિયા માને છે કે ઔપચારિક અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યું છે, પરંતુ નાના વ્યવસાયો અને ઓછી આવક ધરાવતા પરિવારોને તેનો કોઈ લાભ મળી રહ્યો નથી. દેશનો વર્તમાન આર્થિક વિકાસ માત્ર સમાજના અમુક ચોક્કસ અને પહેલેથી જ સદ્ધર વર્ગ પૂરતો સીમિત છે. આના કારણે અમીર વધુ અમીર બની રહ્યા છે અને ગરીબ વધુ ગરીબ બની રહ્યા છે, જેનાથી દેશમાં આર્થિક અસમાનતાની ખાઈ મોટી થઈ રહી છે સરકારનું લક્ષ્ય 2047માં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું છે. પરંતુ મોન્ટેક સિંહ આહલુવાલિયા અને સુરજીત ભલ્લા બંને માને છે કે માત્ર 7.8%ના ગ્રોથથી આ શક્ય નથી. ભારતને લાંબા સમય સુધી ડબલ ડિજિટ વિકાસ દરની જરૂર પડશે.

મનોજ આચાર્ય
manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA
SUPER VISA
• Life Insurance
• Mortgage Insurance
• Disability Insurance
• Critical Illness Insurance
VISITOR VISA
• Visitor Insurance
• RRSP (Retirement Plan)
• RESP (Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)

MADHUSUDAN LAMA
647-833-4477

HETAL SHAH
416 -522-1676

ANIRUDH LAMA
416-822-2570
DESIGNED BY GUJARAT NEWSLINE
EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com


DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic

Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

### વડાપ્રધાન મોદીની વડોદરાને 35 હજાર કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ, નવી મ્યુનિસિપલ કચેરી બનશે

# ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના 326 કિમીના 3 વિભાગ સમર્પિત

### 4 માલગાડીઓને લીલી ઝંડી, જવાહરલાલ નેહરુ પોર્ટ સાથે સીધી કનેક્ટિવિટી મળતાં આયાત-નિકાસ માલની ઝડપી હેરફેર થશે

**વડોદરા**

વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રિમોટ માધ્યમથી રૂ. 35,000 કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને રાષ્ટ્રને સમર્પણ કર્યું હતું. રેલવે, માર્ગ, પાણી, આવાસ અને ઊર્જા ક્ષેત્રના આ પ્રોજેક્ટ્સથી ગુજરાત સહિત દેશના માળખાકીય વિકાસને વેગ મળશે.

સૌથી મોટો પ્રોજેક્ટ વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર છે. રૂ. 20,700 કરોડના ખર્ચે બનેલા 326 રૂટ કિલોમીટરના ત્રણ વિભાગો - ન્યૂ સાણંદ (ઉત્તર)-ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ-ન્યૂ સફાળે અને ન્યૂ સફાળે-ન્યૂ જેએનપીટી રાષ્ટ્રને સમર્પિત કરાયા. જવાહરલાલ નેહરુ પોર્ટ સાથે સીધી કનેક્ટિવિટી મળતાં આયાત-નિકાસ માલની ઝડપી હેરફેર થશે, ઔદ્યોગિક કેન્દ્રો અને બંદરો વચ્ચે જોડાણ મજબૂત થશે, પરિવહન ખર્ચ ઘટશે અને મુંબઈ રેલવે નેટવર્ક પરનું ભારણ ઘટશે. આ સાથે સમગ્ર DFC તેની પૂર્ણ લંબાઈમાં કાર્યરત બન્યું છે, જેનાથી માલ પરિવહનનો સમય ઘટશે અને પુરવઠા વ્યવસ્થા મજબૂત બનશે.

વડાપ્રધાને ન્યૂ સાણંદ (ઉત્તર), ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ અને ન્યૂ જેએનપીટીથી ચાર માલગાડીઓને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું, સાથે ટાંડા રોડ-વડોદરા-પ્રતાપનગર વચ્ચે નવી પેસેન્જર ટ્રેન શરૂ કરાવી. છોટા ઉદેપુર-ધાર પ્રોજેક્ટ હેઠળ જોબટ-ટાંડા રોડ નવી લાઈન પણ રાષ્ટ્રને સમર્પિત કરાઈ, જેનાથી અલીરાજપુરના અંતરિયાળ આદિવાસી વિસ્તારો રાષ્ટ્રીય નેટવર્ક સાથે જોડાશે.

વધુમાં 329 કિલોમીટરના રૂ. 9,700 કરોડના ત્રણ રેલવે પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરાયું હતું, વડોદરા-રતલામ ત્રીજી-ચોથી લાઈન, મિયાગામ કરજણ-ચોરંડા-માલસર ગેજ રૂપાંતરણ અને વિશ્વામિત્રી-ડભોઈનું દ્વિમીકરણ. તેનાથી મુસાફર-માલ ક્ષમતા વધશે અને ગુજરાત-મધ્યપ્રદેશ વચ્ચેનું જોડાણ મજબૂત થશે.

રૂ. 1,780 કરોડના ત્રણ નેશનલ હાઈવે પ્રોજેક્ટ્સમાં NH-48ના કામરેજ-ચલથાણનું છ માર્ગીયકરણ, વડોદરા-સુરતમાં તાપી-નર્મદા પર મોટા પુલો સહિત વધારાના માળખા અને NH-53 પર આભવા, મિંઢોળા, ખજોદ જંકશન પર સુધારાનો સમાવેશ છે. અંતે ગુજરાત સરકારના રૂ. 2,600 કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કરાયું, જેમાં વુડાનો રિંગ રોડ ફેઝ-2, કડાણા ડેમ ખાતે 110 મેગાવોટનો તરતો સૌર ઊર્જા પ્રોજેક્ટ અને વડોદરા મહાનગરપાલિકાની નવી કચેરીના નિર્માણનો સમાવેશ થાય છે. આ તમામ પ્રોજેક્ટ્સથી રોજગારીની નવી તકો ઉભી થશે, લોજિસ્ટિક્સ ક્ષેત્રને વેગ મળશે, પ્રવાસન અને વેપાર વધશે અને ગુજરાતના વિકાસ મોડેલને રાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂતીથી રજૂ કરશે.



### કોંગ્રેસની સરકારના સમયમાં ફ્રેઈટ કોરિડોરનું એક કિલોમીટરનું પણ કામ થયું નહોતુંઃ અશ્વિની વૈષ્ણવ

વડોદરામાં યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસની સરકારના સમયમાં ફ્રેઈટ કોરિડોરનું એક કિલોમીટરનું પણ કામ થયું નહોતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અનેક મુશ્કેલીઓ દૂર કરવામાં આવી છે અને અનેક રેલવે સેક્શન શરૂ કરવામાં આવ્યા છે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આજે જે રેલવે માળખાકીય સુવિધાઓનું કામ પૂર્ણ થયું છે, તે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી રહ્યું છે. આગામી સમયમાં રેલવે ક્ષેત્રમાં હજુ મોટા પરિવર્તનો જોવા મળશે. દેશભરમાં અનેક નવા રેલવે ટ્રેકનું નિર્માણ થઈ રહ્યું છે.

### હવે દોઢ કલાકમાં વડોદરાથી મુંબઈ પહોંચી જવાશે, મે 2027માં ‘સ્વદેશી’ બુલેટ ટ્રેનની ટ્રાયલ રન!

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે વડોદરામાં એક મોટી જાહેરાત કરતાં જણાવ્યું છે કે સ્વદેશી નિર્મિત બુલેટ ટ્રેનનું ટ્રાયલ રન આગામી વર્ષે મે-જૂન 2027 દરમિયાન શરૂ થશે અને આ સેવા શરૂ થયા બાદ મુસાફરો વડોદરાથી મુંબઈ સુધીનું અંતર માત્ર દોઢ કલાકમાં કાપી શકશે. ગુજરાતના વડોદરામાં આયોજિત ‘નમો ફોર વિકસિત ભારત’ કાર્યક્રમમાં રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ‘આત્મનિર્ભર ભારત’ના વિઝન હેઠળ ભારતમાં જ બની રહેલી પ્રથમ બુલેટ ટ્રેનનો બોડી ફ્રેમ તૈયાર થઈ ગયો છે અને તેને સ્ક્વિઝ ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યો છે. આ ટ્રેન મે કે જૂન 2027 સુધીમાં ટ્રાયલ માટે ટ્રેક પર ઉતરવાની ધારણા છે.

# વડોદરાના નિવૃત્ત કર્મચારીને રૂ.76 લાખ સામે 10 કરોડનો લોભ આપી 70 લાખની છેતરપિંડી

### વીઆઈપી ગ્રુપમાં જોડી 10000નું રોકાણ કરાવ્યું, ઓનલાઈન 10 કરોડ બેલેન્સ બતાવ્યું

**વડોદરા**

ઓનલાઈન ઠગાઈના કેસોમાં રોકાણના નામે સૌથી વધુ છેતરપિંડીના બનાવો બનતા હોવા છતાં ઠગો આસાનીથી ફાવી રહ્યા છે. શહેરમાં સતત આવી ઘટનાઓ બની રહી છે છતાં લોકો લોભમાં ફસાઈ રહ્યા છે. વડોદરાના વધુ એક રોકાણકારે આવી રીતે 70 લાખ ગુમાવી દીધા છે.

ગોત્રી વિસ્તારના તીર્થ ડુપ્લેક્સમાં રહેતા અને ખાનગી કંપનીમાંથી નિવૃત્ત થયેલા નંદકિશોર અગ્રવાલે પોલીસને કહ્યું છે કે ગઈ 14મી જુલાઈએ મને એક વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યો હતો, જેમાં રોકાણને લગતી ટિપ્સ અપાતી હતી. ત્યારબાદ ત્રણ દિવસમાં મને વીઆઈપી ગ્રુપમાં એડ કરાયો હતો જેમાં રજીસ્ટ્રેશન કરાવવાનું હતું. પછી અન્ય એક ગ્રુપમાં જોઈન્ટ કરાયો હતો અને રોકાણ માટે લોભામણી સ્કીમ બતાવાતી હતી. મેં 10000નું રોકાણ કર્યું હતું અને શંકા જતા રકમ ફરી ઉપાડી લીધી હતી. રોકાણ કરાવનાર ઠગોએ મને સેબીના ડોક્યુમેન્ટ બતાવ્યા હતા જેથી વિશ્વાસ બેસતા તબક્કાવાર કુલ 76 લાખનું રોકાણ કર્યું હતું. જેની સામે મને 6 લાખ પરત મળ્યા હતા. મારી રોકાણ કરેલી રકમ સામે મારા ઓનલાઈન એકાઉન્ટમાં 10 કરોડથી વધુ બેલેન્સ દેખાતું હતું. પરંતુ આ રકમ ઉપાડી શકાતી ન હતી, જેથી શંકા જતા સાયબર સેલને જાણ કરી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે અને લોકોને આવી લોભામણી સ્કીમથી બચવા અપીલ કરી છે સતર્ક રહેવા જણાવ્યું છે.

# સુરતના યુવકને અમેરિકામાં ડ્રગ્સ કેસમાં 54 મહિનાની જેલની સજા

**સુરત**

સુરતમાં કામકાજ ધરાવતા ભાવેશ લાઠિયા નામના ગુજરાતીને અમેરિકાની કોર્ટે ડ્રગ્સ કેસમાં 54 મહિનાની જેલની સજા ફટકારી છે. ભાવેશ પર ફેન્ટેનિલ નામનો નશીલો પદાર્થ બનાવવા વપરાતા કેમિકલ્સને અમેરિકામાં સ્મગ્લિંગ કરી ડિસ્ટ્રિબ્યૂટ કરવાનો આરોપ હતો. ભાવેશ સુરતમાં રેક્સટર કેમિકલ્સ નામની કંપની ચલાવે છે, કંપનીએ અમેરિકામાં ફેન્ટેનિલ બનાવવા 50 પાઉન્ડ કેમિકલનું સ્મગ્લિંગ કર્યું હતું.

ભાવેશની જાન્યુઆરી 2025માં ધરપકડ કરાઈ હતી. એપ્રિલ 2026માં તેણે ગુનો કબૂલી લીધો હતો. જેલની સાથે 24,560 ડોલરનો દંડ પણ ભરવો પડશે. ભાવેશ આમ તો ઈન્ડિયાથી ઓપરેટ કરતો હતો, પરંતુ તેને કઈ રીતે અમેરિકા બોલાવી પકડવામાં આવ્યો તેનો ઘટનાક્રમ રસપ્રદ છે. જસ્ટિસ ડિપાર્ટમેન્ટ મુજબ ભાવેશ જાણતો હતો કે તે અમેરિકામાં જે કેમિકલ સપ્લાય કરે છે તેનો ઉપયોગ ફેન્ટેનિલ જેવું સિન્થેટિક ડ્રગ બનાવવા થશે. ફેન્ટેનિલના ઓવરડોઝથી અમેરિકામાં દર વર્ષે હજારોના મોત થાય છે અને ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને ડિસ્ટ્રિબ્યૂશન રોકવા કડક કાર્યવાહી હાથ ધરી છે, કાચો માલ ક્યાંથી આવે છે તેની તપાસમાં ભાવેશની કંપનીનું નામ ખૂલ્યું હતું.

# બિલ્ડર પાસે 15 લાખ માગવા બદલ સુરત પોલીસે એક્સટોર્શન કેસમાં ચારને પકડ્યા

### 14 ગુનામાં સામેલ હિસ્ટ્રીશીટરની પાસા હેઠળ અટકાયત કરાઈ હતી

**સુરત**

સુરતના લિંબાયતમાં હિસ્ટ્રીશીટર સાગર સોનાવણે ઉર્ફે મણિયો ડુક્કર અને ત્રણ અજાણ્યા માણસોએ પ્રોપર્ટી ડીલરને ધમકી આપી હુમલો કરી બાંધકામ ચાલુ રાખવા 15 લાખની માંગણી કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

ફરિયાદ મુજબ ઘટના 18 ઓગસ્ટના રોજ દ્વારકેશનગર સોસાયટીમાં બની હતી, જ્યાં ફરિયાદી રાજેશ ચૌરસિયા ફ્લેટ બનાવી રહ્યા હતા. ચૌરસિયાએ પોલીસને જણાવ્યું હતું કે ચાર માણસો સવારે 11 વાગ્યાની આસપાસ સ્થળ પર પહોંચ્યા હતા, કામદારો સાથે ગેરવર્તન કર્યું હતું અને માલિકને નહીં બોલાવે તો મારી નાખવાની ધમકી આપી હતી. બપોરે 12.30 વાગ્યે પાછા ફરતા ચૌરસિયાએ સોનાવણેને ઓળખી કાઢ્યો હતો. સોનાવણેએ 15 લાખની માંગણી કરી કહ્યું ચૂકવણી પછી જ બાંધકામ ચાલુ રાખી શકાશે. ઈનકાર કરતા આરોપીએ હુમલો કરી છરીથી ધમકી આપી હતી. ડરથી ચૌરસિયાએ 10,000 આપ્યા હતા, બાકી પૈસા પછીથી આપવા કહ્યું હતું. અગાઉ જાણ કરી ન હતી, પરંતુ આરોપી જય દલાલની હત્યામાં સંડોવાયેલો હોવાની જાણ થતા ફરિયાદ કરી હતી. સોનાવણે સામે 14થી વધુ ગુના નોંધાયેલા છે.

# સુરતના સારોલીમાં શ્યામ સંગીની માર્કેટમાં ભીષણ આગ 17થી વધુ દુકાનો બળી ખાક

### 10 કલાક બાદ કાબુમાં આવેલી આગ ફરી ભભૂકી, એક જવાન ઈજાગ્રસ્ત

**સુરત**

સારોલીમાં શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટમાં મધરાતે 12.12 વાગ્યે વિકરાળ આગ ફાટી હતી. છઠ્ઠા માળેથી શરૂ થયેલી આગ પાંચમા અને ચોથા માળે પ્રસરી હતી. બ્રિગેડ કોલ જાહેર કરાયો હતો, 25 ફાયર ટેન્ડર, ટર્ન ટેબલ લેડર અને હાઈડ્રોલિક પ્લેટફોર્મ સાથે 150થી વધુ જવાનો દોડ્યા હતા, 17થી વધુ દુકાનો બળીને ખાક થઈ હતી.

આગ બુઝાવવામાં ફાયર બ્રિગેડને ભારે મુશ્કેલી પડી હતી. સિન્થેટિક કાપડ અને સાડીઓનો મોટો જથ્થો પ્લાસ્ટિકની જેમ પ્રજ્વલિત થઈ ભારે કાળો ધુમાડો ફેલાયો હતો. રાત્રે વિઝિબિલિટી શૂન્ય થતા અંદર પ્રવેશવું અશક્ય બન્યું હતું, જેથી ટીમે બ્રીથિંગ એપેરેટસ સેટ અને લાઈટ માસ્ટનો ઉપયોગ કરી પ્રવેશ કર્યો હતો. 10 કલાકની મહેનત બાદ આગ કાબુમાં આવી હતી, પરંતુ હીટ ટ્રાન્સફર અને કેમિકલ રિએક્શનથી ફરી ભભૂકી ઉઠી હતી, એક જવાન ઈજાગ્રસ્ત થયો હતો. ફાયર ઓફિસર હિતેશ ઠાકોરે જણાવ્યું કે છઠ્ઠા માળે સાડીઓનું મટીરીયલ પેટ્રોકેમિકલ્સ હોવાથી ફ્યુઅલ તરીકે વર્તી રહ્યું હતું. હીટ અને ચેઈન રિએક્શનથી ગરમી ટ્રાન્સફર થતા આગ વારંવાર ભભૂકી હતી. ચીફ ઓફિસર બસંત પરીખની દેખરેખ હેઠળ કૂલિંગ કરાઈ હતી.

# ગુજરાતીઓએ 1 મહિનામાં 5.33 કરોડથી વધુનો દંડ ભર્યો

## રાજ્યવ્યાપી ડ્રાઇવમાં ટ્રાફિક નિયમભંગના 74,242 કેસ નોંધાયા હતા, ગેરકાયદે પાર્કિંગ કરનારા વાહનો સામે 5,078 કેસ દાખલ કરાયા

**ગાંધીનગર**

ગુજરાત પોલીસની રાજ્યવ્યાપી ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત ઑગસ્ટ મહિનામાં રોંગ સાઈડ ડ્રાઈવિંગ અને ઓવર સ્પીડિંગના 74,242 કેસો નોંધાયા છે, ત્યારે ગુજરાતીઓએ 1 મહિનામાં 5.33 કરોડથી વધુનો દંડ ભર્યો છે તો બીજી તરફ રાજ્યના પોલીસ વડાએ 01 સપ્ટેમ્બરથી 14 ઑક્ટોબર 2026 સુધી નંબર પ્લેટ વગરના તથા ચેડાં કરેલી/અયોગ્ય નંબર પ્લેટવાળા વાહનો સામે રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરી કડક કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે.



રાજ્યભરમાં 'રોંગ સાઈડ ડ્રાઈવિંગ' અને 'ઓવર સ્પીડિંગ' જેવા જીવલેણ ટ્રાફિક નિયમભંગ સામે 01 ઑગસ્ટથી 31 ઑગસ્ટ, 2026 દરમિયાન વિશેષ કડક ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જેમાં રોંગ સાઈડ ડ્રાઈવિંગના 36,159 કેસો નોંધી કુલ રૂ.3,64,52,000 અને ઓવર સ્પીડિંગના 38,083 કેસો નોંધી કુલ રૂ.1,69,26,900નો દંડ વસૂલવામાં આવ્યો છે.

આ ઉપરાંત, હાઈવે તથા મુખ્ય માર્ગો પર અડચણરૂપ પાર્કિંગના કારણે સર્જાતા અકસ્માતો રોકવા માટે નેશનલ હાઈવે પર ગેરકાયદે પાર્કિંગના 10,408 કેસ તથા સ્ટેટ હાઈવે તેમજ અન્ય માર્ગો પર ગેરકાયદે પાર્કિંગના 20,813 કેસ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ટ્રાફિક અવરોધતા વાહનો સામે 5,078 કેસ કરી 580 વાહનો સામે સીધી કાર્યવાહી કરવામાં આવી છે.

બીજી તરફ, રાજ્યમાં ગુનાખોરી નિયંત્રણ, વાહન ચોરી અટકાવવા અને કાયદો-વ્યવસ્થા સુદૃઢ કરવા વાહનની સચોટ ઓળખ અનિવાર્ય છે. કેટલાક વાહનચાલકો દ્વારા નંબર પ્લેટ વગર વાહન ચલાવવું, નંબર પ્લેટ વાળી દેવી, અયોગ્ય ફોન્ટ કે લખાણ લખવું અથવા નંબર પ્લેટ સાથે ચેડાં કરવાનું ગંભીર વલણ જોવા મળે છે. જેને ધ્યાનમાં રાખીને રાજ્યના પોલીસ વડાના આદેશથી સમગ્ર રાજ્યમાં 01 સપ્ટેમ્બરથી 14 ઑક્ટોબર સુધી વિશેષ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે.

# નેપાળમાં ગુમ ગુજરાતીઓની ઓળખ માટે 29 પરિવારના DNA સેમ્પલ લેવાયા

**ગાંધીનગર**

નેપાળમાં આવેલા ભયાનક પૂરમાં ગૂમ થયેલા ગુજરાતનાં વતનીઓ અને બિન-નિવાસી ગુજરાતીઓને શોધવા માટે રાજ્ય સરકારે શરૂ કરેલી ડીએનએ સેમ્પલ એકત્રિત કરવાની કામગિરી પુરી થવા આવી છે. કુલ 30 લોકો નેપાળમાં પૂર પછી સંપર્ક વિહોણા છે. આ 30 લોકોમાંથી 29નાં પરિવારજનોના DNA સેમ્પલ એકત્ર કરવાની પ્રક્રિયા ગુજરાત સરકારે પૂર્ણ કરી છે. બાકી રહેલા એક કેસમાં પણ પ્રક્રિયા ચાલી રહી છે. વિનાશક પૂરમાં મૃત્યુ પામેલા લોકોના મળી આવેલા મૃતદેહો અને માનવ અવશેષોની ઓળખ કરી શકાય તે માટે એકત્રિત કરવામાં આવેલા DNA સેમ્પલનું પ્રોફાઈલિંગ કરવામાં આવી રહ્યું છે.

સીએમ ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ ગુમ થયેલા ગુજરાતનાં વતનીઓ તેમજ વિદેશમાં સ્થાયી થયેલા ગુજરાતીઓની પડખે ઉભી છે અને તેમના પરિવારજનો અને સગાસંબંધીઓને તમામ સહાય અને સહકાર મળી રહે તે સુનિશ્ચિત કર્યું છે. વહીવટ વિભાગના NRI ડિવિઝન હેઠળ કાર્યરત ગુજરાત સ્ટેટ નોન-રેસિડન્ટ ગુજરાતીઝ ફાઉન્ડેશન દ્વારા DNA સેમ્પલ એકત્ર કરવાની સમગ્ર પ્રક્રિયાનું સંકલન કરવામાં આવી રહ્યું છે.

# ગુજરાતમાં પ્રેમલગ્ન નોંધણી વિવાદ ફરી સળગ્યો સરકારે અનેક સમાજને કોણીએ ગોળ ચોંટાડ્યો

## સરકારે પાટીદારો જ નહીં, પણ અન્ય સમાજ સાથે વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ

**ગાંધીનગર**

ગુજરાતમાં લાંબા સમયથી ચર્ચાસ્પદ બનેલા ભાગેડુ લગ્ન પ્રથા અને પ્રેમલગ્નની નોંધણીના કાયદામાં સુધારો લાવવાના મુદ્દે સરકારની ઉદાસીનતા સામે પાટીદારો સહિત સામાજિક સંગઠનો રોષે ભરાયાં છે. ફેબ્રુઆરી 2026માં વિધાનસભા સત્ર દરમિયાન સરકારે વચન આપ્યું તે વાતને આજે છ મહિના જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં પણ હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ શકી નથી. મહત્ત્વની વાત એ છે કે, ગુજરાત વિધાનસભાના ત્રિદિવસીય ચોમાસું સત્રમાં પણ સરકાર આ મુદ્દે કોઈ કાયદાકીય પ્રક્રિયા હાથ ધરી નથી, પરિણામે આ વિવાદ વધુ વકર્યો છે.

પાટીદાર સહિત અન્ય સામાજિક સંગઠનોની માગ છે કે, પરિવાર કે માતા-પિતાની મંજૂરી વિના ભાગીને થતા લગ્નના કારણે અનેક પરિવારો બરબાદ થઈ રહ્યા છે. પ્રેમલગ્નની સત્તાવાર નોંધણી પ્રક્રિયામાં માતા-પિતા અથવા સ્થાનિક સાક્ષીઓની લેખિત સંમતિ ફરજિયાત કરવામાં આવે. ખોટી રીતે કે દબાણપૂર્વક યુવતીઓને ફોસલાવીને લગ્ન કરનારા તત્ત્વો સામે કડક પોલીસ ફરિયાદ દાખલ કરવાની સત્તા મળે. સ્થાનિક સ્તરે ચકાસણીય લગ્નની નોંધણી માત્ર કાગળ પર ન થતાં, સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તેની યોગ્ય ખરાઈ કરવામાં આવે. આ મુદ્દે વિવાદ વકરતાં ડિસેમ્બર 2025માં ગાંધીનગર ખાતે પાટીદાર સહિત અન્ય સમાજના નેતા-આગેવાનો અને સરકારના ઉચ્ચ મંત્રીઓ વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

# ગુજરાત કોંગ્રેસના ઈન્ચાર્જ બાદ બે સહપ્રભારીની પણ વિદાય નક્કી, હાઈકમાન્ડ એક્શન મોડમાં

## સહ-પ્રભારીઓ પર લટકતી તલવાર, બપોરે આવી સાંજે જતાં રહેવું વાસનિકને ભારે પડ્યું

**ગાંધીનગર**

ગુજરાત કોંગ્રેસને પુનઃ જીવિત કરવા માટે દિલ્હી હાઈકમાન્ડ પૂર્ણપણે સક્રિય થઈ ગયું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતૃત્વએ નિષ્ક્રિયતાના આક્ષેપો વચ્ચે પ્રભારી મુકુલ વાસનિકને પદ પરથી હટાવી દીધા છે અને તેમના સ્થાને યુવા નેતા રણદીપ સિંહ સુરજેવાલાની નિયુક્તિ કરી દીધી છે. દિલ્હીમાં નવા પ્રભારી સાથે બેઠકોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. મુકુલ વાસનિકની વિદાય બાદ હવે ગુજરાત કોંગ્રેસના બે સહ-પ્રભારીઓને



પણ સંગઠનમાંથી મુક્ત કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. નવા સહ-પ્રભારીઓની નિમણૂક કર્યા બાદ પ્રદેશ કોંગ્રેસના સમગ્ર માળખાને નવો ઓપ આપવાની તૈયારીઓ ચાલી રહી છે. પૂર્વ પ્રભારી મુકુલ વાસનિકની કામ કરવાની શૈલીથી કોંગ્રેસ હાઈકમાન્ડ અને ખાસ કરીને રાહુલ ગાંધી ભારે નારાજ હતા. વાસનિક માત્ર ટૂંકી મુલાકાતો માટે જ ગુજરાત આવતા હતા, જેમાં બપોરે 2 વાગ્યાની ફ્લાઈટમાં અમદાવાદ આવવું અને સાંજે 7 વાગ્યાની ફ્લાઈટમાં દિલ્હી પરત ફરી જવું જેવી નીતિ તેમણે અપનાવી હતી.

તેમની આ નીતિને કારણે ગ્રાઉન્ડ લેવલ પર પાર્ટીનું સંગઠન સાવ તૂટી ગયું હતું. રાહુલ ગાંધીની 'ભારત જોડો ન્યાય યાત્રા' દરમિયાન ગુજરાતમાં જે સાનુકૂળ માહોલ બન્યો હતો, તેને સ્થાનિક નેતાઓની નિષ્ક્રિયતાએ ઠંડો પાડી દીધો હતો.

# વેજલપુરમાં યુવતીએ પ્રેમસંબંધ તોડતા યુવકે ધમકી આપી, સગાઈ પણ તોડાવી

**અમદાવાદ**

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં પ્રેમીની નશાની ટેવથી કંટાળી યુવતીએ સંબંધ તોડતા યુવકે અદાવત રાખી હેરાન કરી ધમકીઓ આપી હતી. યુવકે યુવતીની અન્ય યુવક સાથેની સગાઈ તોડાવી ભાઈઓને ખોટા કેસમાં ફસાવી ઉપાડી જવાની ધમકી આપી હતી, પીડિતાએ વેજલપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ હરેશ પુરબિયા સાથે એક વર્ષ અગાઉ પ્રેમસંબંધ બંધાયો હતો. નશાની આદતની જાણ થતા યુવતીએ લગ્નનો ઈનકાર કરી સંબંધ તોડ્યો હતો. ખાર રાખી હરેશે પીછો કરી હેરાન કરવાનું શરૂ કર્યું હતું, ગાળો બોલી ઝપાઝપી કરી લગ્ન માટે દબાણ કરતો હતો. અન્ય જગ્યાએ સગાઈ નક્કી થતા આરોપીએ ત્યાં પહોંચી જૂના સંબંધોની વાત કરી સગાઈ તોડાવી હતી.

26મી જુલાઈએ આરોપી હરેશે યુવતીના પિતાના મોબાઈલ પર ફોન કર્યો હતો, ફોન યુવતીએ ઉપાડતા ધમકી આપી કે ભાઈઓને કેસમાં ફસાવ્યા છે અને બીજે સગાઈ કરશે તો તોડાવી નાખશે. ઉપાડી જવાની અને ભાઈઓને ફરી ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી ગાળો બોલી હતી. ત્રાસથી કંટાળી પરિવારને જણાવતા પરિવારના સાથથી ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# વંદે માતરમ્ વિવાદ અંગે ઈમરાન ખેડાવાલાએ આપ્યો જવાબ, ભાજપે ગણાવ્યું દેશનું અપમાન

## પ્રજા આનો જવાબ માંગી રહી છે, ધારાસભ્યએ દેશની માફી માંગવી જોઇએ

**ગાંધીનગર**

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રની શરૂઆતમાં જ એક નવો વિવાદ સામે આવ્યો છે. કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પર 'વંદે માતરમ્'નું અપમાન કરવાનો ગંભીર આરોપ લાગ્યો છે. આ મામલે ઈમરાન ખેડાવાલાએ કહ્યું કે હું 'વંદે માતરમ્'ના ગાન સમયે માનપૂર્વક ઊભો હતો અને પછી જેટલી કડીઓ જરૂરી હતી તે દરમિયાન હું ઊભો રહ્યો અને પછી હું બેસી ગયો. આ મારો અંગત મંતવ્ય છે. અમારામાં ખુદાની જ ઈબાદત કરવાનો હુકમ છે. ભાજપના આરોપ મુજબ, આજે સત્રની શરૂઆતમાં જ્યારે 'વંદે માતરમ્'ની ધૂન વાગી ત્યારે જમાલપુર-ખાડિયાના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પોતાની જગ્યા પર ઊભા થયા અને તરત જ પાછા બેસી ગયા હતા. ભાજપે આ ઘટનાને રાષ્ટ્રીય ગીતનું સીધું અપમાન ગણાવ્યું છે. ભાજપે જણાવ્યું હતું કે, "આ એક મોટું અપમાન છે અને અમે કોંગ્રેસ પાર્ટી પાસે તેનો જવાબ માંગીએ છીએ. કોંગ્રેસે સ્પષ્ટ કરવું જોઈએ કે 'વંદે માતરમ્' વખતે બેસી જવું એ ઈમરાન ખેડાવાલાનું વ્યક્તિગત વલણ છે કે પછી પાર્ટીનું સ્ટેન્ડ છે?" પાર્ટીએ વધુમાં કહ્યું કે પ્રજા પણ આનો જવાબ માંગી રહી છે અને ધારાસભ્યએ તાત્કાલિક દેશની માફી માંગવી જોઈએ.

# અમદાવાદમાં નિવૃત્ત આર્મીમેનને FB પર જાહેરાતથી ફસાવી 46 લાખની છેતરપિંડી

## 3.5 લાખની લાલચે સત્યાકુમારે વેબસાઇટ પર રજીસ્ટ્રેશન કરાવ્યું

**અમદાવાદ**

અમદાવાદમાં લશ્કરી ઈજનેરી સેવામાં ઈલેક્ટ્રિશિયન તરીકે ફરજ બજાવતા 48 વર્ષીય નિવૃત્ત આર્મીમેન જનકસિંહ ઝાલા સાથે 46,92,621.80ની છેતરપિંડી થઈ હતી. ફેસબુક પર 22,000ના રોકાણ સામે દર મહિને 3,50,000ની આવકની લાલચ અપાઈ હતી.

જાહેરાત પર ક્લિક કરી વિગતો ભરતા ગઠિયાઓએ જાળમાં ફસાવ્યા હતા. સત્યાકુમાર, નાદીર અને સબુર નામના શખ્સોએ ફોન કરી પોતાને નિષ્ણાત એકાઉન્ટ મેનેજર ગણાવી bxbmarkets.com બોગસ વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. સોનું, ચાંદી અને ક્રૂડ ઓઈલમાં ટ્રેડિંગની ટીપ્સ આપી વિશ્વાસ કેળવ્યો હતો, ખોટો નફો બતાવી યુપીઆઈ અને આરટીજીએસથી અલગ ખાતાઓમાં કુલ 70,82,571.80 ટ્રાન્સફર કરાવ્યા હતા. રકમ એકઠી થયા બાદ વેબસાઈટ પર નુકસાન દર્શાવવાનું શરૂ કરાયું હતું. નાણાં પાછા માંગતા આરોપીઓએ માત્ર 23,89,950 પરત કર્યા અને 46,92,621.80 આપવાનો ઈનકાર કર્યો હતો. વધુ રોકાણ કરશો તો જ નાણાં મળશે કહેતા છેતરપિંડી જાણી 1930 હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી છે, પોલીસે તપાસ હાથ ધરી છે.

### અમદાવાદ-વડોદરામાં ત્રણ ઘટનામાં ત્રણ મોતથી સંબંધો પણ મરી ગયા

# સરખેજમાં પિતા-પુત્રએ પુત્રીને અને કલોલમાં USથી આવેલા પુત્રએ પિતાને મોતને ઘાટ ઉતાર્યા

## સરખેજમાં બનેલી સમગ્ર ઘટનાને હીટ એન્ડ રનમાં ખપાવવાની કોશિશ કરાઇ

**અમદાવાદ**

અમદાવાદ અને વડોદરામાં બનેલી ત્રણ અલગ અલગ ઘટનામાં ત્રણ જણાના મોત સાથે લોહીના સંબંધોના પણ મોત નીપજ્યા હોય તેવું લાગી રહ્યું છે. શહેરના સરખેજ વિસ્તારમાં રહેતી 22 વર્ષીય સોફિયા ફારૂકની હત્યા કથિત રીતે પિતા અને પુત્રએ કરી હતી, કલોલમાં અમેરિકાથી આવેલા દીકરાએ પિતાને મોતને ઘાટ ઉતાર્યો હતો અને વડોદરામાં પિતાએ શંકાને કારણે ત્રણ મહિનાના પુત્રને કૂવામાં ફેંકી દીધાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી.

મળતી વિગતો મુજબ સરખેજમાં સોફિયાના પિતા મોહંમદ ફારૂક નવાબખાન 56 અને તેનો પુત્ર હાબિલ ફારૂક 38 સોફિયાથી નારાજ હતા. સોફિયાનો એક યુવક સાથેનો વીડિયો વાયરલ થયો હતો. અહેવાલ મુજબ ત્યારબાદ બંને પિતા પુત્ર યુવતીના અન્ય છોકરાઓ સાથેની વાતચીતનો વિરોધ કરતા હતા. બંનેએ તેને મારી નાખવાનો પ્લાન બનાવ્યો હતો અને ઘેલજીપુરા ગામ નજીકની અવાવરું જગ્યાએ લઈ જઈ મારી નાખી હતી અને સમગ્ર ઘટનાને હીટ એન્ડ રનમાં ખપાવવાની કોશિશ કરી હતી.

પોલીસ આ કેસમાં વધુ તપાસ કરી રહી છે. બીજી તરફ અમેરિકાથી 6 મહિના પહેલા આવેલો કલ્પેશ પ્રજાપતિ 40 માતા સાથે રહેતો હતો. તેના પિતા 16 વર્ષથી અલગ રહેતા હતા. ઘટનાના દિવસે પિતાએ માતા સાથે ઝઘડો કરી કથિત રીતે માર માર્યો હતો અને પૈસા માંગ્યા હતા. આ મામલે કલ્પેશ પહેલીવાર પિતા પાસે ગયો અને પાછો આવ્યો હતો. તે ફરી ગયો અને લાકડીથી પિતા પર હુમલો કર્યો હતો, જેમાં પિતાનું મોત નીપજ્યું હતું.



જ્યારે મહીસાગર પોલીસે આશિષ ભુરિયા નામના યુવકની ધરપકડ કરી હતી, જેણે પોતાના 3 મહિનાના પુત્રને કૂવામાં ફેંકી દીધો હતો. આશિષને શંકા હતી કે બાળક તેનું નથી અને આ મામલે તે પત્ની સાથે ઝઘડા કરતો હતો.

# અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાની તૈયારીઓ શરૂ, સમીક્ષા બેઠક યોજાઇ

## પ્રેઝન્ટેશન રજૂ કરી, કામગીરીની માહિતી અપાઈ

**પાલનપુર**

ગુજરાતના વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે તા. 20 સપ્ટેમ્બરથી તા. 26 સપ્ટેમ્બર, 2026 દરમિયાન યોજાનાર ભાદરવી પૂનમના મહામેળાની તૈયારીઓને લઈને જિલ્લા કલેક્ટર કચેરી પાલનપુર ખાતે જિલ્લા કલેક્ટર મિહિર પટેલની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન મહામેળા માટે રચવામાં આવેલી વિવિધ સમિતિઓના અધ્યક્ષો દ્વારા મેળા દરમિયાન ભાવિક ભક્તોને ઉપલબ્ધ કરાવવામાં આવનાર વિવિધ સુવિધાઓ અને વ્યવસ્થાઓ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી પોતાની કામગીરીની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

મોટી સંખ્યામાં ભાવિક ભક્તો અંબાજી ખાતે દર્શનાર્થે તથા આશીર્વાદ લેવા આવનાર હોવાથી તેમની સુવિધા અને સુરક્ષાને પ્રાથમિકતા આપીને વિવિધ વ્યવસ્થાઓ અંગે બેઠકમાં વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત ટ્રાફિક વ્યવસ્થા,



આરોગ્ય, સ્વચ્છતા સહિતની બાબતો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટર મિહિર પટેલે ભાદરવી પૂનમ મહામેળો સુચારૂ અને સફળતાપૂર્વક સંપન્ન થાય તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ભક્તોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે તમામ વ્યવસ્થાઓ સુદ્રઢ અને સુવ્યવસ્થિત રાખવા સૂચના આપી હતી. સાથે જ મેળામાં આવનાર ભાવિક ભક્તોને શ્રદ્ધા અને ભક્તિપૂર્ણ વાતાવરણમાં સુખદ અનુભવ મળી રહે તે માટે તમામ વિભાગોએ પરસ્પર સંકલન અને સહકાર સાથે કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનિયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By Sabir Daroga Mevada Piyush Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# લોધિકા સંઘની ચૂંટણીમાં બળવાખોર ઉમેદવારોની ભવ્ય જીત

## 10 બેઠકો બિનહરીફ થયા બાદ બાકીની 5 બેઠકો પર ખેલાયેલા જંગમાં મેન્ડેટ વિરુદ્ધ દાવેદારી કરનારા જીતી જતાં શિસ્તના ધજાગરા

**રાજકોટ**

રાજકોટ લોધિકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં ભાજપ સામે જ ભાજપના નેતાઓએ બળવો કરીને પક્ષીય વ્હિપના ધજાગરા ઉડાવી દીધા છે. ગાંધીનગરથી દિલ્હી હાઈકમાન્ડ સુધી ભારે લોબિંગ અને જિલ્લા ભાજપ સંગઠનના તમામ પ્રયાસો છતાં બળવો શમ્યો ન હતો. ભાજપના બે દિગ્ગજ નેતાઓ જયેશ રાદડિયા અને પ્રશાંત કોરાટના જૂથો સામસામે આવતા વર્ચસ્વની આ લડાઈમાં આખરે રાદડિયા જૂથનો જંગી દબદબો સાબિત થયો છે. પરિણામો સ્પષ્ટ દર્શાવે છે કે પાંચમાંથી ત્રણ બેઠકો પર વ્હિપનો ખુલ્લેઆમ અનાદર કરવામાં આવ્યો છે. સ્થાનિક નેતાગીરી તેમજ સંઘ પર પ્રભુત્વ મેળવવાની આ લડાઈમાં પ્રદેશ નેતૃત્વનું નુકસાન નિવારણ સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યું છે.

સંઘની 10 બેઠકો અગાઉ જ બિનહરીફ થઈ ચૂકી હતી જ્યારે



બાકીની 5 બેઠકો પર ખરાખરીનો જંગ ખેલાયો હતો. આ પાંચ બેઠકો માટે ભાજપ પ્રદેશ નેતૃત્વ દ્વારા અધિકૃત ઉમેદવારો જાહેર કરીને તમામ સભ્યોને સત્તાવાર જાણ કરાઈ હતી. જો કે મેન્ડેટ અને વ્હિપનો સ્પષ્ટ અનાદર કરીને ચૂંટણી મેદાનમાં ઉતરેલા બળવાખોર ઉમેદવારોએ જંગી જીત મેળવીને પક્ષીય શિસ્ત સામે ઘણા મોટા સવાલો ઊભા કર્યા છે.

માધાપર જૂથ બેઠક પર ભાજપના અધિકૃત ઉમેદવાર પૃથ્વીસિંહ જાડેજા ઘોઘુભા સામે બળવો કરનારા વિજય સખિયાએ જીત હાંસલ કરી છે. ચૂંટણી પૂર્વે સખિયાએ સ્વખર્ચે પોલીસ રક્ષણ માંગ્યું હતું. કુવાડવા જૂથ બેઠક પર પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી સામે વ્હિપ વિરુદ્ધ ઉમેદવારી નોંધાવનાર નીતિન ચોવટિયા વિજેતા બન્યા છે. ત્રંબા જૂથ બેઠક પર ટાઈ પડતા ચિઠ્ઠી ઉપાડવામાં આવી હતી જેમાં નીતિન રામાણી વિજેતા જાહેર થયા હતા. હલેન્ડા બેઠક પર અધિકૃત ઉમેદવાર મહેશ આસોદરિયા પોતાની બેઠક જાળવી રાખવામાં સફળ રહ્યા છે. ખોખડદડ બેઠકમાં રાદડિયા વિરોધી જૂથના બાબુ નસીતે એક મતદારની ગેરહાજરી વચ્ચે જીત નોંધાવતા આગામી ચૂંટણીઓમાં પ્રદેશ નેતૃત્વ માટે મોટો પડકાર સાબિત થશે.

### વરસામેડીમાં 43 વર્ષીય વ્યક્તિની હત્યાનો ભેદ ઉકેલાયો

# પાડોશીએ જ મૃતદેહના ટુકડા કરી તળાવમાં ફેંક્યા, આરોપીની ધરપકડ

**કચ્છ**

કચ્છના અંજાર તાલુકાના વરસામેડી ગામેથી 31મી ઓગસ્ટથી રહસ્યમય સંજોગોમાં ગુમ થયેલા 43 વર્ષીય લખુ હુંબલની હત્યાનો ભેદ અંજાર પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી નાખ્યો છે. પોલીસે ગણતરીના કલાકોમાં કાવતરું ઘડી હત્યા કરનાર શખસની ધરપકડ કરી છે. મૃતક લખુની પત્ની સાથે પાડોશમાં રહેતા દિનેશ ઠાકોરને દોઢ વર્ષથી પ્રેમસંબંધ હતો. શંકા લખુને જતા પોલ ખૂલી જવાના ડરથી આરોપી દિનેશે લખુને પોતાના ઘરે બોલાવ્યો હતો. તકનો લાભ ઉઠાવી માથાના ભાગે લોખંડનો રોડ ઝીંકી હત્યા કરી હતી. પુરાવાનો નાશ કરવા મોબાઈલ ફોન વરસામેડી હાઈવે રોડ પર કાચા રસ્તા પર ફેંકી દીધો હતો, હેક્સો બ્લેડ વડે મૃતદેહના બે ટુકડા કરી પ્લાસ્ટિકના કોથળામાં પેક કરી નજીકના તળાવમાં ફેંકી દીધા હતા. અંજાર પોલીસ અને એલસીબીની ટીમે સઘન તપાસ શરૂ કરી હતી. ટેક્નિકલ સર્વેલન્સ, બાતમીદારો અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે શંકાસ્પદ પાડોશી દિનેશ ઠાકોરની ધરપકડ કરી હતી. પૂછપરછમાં ગુનો કબૂલતા પુરાવાનો નાશ કરવાનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.

# જામનગર ખાતે મારુતિ નગરમાં દારૂ પીને તકરાર કરી દગંલ મચાવતા પતિને પત્નીએ પકડાવી દીધો

## પોલીસે પતિ પાસે દારૂ પીવા અંગેની પરમિટ માગી પણ મળી ન આવતાં કાર્યવાહી કરી

**જામનગર**

જામનગરના મારુતીનગર વિસ્તારમાં દારૂ પી તોફાન કરતા પતિ અંગે પત્નીએ 112માં ફોન કરતાં પોલીસે સ્થળ પર પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસે દારૂ પીધેલી હાલતમાં મળી આવેલા 37 વર્ષીય મુકેશભાઈ દેગામાની ધરપકડ કરી ગુનો નોંધ્યો છે.

ફરિયાદી સુનીતાબેન મુકેશભાઈ દેગામા (ઉ.વ.30)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તા.8 સપ્ટેમ્બરની રાત્રે નવેક વાગ્યાના અરસામાં તેમના



પતિ મુકેશભાઈ દેગામા દારૂ પી તોફાન કરતા હોવાથી તેમણે 112માં ફોન કરી પોલીસ બોલાવી હતી. પોલીસની ગાડી આવતા બંનેને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા. મુકેશભાઈને પંચોની હાજરીમાં તપાસતા તેની જીભ થોથરાતી હતી, મોઢામાંથી કેફી પ્રવાહીની તીવ્ર વાસ આવતી હતી, આંખો નશાથી લાલ હતી તેમજ ચાલતી વખતે શરીરનું સમતોલન જાળવી ન શકતાં લથડિયા ખાતા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પોલીસે દારૂ પીવા અંગે પાસ-પરમીટ માંગતા તેની પાસે પાસ-પરમીટ ન હોવાનું જણાવ્યું હતું. 112ના પોલીસ વાહનના ઈન્ચાર્જ પોલીસ હેડ કોન્સ્ટેબલ તેને રાત્રે સાડા નવ વાગ્યે પોલીસ સ્ટેશન લઈ આવ્યા હતા.

# ગીર સોમનાથમાં જળસંકટના એંધાણ: 24 વર્ષમાં ફરી હિરણ-2 ડેમ ખાલી, ઉદ્યોગોમાં 50% કાપ

## પાણી 31મી ડિસેમ્બર સુધી ચાલશે, ઉદ્યોગોને 50% પાણી કાપની આગોતરી જાણ કરાઈ

**વેરાવળ**

વેરાવળ, પ્રભાસ પાટણ પંથકમાં ઓણ સાલ ધાર્યો વરસાદ ન થતાં આગામી દિવસોમાં ગ્રામ્ય પંથકોમાં પાણીની અછત સર્જાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. પાછોતરો વરસાદ નહીં વરસે તો ખેતી, પશુપાલન ક્ષેત્રે ગંભીર સ્થિતિની ભીતિ સેવાઈ રહી છે.

આજની સ્થિતિએ જોતા હિરણ-1માં 28.65 ટકા, હિરણ-2 ડેમમાં 20.92 ટકા, સિંગોડા ડેમ 36.86 ટકા,



મચ્છુન્દ્રીમાં 47.92 ટકા અને રાવલમાં 96.38 ટકા જળસંગ્રહ રહ્યો છે. જેમાં હિરણ-2 ડેમનું પાણી સંભવતઃ 31મી ડિસેમ્બર સુધી ચાલે તેમ છે. જે માટે તંત્રે ઉદ્યોગો માટે ૫૦ ટકા પાણી કાપની આગોતરી જાણ કરી છે. ઊના-ગીર ગઢડા પાસે આવેલા મચ્છુન્દ્રી અને રાવલ ડેમનું પાણી 31મી જુલાઈ 2027 સુધી ચાલે તેમ છે. હિરણ-1 ડેમ 31મી ડિસેમ્બર 2026 સુધી સંભવતઃ ખેંચી શકે તેમ છે. 1959માં બંધાયેલો કમલેશ્વર ડેમ અત્યાર સુધીમાં 27 વાર ઓવરફ્લો થયો છે, જે ઓણ સાલ છલકાયો નથી. છેલ્લે 2012માં ડેમ છલકાયો ન હતો. એ જ રીતે હિરણ-2 ડેમ 2002/3 અને 2012/13માં ઓવરફ્લો થયો ન હતો, હવે આ વર્ષે પણ એ જ સ્થિતિ છે.

# ભાવનગરના ચિત્રામાં મકાન બાંધકામ મુદ્દે બે પડોશી વચ્ચે લોહિયાળ ધીંગાણું

## જાનથી મારી નાખવાની ધમકી, ઈંટ-ધોકા વડે હુમલો

**ભાવનગર**

ભાવનગરના ચિત્રા સ્થિત ભીમનગરમાં ૬ સપ્ટેમ્બરની સાંજે મકાન બાંધકામની તકરારમાં બે પડોશીઓ વચ્ચે હિંસક અથડામણ થતાં આધેડ-વૃદ્ધ ઈજાગ્રસ્ત થયા હતા. રામદેવનગરના ૫૭ વર્ષીય રમેશભાઈ રાઠોડની ફરિયાદ મુજબ, તેઓ ગિરીશભાઈની સાઈટ ઓફિસે હતા ત્યારે કાળુ જોગદીયાએ ગાળો ભાંડી હતી. રમેશભાઈએ સાઈટ માલિક સાથે વાત કરવાનું કહેતા, કાળુએ ઉશ્કેરાઈને છાતીમાં ઢીકાપાટુનો માર મારી જાનથી મારવાની ધમકી આપી હતી. સામા પક્ષે, જવાહર કોલોનીના ૬૧ વર્ષીય નિવૃત્ત વૃદ્ધ કાળુભાઈ જોગદીયાએ આક્ષેપ કર્યો કે રમેશભાઈએ તેમને બાઈક પરથી પાડી માર માર્યો હતો. ત્યારબાદ રમેશભાઈના પુત્ર યશવંતે ધોકાથી અને રમેશભાઈએ માથામાં ઈંટ વડે હુમલો કરી લોહીલુહાણ કર્યા હતા. જેમાં ગિરીશભાઈએ તેમને ઉશ્કેર્યા હતા. આ ઝઘડામાં કાળુભાઈના મજૂરોના રોકડા રૂ. ૪૬,૦૦૦ અને રિયલમીનો સ્માર્ટફોન ગુમ થયા છે. પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં બે પાડોશીઓ વચ્ચેના ઝઘડામાં પિતા-પુત્રી પર 4 શખ્સોનો હિચકારો હુમલો

## કારના કાચ તોડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા ફરિયાદ

**જામનગર**

જામનગરના બેડેશ્વર વિસ્તારમાં દીકરીને માર મારવા અંગે પૂછવા ગયેલા પિતા પર ચાર શખ્સોએ લાકડાના ધોકાથી હુમલો કરી માથામાં ઈજા પહોંચાડ્યાની અને કારના કાચ તોડી રૂ.૩૦ હજારનું નુકસાન કર્યાની ફરિયાદ સીટી બી ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ છે. ફરિયાદી ગુલામભાઈ કોરેજા (ઉ.વ.૪૦) તા.૭ સપ્ટેમ્બરની સાંજે ઘરે હતા ત્યારે દીકરી મુસ્કાને જણાવ્યું કે પાડોશમાં રહેતા હુસેન છેર, કાદર છેર, નાસીર છેર અને સુલતાન છેરે તેને લાતો મારી હતી. આ અંગે ગુલામભાઈ પૂછવા જતા ચારેય શખ્સોએ ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી હતી. વચ્ચે પડેલા મોટાભાઈ આમીનભાઈની હાજરીમાં હુસેન અથવા કાદરે ગુલામભાઈના માથામાં ધોકો મારતા લોહી નીકળ્યું હતું અને જી.જી. હોસ્પિટલમાં પાંચ ટાંકા આવ્યા હતા. હુમલાખોરોએ પથ્થર અને ધોકા મારી મોટાભાઈની બલેનો તથા ગુલામભાઈની ઈકો કારના કાચ તોડી નાખ્યા હતા. પોલીસ આવતા ફરિયાદ કરશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી ચારેય શખ્સો ફરાર થઈ ગયા હતા. આ બનાવમાં મુસ્કાન અને આમીનભાઈને પણ મૂઢ ઈજાઓ થઈ છે. પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લઠ્ઠાકાંડ બાદ નકલીના ડરે લોકો હવે લીગલ પરમિટ તરફ વળ્યા, મહિલાઓમાં પણ વધારો

## રિન્યુઅલ અને નવી પરમિટ લેનારાની સંખ્યામાં ઊછાળો નોંધાયો

**ભાવનગર**

ભાવનગરમાં ઓગસ્ટ 2026માં થયેલા લઠ્ઠાકાંડ બાદ લોકોમાં અસુરક્ષિત અને ઝેરી દારૂના સેવનથી બચવા માટે કાયદેસરની હેલ્થ પરમિટ તરફ વળવાનો ઝોક વધ્યો હોવાનું આંકડા પણ સાબિતી આપે છે. વર્ષ 2025ના ઓગસ્ટ મહિનામાં કુલ પરમિટધારકોની સંખ્યા 171 હતી, જેમાં 118 પરમિટ ધારકો રિન્યુ કરાવી હતા અને નવા 53 પરમિટ ધારકો ઉમેરાયા હતા. જ્યારે તેની સરખામણીએ વર્ષ 2026ના ઓગસ્ટ મહિનામાં આ સંખ્યા વધીને 323 પર પહોંચી હતી. જેમાં 246 પરમિટ ધારકોએ રિન્યુ કરાવી હતી અને નવા 77 પરમિટ ધારકો ઉમેરાયા હતા. આમ, વર્ષ 2025ના ઓગસ્ટની સરખામણીએ વર્ષ 2026ના ઓગસ્ટમાં નવા પરમિટધારકો તેમજ રિન્યુઅલ કરાવનારાની સંખ્યામાં લગભગ બમણો વધારો નોંધાયો હતો.

વર્ષ 2023થી વર્ષ 2025 દરમિયાન એપ્રિલ મહિનામાં સરેરાશ 200થી 400 પરમિટ ઈશ્યૂ અથવા રિન્યૂ થતી હતી જ્યારે વર્ષ 2026ના એપ્રિલ મહિનામાં આ આંકડો ઘટીને માત્ર 11 થઈ ગયો હતો. લઠ્ઠાકાંડ બાદ ઓગસ્ટ મહિના સુધીમાં રિન્યુઅલ અને નવી પરમિટ લેનારાની સંખ્યામાં ઊછાળો નોંધાયો હતો.

# સ્વદેશ

09

FRIDAY, 11 SEPTEMBER 2026




## સ્ટુડન્ટ ઓફ ધ યર-૩માં શનાયા કપૂર ડબલ રોલમાં


મુંબઈ : કરણ જોહરની 'સ્ટુડન્ટ ઓફ ધ યર'નો ત્રીજો ભાગ ફિલ્મ નહીં પણ ડાર્ક અને બોલ્ડ વેબ સીરિઝ તરીકે દર્શાવવામાં આવશે. સ્ટુડન્ટ ઓફ ધ યર ૩માં શનાયા કપૂર બેવડી ભૂમિકા ભજવતી જોવા મળશે. આ વેબ સિરિઝનું નિર્દેશન રીમા માયા કરી રહી છે. શનાયા અત્યાર સુધીમાં એક્ટિંગ બાબતે કોઈ છાપ છોડવામાં નિષ્ફળ ગઈ છે. આમ છતાં પણ કરણ જોહરે તેને ડબલ રોલ આપવાનું જોખમ ખેડતાં ચાહકોમાં આશ્ચર્ય સર્જાયું છે.૨૦૧૨માં આવેલી પ્રથમ 'સ્ટુડન્ટ ઓફ ધ યર' ફિલ્મ દ્વારા વરૂણ ધવન, આલિયા ભટ્ટ અને સિદ્ધાર્થ મલ્હોત્રાની એન્ટ્રી થઇ હતી. આ ફિલ્મનું નિર્દેશન કરણ જોહરે કર્યું હતું.

## કરીના કપૂર અને સંજય લીલા ભણશાળી વચ્ચેની અંટસ દૂર થઈ



મુંબઈ : મંગળવારે કરીના કપૂર ખાન સંજય લીલા ભણશાળીના ઘરમાં આવેલી તેની ઓફિસમાં જતી હોય તેવા વીડિયો વાઇરલ બનતાં બંને વચ્ચેની પચીસ વર્ષ જૂની દુશ્મની પુરી થઇ રહી હોવાની અટકળો તેજ બની છે. સામાન્ય રીતે પાપારાઝીને પોઝ આપવા માટે જાણીતી કરીના આ વખતે તસવીરકારો માટે અટક્યા વિના જ રવાના થઇ ગઇ હતી. એક અટકળ અનુસાર સંજય લીલા ભણશાળીની ધનુષ સાથેની આગામી ફિલ્મમાં હિરોઇન તરીકે કામ કરવા કરીનાએ સંજય લીલા ભણશાળીનો સંપર્ક કર્યો છે. ૨૦૦૦ની શરૂઆતમાં 'દેવદાસ' ફિલ્મ માટે કરીનાનો સંપર્ક પારોની ભૂમિકા માટે સંજય લીલા ભણશાળીએ કરી તેનો સ્ક્રિન ટેસ્ટ લઇ તેને સાઇનિંગ એમાઉન્ટ પણ આપી દીધી હતી.

## કિંગમાં અભિષેક અને રાણી મુખરજી 20 વર્ષે સ્ક્રીન શેર કરશે



મુંબઈ : શાહરૂખ ખાનની આગામી ફિલ્મ 'કિંગ'માં અભિષેક બચ્ચન અને રાણી મુકર્જીની જોડીએ વીસ વર્ષ બાદ સાથે કામ કર્યું છે. ફિલ્મમાં અભિષેક બચ્ચનની ભૂમિકા ખલનાયકની હોવાનું મનાય છે.

શાહરૂખ ખાનની ફિલ્મ 'કિંગ'નું નિર્દેશન સિદ્ધાર્થ આનંદે કર્યું છે. તેમના નિર્દેશન હેઠળ અભિષેક અને રાણીની જોડી વીસ વર્ષ બાદ સાથે કામ કરી રહી છે. અભિષેક અને રાણી છેલ્લે ૨૦૦૭માં આવેલી ફિલ્મ 'લાગા ચૂનરી મેં દાગ'માં સાથે દેખાયા હતા. ૨૦૦૧માં 'બસ ઇતના સા ખ્વાબ' સાથે જામેલી આ જોડી એ પછી ૨૦૦૪માં 'યુવા' ફિલ્મમાં, ૨૦૦૫માં 'બંટી ઔર બબલી'માં અને ૨૦૦૬માં 'કભી અલવિદા ના કેહના'માં જોવા મળી હતી.

એક સમયે એમ કહેવાતું હતું કે જયા બચ્ચન અભિષેક અને રાણીનાં લગ્ન કરાવવા ઈચ્છતાં હતાં.બોલિવૂડ ફિલ્મો માણો

# હુમા પાસે પરણવાનો સમય નથી



છેલ્લા કેટલાક સમયથી બોલિવુડમાં, સોશિયલ મીડિયા પર અને ફિલ્મી સામયિકો-અખબારોમાં અભિનેત્રી હુમા કુરેશી સતત મથાળાં સર કરી રહી છે - માત્ર પોતાના અભિનય માટે જ નહીં, પરંતુ અંગત જીવન માટે પણ. નિર્માત્રી તરીકેની તેની સૌપ્રથમ ફિલ્મ 'બેબી ડુ ડાય ડુ' થોડા સમય પહેલાં રિલીઝ થઈ. આ મૂવીની રજૂઆત પણ અભિનેત્રી આલિયા ભટ્ટની બિગ બજેટ ફિલ્મ 'આલ્ફા' સાથે થઈ. બંને ફિલ્મો એક જ દિવસે બોક્સ ઓફિસ પર ટકરાવાની હોવાથી હુમાની ફિલ્મ વિશે રિલીઝ પહેલાંથી જ ભારે ચર્ચા ચાલી રહી હતી.

હુમાના અંગત જીવનની વાત કરીએ તો, તેનો અને અભિનેતા તથા એક્ટિંગ કોચ રચિત સિંહનો સંગાથ લોકોની નજરમાં બરાબરનો ચડી ગયો છે. સ્વાભાવિક રીતે જ ચાહકો અને મીડિયાને એ વાતની 'ચિંતા' થવા લાગી છે કે બંને પ્રભુતામાં પગલાં ક્યારે પાડશે? જોકે હુમાને લગ્ન કરવાની જરાય ઉતાવળ નથી. તે સ્પષ્ટતા કરતાં કહે છે, 'મારાં લગ્નને હજુ ઘણી વાર છે. રચિત અને મારી મમ્મી પણ અવારનવાર લગ્ન વિશે પૂછયા કરે છે, પણ મારી પાસે હાલ તેનો કોઈ ચોક્કસ જવાબ નથી. મારા મતે વિવાહ જ્યારે થવાના હશે ત્યારે કુદરતી રીતે થઈ જશે. હમણાં તો મારા હાથમાં પુષ્કળ કામ છે. આ વર્ષ મારા માટે અત્યંત વ્યસ્ત રહ્યું છે અને આગળ પણ રહેવાનું છે, તેથી હાલ મારું સંપૂર્ણ ધ્યાન મારા કામ પર જ કેન્દ્રિત છે.'

મહત્ત્વની વાત એ છે કે હુમાની અભિનેત્રી તરીકેની કરીઅર બરાબર જામી છે ત્યારે જ તેણે ફિલ્મ સર્જન ક્ષેત્રે ઝંપલાવ્યું છે. ઘણાને એમ પણ લાગ્યું હતું કે તેને અત્યારે કેમેરા પાછળ જવાની કોઈ જરૂર નહોતી. જોકે અભિનેત્રી સ્વયં ફિલ્મ નિર્માણ ક્ષેત્રના જોખમોથી સાવ અજાણ નહોતી. તે જણાવે છે, 'સિનેમા સર્જનમાં સિક્કાની એક બાજુ જોખમ રહેલું છે, તો બીજી બાજુ પ્રશંસા અને કંઈક નવું સર્જ્યાનો પરમ આનંદ પણ છે. હું માનું છું કે સર્જનાત્મક ક્ષેત્રે રસ ધરાવતી દરેક વ્યક્તિએ કમસે કમ એકાદ ફિલ્મનું નિર્માણ કરીને ફિલ્મમેકિંગની સમગ્ર જટિલ પ્રક્રિયા સમજવી જોઈએ. એક કલાકાર તરીકે તમે માત્ર કેમેરાની સામે હો છો, જ્યારે ફિલ્મ નિર્માણ વખતે તમારે સિનેમાના પ્રત્યેક ટેકનિકલ અને આથક પાસાં સંભાળવાના હોય છે. નિર્માતા સિનેમાની દરેકે દરેક નાની-મોટી બાબત માટે જવાબદાર હોય છે. કેટલીક વખત ટીમ સાથે સંકળાયેલા અન્ય લોકોનો ક્રોધ કે નખરાં પણ તમારી સમસ્યા બની જાય છે. આમ છતાં, ફિલ્મ નિર્માણ તમને તમારા સમય, નાણાં અને વ્યવસાયનું સાચું મૂલ્ય સમજાવે છે.'

અદાકારા ગર્વથી કહે છે, 'કલાકારો તરીકે હું અને મારો ભાઈ સાકિબ સલીમ કોઈની નકલ નથી કરતાં અને અમને કોઈ રોલ ન મળે તો રોદણાં પણ નથી રોતાં. અમે અમારા માટે જાતે જ નવી તકો ઊભી કરવાનો વિકલ્પ પસંદ કરીએ છીએ. અમારી પ્રોડક્શન કંપની 'સલીમ સિબ્લિંગ્સ' અમારા માટે એક કોટેજ ઇન્ડસ્ટ્રી સમાન છે. અમે આ બેનરના માધ્યમથી સમાન વિચારધારા ધરાવતા સર્જકો સાથે મળીને રસપ્રદ પ્રોજેક્ટ્સ બનાવવા માંગીએ છીએ.

# ટોક્સિક ફ્લોપ જતાં અભિનેતા યશ ભાંગી પડ્યો

કન્નડ સુપરસ્ટાર યશની બહુચર્ચિત ફિલ્મ 'Toxic: A Fairy Tale for Grown-Ups'ને બોક્સ ઓફિસ પર નબળો પ્રતિસાદ મળ્યા બાદ અભિનેતા અંદરથી ખૂબ દુઃખી છે. ફિલ્મની કન્નડ ડબિંગ ટીમનો હિસ્સો રહેલા અને યશના નજીકના મિત્ર કન્નડ એક્ટર જયદેવ મોહને ફિલ્મના ખરાબ પ્રદર્શન પર યશની પ્રતિક્રિયા અને તેમની મનોસ્થિતિ અંગે મોટો ખુલાસો કર્યો છે. જયદેવના જણાવ્યા મુજબ, ફિલ્મ રિલીઝ થયા પછી ફોન પર થયેલી વાતચીત દરમિયાન યશના અવાજમાં દર્દ સાફ છલકાઈ રહ્યું હતું.

આ વિશે મીડિયા સાથે વાતચીત કરતાં જયદેવ મોહને જણાવ્યું હતું કે 26 ઓગસ્ટે ફિલ્મ રિલીઝ થયા બાદ તેઓ યશને રૂબરૂ મળી શક્યા નથી, પરંતુ ફોન પર બે વાર વાતચીત થઈ છે.



યશના શબ્દોને યાદ કરતાં જયદેવે જણાવ્યું હતું કે: "યશે કહ્યું, 'આ વાતને દિલ પર ન લે. જે થઈ ગયું તે થઈ ગયું, ફિલ્મ રિલીઝ થઈ ચૂકી છે. હવે આ નિર્ણય દર્શકો પર છોડી દઈએ. આ તેમની પસંદ છે. આપણે પૂરી લગન અને મહેનતથી ફિલ્મ બનાવી અને દર્શકો સમક્ષ રજૂ કરી દીધી. બસ આટલું જ. આ વિશે વધારે વિચારવાનું બંધ કર અને આગળના પ્રોજેક્ટ્સ માટે તૈયાર થઈ જા. સમજ્યો? જલ્દી મળીએ છીએ.'"

જયદેવે ઉમેર્યું કે યશનો જવાબ અત્યંત માપસરનો અને પ્રોફેશનલ હતો, પરંતુ તેમના શબ્દો પાછળ રહેલા અવાજના ટોનમાં અસહ્ય દર્દ સ્પષ્ટપણે મહેસૂસ થઈ રહ્યું હતું. જયદેવ માટે યશનું આ દુઃખ સમજવું સ્વાભાવિક હતું, કારણ કે તેઓ જાણતા હતા કે યશ આ પ્રોજેક્ટ સાથે કેટલા લાંબા સમયથી જોડાયેલા હતા. તેમણે જણાવ્યું કે આ વાર્તા જ્યારે એક નાનો વિચાર હતો ત્યારથી લઈને છેલ્લા સાડા ચાર વર્ષ દરમિયાન તેના વિવિધ તબક્કાઓમાંથી પસાર થતી તેમણે જોઈ છે. આખી પ્રક્રિયા પાછળ યશનું સંપૂર્ણ સમર્પણ હતું, જેથી આ નિષ્ફળતાથી તેમને ઊંડો આઘાત લાગ્યો છે.

# દીપિકાનું રણવીર -દુઆ સાથે મેટરનિટી ફોટો શૂટ

મુંબઈ : દીપિકા પાદુકોણ અને રણવીરસિંહના જીવનમાં બીજા સંતાનનું આગમન ટૂંક સમયમાં થવાનું છે. આ પ્રસંગે દીપિકાએ બ્લેક એન્ડ વ્હાઇટ ફેમિલી મેટર્નિટી ફોટો શૂટ પતિ રણવીરસિંહ અને પહેલી પુત્રી દુઆ સાથે કરાવી તેને ચાહકો સાથે શેર કર્યું છે. સોશ્યલ મિડિયા પર શેર કરવામાં આવેલી એક તસવીરમાં દુઆ તેના માતાપિતા વચ્ચે ઊભી રહીને મોં છુપાવી રહેલી દેખાય છે. જ્યારે રણવીર અને દીપિકા તેની પાસે બેસીને પોઝ આપી રહ્યા છે. આ તસવીરો જોઇ ચાહકોએ જણાવ્યું હતું કે દુઆ પિતા રણવીર કપૂર પર પડી છે. સામાન્ય રીતે દુઆને મીડિયાથી દૂર રાખવામાં આવે છે. આ બીજી વાર તેમણે પોતાની પુત્રીની તસવીરો રજૂ કરી છે. દુઆનો જન્મ ૮ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ થયો હતો. એ પછી આ વર્ષની શરૂઆતમાં દુઆના હાથમાં પ્રેગનન્સી ટેસ્ટ પોઝિટિવ હોય એવી તસવીર સાથે બીજી ગર્ભાવસ્થાની જાહેરાત કરવામાં આવી હતી.ડિજિટલ કેલેન્ડર ચૂંટો





મીડિયાથી દૂર રાખવામાં આવેલી પહેલી પુત્રી દુઆ ફેમિલી ફોટો શૂટમાં છવાઇ ગઇ








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news


### વિદેશના લોકોને નિશાન બનાવવા ટ્રમ્પ નવો પેંતરો રચવાની ફિરાકમાં

# H-1 Bના ગ્રેસ પિરિયડની નાબૂદી યુએસ માટે જોખમરૂપ

પ્રાંસગિક
ધવલ શુક્લ

અમેરિકા દ્વારા તાજેતરમાં એચ-૧બી વીઝાના નિયમોમાં વધુ એક ફેરફારની હિલચાલ કરાઈ રહી છે. વ્હાઈટ હાઉસ ઑફિસ આફ ઈન્ફોર્મેશન એન્ડ રેગ્યુલેટરી અફેર્સે યુએસ ડિપાર્ટમેન્ટ આફ હોમલેન્ડ સિક્યોરિટી દ્વારા 'એલિમિનેટિંગ ધ ડિસ્ક્રિશનરી ૬૦-ડે ગ્રેસ પિરિયડ' શીર્ષક હેઠળ પ્રસ્તાવિત નિયમની સમીક્ષા કરવામાં આવી છે. આ પ્રક્રિયા બાદ હવે એચ-૧બી વીઝા ધારકોને નોકરી છૂટયા બાદ બીજી નોકરી શોધવા માટે જે ૬૦ દિવસનો ગ્રેસિંગ પિરિયડ આપવામાં આવતો હતોસ તેને દૂર કરવા નિર્ણય થઈ શકે તેમ છે. ખરેખર આ ફેરફાર અમલી થઈ જશે તો અમેરિકામાં ગ્રેસિંગ પિરિયડના કાયદા હેઠળ જ વિદેશોમાંથી આવતા ટેલેન્ટેડ લોકોને અસર થશે. જો કે, બીજી તરફ અમેરિકાના નીતિગત બાબતોના જાણકારો અને ઈમિગ્રેશન પોલિસી સાથે સંકળાયેલા લોકો માને છે કે, હાલમાં યુદ્ધ અને અન્ય કેટલીક બાબતોના પગલે ટ્રમ્પ ભિંસમાં આવી ગયા છે. તેઓ અન્ય કોઈ કામગીરી કરી શકે તેવી સ્થિતિમાં નથી તેથી મેક અમેરિકા ગ્રેટ અગેઈનના બનાવટી નારા સાથે ભારતીયો અને ભારતને ભિંસમાં લેવા ધમપછાડા કરી રહ્યા છે.

૨૦૧૭માં સ્થાપિત નિયમો હેઠળ સ્પેશિયાલિટી વ્યવસાયોમાં એલિજિબલ ગણાતા બિન-ઈમિગ્રન્ટ કામદારો, જેમાં H-1B, H-1B૧, L-1, O-1, TN, E-1, E-2 અને E-3 વિઝા ધારકોનો સમાવેશ થાય છે, તેઓ નોકરી સમાપ્ત થવા પર ૬૦ સળંગ કેલેન્ડર દિવસ સુધીનો (અથવા તેમના રોકાણની માન્ય અવધિ સમાપ્ત થાય ત્યાં સુધી, બેમાંથી જે ઓછું હોય તે) ગ્રેસ પિરિયડ મેળવે છે. આ ૬૦-દિવસની મુદત નોકરીમાંથી છૂટા થયેલા કર્મચારીઓને કેટલીક સવલતો આપતી હતી. ખાસ કરીને H-1B પોર્ટેબિલિટી નિયમો હેઠળ ક્વોલિફાઈંગ H-1B ટ્રાન્સફર પિટિશન ફાઈલ કરવા તૈયાર હોય તેવા નવા એમ્પ્લોયરની શોધ કરવી શકય થતી હતી. તે ઉપરાંત અન્ય વિઝા કેટેગરીમાં સ્ટેટસ બદલવા માટે અરજી કરવીના કિસ્સામાં પણ તે મહત્વનું હતુ. આ સિવાય અંગત બાબતો સમેટી લેવી, મકાનના કરારો (લીઝ) પૂર્ણ કરવા, શાળાએ જતા બાળકોનું સ્થળાંતર કરવું અને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી કાયદેસર રીતે વિદાયની તૈયારી કરવા સમયે તેની ભૂમિકા રહેતી હતી.



તાજેતરનો DHS પ્રસ્તાવ નોકરી પછીના આ ગ્રેસ પિરિયડને સંપૂર્ણપણે દૂર કરવાનો પ્રયાસ કરે છે. પ્રસ્તાવિત માળખા મુજબ જે H-1B ધારકની રોજગારી સમય પહેલાં સમાપ્ત થાય છે, તો તે તેની રોજગારીના છેલ્લા દિવસે જ તાત્કાલિક કાયદેસર દરજ્જામાંથી બહાર થઈ જશે, સિવાય કે યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ વિશેષ રાહત આપે અથવા નોકરી સમાપ્તિ પહેલાં જ કોઈ વૈકલ્પિક પિટિશન ફાઈલ કરવામાં આવી હોય. એવું માનવામાં આવી રહ્યું છે કે, આ નવા ફેરફારને કારણે, અમેરિકામાં રહીને જ નવા ઈન્ટરવ્યૂ આપવા, નોકરી બદલવી કે તેના માટે જરૂરી દસ્તાવેજી કામગીરીઓ પૂરી કરવા માટે જે રાહત અને સમય મળતા હતા તે બધું જ બંધ કરી દેવાયું છે. આ પગલું માત્ર ઈમિગ્રન્ટ્સને ભીંસમાં મુકવા તૈયારી હોવાનું સ્પષ્ટરીતે જણાય રહ્યું છે. અમેરિકા દ્વારા જારી કરાતા વાર્ષિક H-1B વીઝામાંથી મોટાભાગના ભારતીયો અને ચીની નાગરિકો લાભ લઈ જાય છે. ખાસ કરીને એન્જિનિયરિંગ અને અન્ય ટેક સેક્ટરમાં ભારત અને ચીનના લોકોની સંખ્યા વિશેષ હોય છે. જો આ નવો નિયમ લાગુ પડશે તો આ બે સેક્ટરને વ્યાપક નુકસાન પણ થવાની શકયતા બળવતર છે. હકીકતમાં ટ્રમ્પની આ બીજી ટર્મમાં તેમણે અનેક વિવાદીત અને આકરા નિર્ણય લીધા છે. જાણકારો કહે છે કે, તેઓ કોઈપણ રીતે ભારતીયો અને અન્ય કેટલાક દેશોના લોકોને પછાડવા માટે આવી નીતિ અપનાવી રહ્યા છે. 6 મહિનાથી ઈરાન સાથે યુદ્ધની સ્થિતિને કારણે ખુદ અમેરિકામાં પણ તેની લોકપ્રિયતા ઘટી છે. તેને કારણે ટ્રમ્પ હવે સ્થાનિક રોજગારી અને વિદેશીઓને હાંકી કાઢવા જેવા મુદ્દા ઉછાળી રહ્યા છે. જો નવો નિયમ અમલી થઈ જશે તો નોકરીમાંથી છૂટા થયા પછી મળતો ૬૦-દિવસનો ગ્રેસ પિરિયડ નાબૂદ થઈ જશે.

વર્તમાન નિયમ H-1B વિઝા ધારકો અને અન્ય બિન-ઈમિગ્રન્ટ કામદારોને નોકરી છૂટયા પછી નવી નોકરી શોધવા અથવા ઈમિગ્રેશન સ્ટેટસ બદલવા માટે યુએસમાં કાયદેસર રીતે રહેવાની મંજૂરી આપતો હતો. તેની સાથે જ H-4 ડિપેન્ડન્ટ જીવનસાથીના વર્ક ઓથોરાઈઝેશનને લક્ષ્ય બનાવતા અને H-1B એમ્પ્લોયર ફાઈલિંગ ઉપર ભારે ફી માળખું લાદવાના વહીવટી પ્રસ્તાવો ફરીથી ચર્ચામાં આવ્યા છે. આ બાબત રોજગાર આધારિત ઈમિગ્રેશનમાં કડક સુધારાનો નિર્દેશ કરી રહી છે.

ભારતીય મૂળના નાગરિકો ઉપર નવા ફેરફારથી સૌથી વધારે અસર થનાર છે. ખાસ કરીને ૬૦-દિવસની નોકરી શોધવાની તક ગુમાવવી પડી શકે. ભારતીય નાગરિકો દેશ દીઠ મર્યાદાઓને કારણે રોજગાર-આધારિત ગ્રીન કાર્ડ્સ (મુખ્યત્વે EB-૨ અને EB-૩ શ્રેણીઓ) માટે ગંભીર બેકલોગનો સામનો કરી રહ્યા છે, જે કોઈપણ એક દેશને દર વર્ષે કુલ રોજગાર પ્રેફરન્સ વિઝાના માત્ર ૭ ટકા સુધી મર્યાદિત કરે છે. લાખો ભારતીય ટેક વર્કર્સ, સંશોધકો અને કોર્પોરેટ પ્રોફેશનલ્સ તેમની પ્રાયોરિટી ડેટ્સ કરન્ટ થવાની રાહ જોતી વખતે સતત H-1B એક્સટેન્શન હેઠળ યુએસમાં રહે છે, જે પ્રતીક્ષા ઘણા દાયકાઓ સુધી લંબાવાનો અંદાજ છે. આ લોકોનો ૬૦-દિવસનો ગ્રેસ પિરિયડ નાબૂદ કરવાથી ગંભીર જોખમ ઊભું થાય છે. એક ભારતીય પ્રોફેશનલ જે ૧૦થી ૧૫ વર્ષથી યુએસમાં રહેતો હોય અને કામ કરતો હોય, પોતાનું ઘર ધરાવતો હોય અને યુએસમાં જન્મેલા બાળકોનો ઉછેર કરતો હોય, તે કોર્પોરેટ છટણી થતાંની સાથે જ તાત્કાલિક

અનલૉફુલ પ્રેઝન્સનો સામનો કરશે. નીતિ નિષ્ણાતો નિર્દેશ કરે છે કે, કાયદેસરના દરજ્જાની તાત્કાલિક સમાપ્તિ લોજિસ્ટિકલ અરાજકતાનું કારણ બનશે અને ચારેતરફ ભય અને ચિંતાનો માહોલ સર્જાશે.

વિઝા ધારકો અને નોકરીદાતાઓ માટે એ સમજવું મહત્વપૂર્ણ છે કે, આ વર્ષે ઓગસ્ટ-સપ્ટેમ્બર સુધીમાં, ૬૦-દિવસનો ગ્રેસ પિરિયડ કાયદેસર રીતે અમલમાં છે. પ્રસ્તાવિત નિયમે વહીવટી સમીક્ષાઓ પાસ કરી લીધી છે, પરંતુ તે હજી સક્રિય કાયદો બન્યો નથી.

જો કે કેટલાક જાણકારો માને છે કે, ગ્રેસ પિરિયડ નાબૂદ કરવાનો પ્રસ્તાવ એ હાલમાં વિચારણા હેઠળ છે. હજી ઈમિગ્રેશનના નવા નિયમો એટલા આકરા નથી થયા કે એવી સ્થિતિ વણસી નથી કે આ સ્તર સુધી જવું પડે. એક વાત નક્કી છે કે, ટ્રમ્પ વહીવટીતંત્ર વિદેશી પ્રતિભાને સ્પોન્સર કરવા સાથે સંકળાયેલા ખર્ચમાં નાટકીય રીતે વધારો કરવાના પ્રસ્તાવોનું મૂલ્યાંકન કરી રહ્યું છે. આ નવી ફી નીતિઓમાં H-1B પિટિશનો માટે સંભવિત ફી માળખું ઈ૧૦૩,૨૬૫ સુધી પહોંચી શકે છે. અમેરિકનોને નોકરીએ રાખવા માટે પ્રોત્સાહિત કરવાના આશયથી આ બધું કરવામાં આવ્યું હોવા છતાં ઉદ્યોગ નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, ઊંચી ફી યુએસ ટેકનોલોજી કંપનીઓને ભારતમાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ સહિતના ઓફશોર સ્થળોએ સીધી એન્જિનિયરિંગ ભૂમિકાઓ શિફ્ટ કરવાની ફરજ પાડી શકે છે. આવા સંજોગોમાં અમેરિકા માટે પણ જોખમી સ્થિતિ સર્જાઈ તેમ છે. અલબત, આવા જોખમો ટાળવા યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સવસીસ અને ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટે પણ નિયમોના ભંગ ઉપર દેખરેખ વધારી દીધી છે.

**નિયમોમાં ફેરફાર કરાય તો બીજી નોકરી શોધવા માટે જે 60 દિવસનો ગ્રેસિંગ પિરિયડ આપવામાં આવતો હતો તે તાત્કાલિક બંધ થઈ જશે અને તેને કારણે અસંખ્ય નાગરિકો મુસીબતમાં મુકાવવા સાથે યુએસની અનેક કંપનીઓને માથે પણ આફત ખડકાશે**

# વિઘ્નહર્તા શ્રી ગણેશજીનાં 11 મંગલકારી સ્વરૂપો

પંચદેવોમાં અને સર્વે દેવોમાં ભગવાન ગણેશ સૌપ્રથમ પૂજ્ય છે. કોઈ પણ શુભકાર્યની શરૂઆત પહેલાં ગણેશજીનું આહવાન કરાય છે. ભગવાન ગણેશને વિઘ્નવિનાશક, બુદ્ધિદાતા અને મંગલકર્તા દેવ પણ કહેવામાં આવે છે. ભગવાન ગણેશનું મુખ ગજનું હોવાથી તેઓ ગજાનન તરીકે પણ ઓળખાય છે. સમસ્ત ગણ દેવતાઓમાં અગ્રપૂજ્ય અને તેમના સ્વામી હોવાથી ગણપતિજીને વિનાયકના નામથી પણ ઓળખવામાં આવે છે. આપણે ત્યાં ગણેશ પૂજન દરરોજ અને મંગલકાર્યમાં હંમેશા થતું હોય છે, પરંતુ ભાદરવા માસ દરમિયાન દસ દિવસ માટે ખાસ ગણેશ ઉત્સવ અને સાર્વજનિક ગણેશ ઉત્સવ ઉજવવામાં આવે છે. જેમાં ભક્તજનો ભગવાન ગણેશના વિવિધ સ્વરૂપોને પધરાવીને તેમનું ભાવપૂર્વક પૂજન કરે છે. દસ દિવસ બાદ ગણપતિજીની મૂર્તિનું વિસર્જન પણ કરવામાં આવે છે. પુરાણો જણાવે છે કે ભગવાન ગણેશનાં અગિયાર સ્વરૂપ છે, પરંતુ ઘણા આરાધકો ભગવાન ગણપતિનાં સોળ સ્વરૂપ બતાવે છે. દુંદાળા, વિઘ્નહર્તા દેવ એવા ભગવાન ગણેશનાં આ અગિયાર રૂપ આ પ્રમાણે છે :

**1. બાળ ગણપતિ :** જેમ બાળ કૃષ્ણનું સ્વરૂપ મનમોહક છે તેમ બાળ ગણપતિનું સ્વરૂપ પણ ખૂબ જ મનમોહક છે. બાળ ગણપતિનું આ સ્વરૂપ ચતુર્ભુજ સ્વરૂપે સોહાય છે. તેમનાં ચાર હાથમાં કેળાં, ફણસ, શેરડી અને કેરી સોહે છે અને તેમની સૂંઢમાં મોદક લાડુ શોભી રહ્યો છે. પુરાણોમાં જણાવ્યા મુજબ બાળ ગણેશજીની આરાધના કરવાથી નિઃસંતાન યુગલને ત્યાં પારણું ઝૂલતું થાય છે.

**2. કિશોર ગણપતિ :** કિશોરવયનું આ ગણપતિજીનું સ્વરૂપ અષ્ટભુજ દર્શાવે છે. તેમના અષ્ટ હાથોમાં અંકુશ, પાશ, જાંબુ, ફળ, તૂટી ગયેલો હાથીદાંત, ધાન્ય ભરેલો કુંભ, નીલા રંગનું કમળ, શેરડી અને ફણસ રહે છે. વિવાહ કરવા ઈચ્છતા નવયુવાનો જો આ કિશોર ગણપતિનું પૂજન અને અર્ચન કરે તો તેમની કામના ઝડપથી પૂર્ણ થાય છે.



**3. ઊર્ધ્વ ગણપતિ :** ગણપતિદાદાનું આ સ્વરૂપ પણ અષ્ટભુજયુક્ત છે. આ સ્વરૂપનો વર્ણ સુવર્ણ સમાન છે. આ સ્વરૂપના અષ્ટ હાથોમાં ધાન્ય ભરેલ કુંભ, નીલા રંગનું કમળ, શેરડી, હાથીદાંત, ધનુષ્ય-બાણ અને ગદા સોહે છે. આ સ્વરૂપની જમણી બાજુએ લીલાં વસ્ત્રો ધારણ કરીને સિદ્ધિદેવી બેઠેલાં છે. જે પણ ભક્તજન આ સ્વરૂપનું પૂજન કરે છે તેમનાં સર્વ કાર્યને સફળતા મળતાં તેઓ વિજયી થાય છે તેવી માન્યતા છે.

**4. ભક્ત ગણપતિ :** ભગવાન ગણેશની આ પ્રતિમા ચાર હસ્તથી સોહે છે. આ ચાર હાથમાં શ્રીફળ, આમ્રફળ, કદલી ફળ અને ખીરથી ભરેલો કુંભ છે. ભગવાન ગણેશની આ પ્રતિમા શ્વેત રંગથી સોહે છે. ઈષ્ટફળ પ્રાપ્તિની ઈચ્છા રાખનાર ભક્ત આ સ્વરૂપનું ભાવથી પૂજન કરે તો તેમની આરાધના સફળ બને છે.

**5. વીર ગણપતિ :** ભગવાન ગણેશની આ પ્રતિમા સોળ ભુજયુક્ત છે. ભગવાન ગણેશનું આ સ્વરૂપ ક્રોધમય અને ભયાનક છે. શત્રુનાશ તેમજ સ્વના સંરક્ષણના ઉદેશ્યને માટે જો ભગવાન ગણેશના આ સ્વરૂપનું પૂજન કરવામાં આવે તો ભગવાન ગણેશ ચોક્કસ પોતાના ભક્તોની રક્ષા કરે છે.

**6. શક્તિ ગણપતિ :** શ્રી ગણેશના આ સ્વરૂપનો વર્ણ સંધ્યાકાળની લાલીમાં સમાન છે, તેમની ડાબી બાજુએ લીલા વર્ણયુક્ત સુલલિતદેવી વિરાજમાન છે. ગણપતિના આ સ્વરૂપને બે બુજાઓ છે. શક્તિ ગણપતિનું સ્વરૂપ સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે ખૂબ જ શુભ માનવામાં આવ્યું છે. આ બે હાથમાંથી એક હાથ આશીર્વાદ આપે છે અને બીજા હસ્તમાં નીલકમળ છે.

**7. હેરંબ વિઘ્નેશ્વર :** આ સ્વરૂપ હેરંબ એટલે કે સિંહ પર સવાર થયેલું છે. બાર ભુજાથી યુક્ત ભગવાન વિઘ્નેશ્વર સ્વરૂપનો ડાબો હાથ અભય મુદ્રામાં અને જમણો હાથ આશીર્વાદ આપે છે. બાકીનાં હાથમાં સર્પ, કટારી, તલવાર, પાશ, અંકુશ, ત્રિશૂળ, લાલ કમળ અને ગજદંત સોહે છે. આ સ્વરૂપને પાંચ મુખ છે તથા વર્ણ ઉજ્જ્વળ અને શુભ છે. શ્રીગણેશનું આ સ્વરૂપ સંકટમોચન વિઘ્નેશ્વરાશય તરીકે પ્રખ્યાત છે.

**8. લક્ષ્મી ગણપતિ :** શ્રી ગણેશની લક્ષ્મી એટલે રિદ્ધિ અને સિદ્ધિ. ભગવાન ગણેશની આ પ્રતિમાની બંને બાજુએ ભગવાન ગણેશની લક્ષ્મી સ્વરૂપ પત્નીઓ રિદ્ધિ અને સિદ્ધિદેવી બિરાજમાન થયેલાં છે. ગણેશજીનું આ સ્વરૂપ અષ્ટભુજાયુક્ત છે. જેમના હાથમાં શુક, દાડમ, મણિજડિત રત્ન, કળશ, લાલ કમળ, કલ્પલતા વેલ, પાશ, અંકુશ અને ખડગ સોહે છે. રિદ્ધિ અને સિદ્ધિ દેવીઓનાં બંને હાથમાં નીલકમળ રહેલાં છે. ભગવાન ગણેશનું આ સ્વરૂપ સુખ, સમૃદ્ધિની કામનાને પૂર્ણ કરનાર હોવાથી ભક્તજનો લક્ષ્મી ગણપતિનાં નામથી ઓળખે છે.

**9. મહા ગણપતિ :** બાર ભુજાઓયુક્ત આ મહા ગણપતિજીનું સ્વરૂપ અત્યંત સુંદર છે. મહા ગણપતિજીનું ગજમુખ અત્યંત સોહામણું છે. તેમનાં નેત્રો અતિ તેજસ્વી છે અને તેમના વિશાળ ભાલ પર કુમકુમ તિલક શોભાયમાન છે. આ સ્વરૂપનો વર્ણ લાલ છે અને એક હાથમાં કમળપુષ્પ સાથે ક્રીડા કરી રહેલી દેવીને ખોળામાં બેસાડીને પ્રસન્ન મુદ્રામાં અને બીજો હાથ વરદાન આપનારી મુદ્રામાં છે. બાકીનાં હાથમાં ધન-ધાન્યથી ભરેલો કુંભ, શંખ, નીલું કમળ, ફણસ, શેરડી, ડાંગરનાં ડુંડાં, પુષ્પ અને મોદકના લાડુ છે. મહા ગણપતિનું આ સ્વરૂપ ભક્તજનોની કામનાને પૂર્ણ કરનાર છે.

**10. વિજય ગણપતિ :** સૂર્ય સમાન કાંતિ ધરાવનાર ભગવાન ગણેશનું આ સ્વરૂપ ચાર ભુજાઓથી યુક્ત છે. ભગવાન ગણેશની આ ચાર ભુજાઓમાં આમ્રફળ, ગજદંત, પાશ અને અંકુશ છે. મૂષક પર આરૂઢ થયેલ વિજય ગણપતિની પ્રતિમા કલ્પવૃક્ષની નીચે બિરાજમાન થઈ ભક્તોનાં મનની તમામ મંગળ અભિલાષા પૂર્ણ કરે છે.

**11. ભુવનેશ વિઘ્નરાજ ગણપતિ :** બાર ભુજયુક્ત અને સુવર્ણ સમાન વર્ણ ધરાવનાર ભગવાન ગણેશના આ સ્વરૂપનું પૂજન લાભદાયક માનવામાં આવ્યુ છે. શ્રી ગણેશની આ દ્વાદશ ભુજાઓમાં શંખ, પુષ્પ, ધનુષ, બાણ, કુહાડી, પાશ, અંકુશ, તલવાર, ચક્ર, ગજદંત, ધાન્યોથી ભરેલ કુંભ અને પુષ્પમાળા રહેલી છે.




## MOTEL & HOTEL FOR SALE

**NIRAJ PANCHOLI, REALTOR®**
Mechanical Engineer (Ahmedabad, India)
**Cell: 647-866-2790**
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011




Selling Motels, Hotels, Commercial and Residential Properties Since 2011
Visit my website for new and updated Exclusive and MLS listings

**MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO**

| | |
|---|---|
| **WINDSOR FRANCHISE HOTEL, 90+ROOM I $7.2M**<br>Fully Renovated Rooms, No PIP, 3.5 Arec Lot | **COCHRANE MOTEL, 43 ROOM & RESTAURANT I $4.2M**<br>6 Acre Lot Right on Hwy 11, Year-round profitable business<br>Absentee Owner, Excellent NOI and Cap Rate, VTB available |
| **GANANOQUE HOTEL, 54 ROOM, RESTAURANT & BAR I $4.9M**<br>Well-maintained Rooms, Profitable year-round operation. Close to Hwy 401, Casino and 1000 Island Cruise Line. Excellent Net Income, Great Investment. | **HUNTSVILLE MOTEL, 17 ROOM - $2.3M**<br>In the downtown, Absentee Owner for last 4 years. Great opportunity for the Owner Operator to grow |
| **GRAVENHURST MOTEL & RESTAURANT, 21 ROOM - $1.5M**<br>Rooms are on monthly basis on long-term. 3 Acre lot in Muskoka area, Selling AS IS – Ideal for Builders/Renovators | **HUNTSVILLE FRANCHISE MOTEL, 36 ROOM – ASKING $3.9M**<br>Newer, well-maintained property comes with separate 2-bedroom detached house. Easy operation. Ideal for Owner operator |
| **ALBERTA – FRANCHISE & NON-FRANCHISE MOTELS**<br>1-2 hours from Calgary and Edmonton<br>Price range: $800,000 to $3,500,000. Call for more info. | **Motel Job:** Front desk, housekeeping and general work in Ontario<br>**Partnership:** Working Partner, Min $200,000 investment (PR or Citizen), good English and computer knowledge. Location: Ontario & Alberta |

Century 21 People's Choice Realty Inc. 120 Matheson Blvd E #103, Mississauga, Ontario (cell; 647-866-2790 I email: ncpancholi@gmail.com)
Brilliant Realty, 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, Alberta (cell: 647-866-2790 I email: niraj.alberta@gmail.com)

**MOTEL & HOTEL OWNERS: Thinking of Selling! Call ASAP, I have qualified BUYERS ready for Any Size, Any Price, Any Location**

# ભક્તોના વિઘ્નો દૂર કરનારા વિનાયકની દિવ્ય ગાથા

ભારતીય સંસ્કૃતિમાં દરેક શુભ કાર્યની શરૂઆત પહેલાં ભગવાન શ્રી ગણેશની પૂજા કરવામાં આવે છે, તેથી કોઈ શુભ કાર્યની શરૂઆત કરીએ તેને શ્રી ગણેશ કર્યા એમ કહેવામાં આવે છે. દરેક શુભ કાર્ય કે અનુષ્ઠાન કરતા પહેલાં `શ્રી ગણેશાય નમઃ' મંત્રનું ઉચ્ચારણ કરવામાં આવે છે. ગણેશજીને સમસ્ત સિદ્ધિઓ આપનારા માનવામાં આવે છે, કારણ કે બધી જ સિદ્ધિઓ ગણેશજીમાં જ વાસ કરે છે.

ગણેશજી વિઘ્નોને દૂર કરનારા દેવ છે. દયા તથા કૃપાના મહાસાગર છે, તેથી તેઓ વિનાયક છે. ગણેશજી વિદ્યા-બુદ્ધિના અથાહ સાગર તથા વિધાતા છે. લિંગપુરાણ અનુસાર સર્વવિઘ્નેશ મોદકપ્રિય ગણપતિજીના જાતકર્માદિ સંસ્કાર બાદ ભગવાન શિવજીએ પોતાના પુત્ર ગણેશજીને તેમનું કર્તવ્ય સમજાવતા આશીર્વાદ આપ્યા કે, `જે પણ વ્યક્તિ તારું પૂજન કર્યા વગર પૂજા-પાઠ, અનુષ્ઠાન, યજ્ઞ-હવન કે કોઈપણ શુભ કાર્ય કરશે તેનું મંગળ પણ અમંગળમાં પરિવર્તિત થઈ જશે. જે લોકો ફળની કામનાથી બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્ર અથવા કોઈ પણ દેવતાની પૂજા કરશે, પરંતુ તારી પૂજા નહીં કરે તેના કાર્યોમાં વિઘ્નો દ્વારા બાધાઓ પહોંચશે.'

અસુરો બ્રાહ્મણ અને દેવતાઓને સતાવતા હતા. ગણેશજીને વરદાન હતું કે જે તેમની પ્રથમ પૂજા નહીં કરે તેમના કાર્યોમાં તેઓ વચ્ચેથી વિઘ્નો નાખશે. ગણેશજીએ દેવતાઓના ઈન્કારમાંથી વિઘ્નો નાખવાનું શરૂ કરી દીધું, જેથી તેમની સફળતા આધે બાધાઓ આવવા લાગી.

### ગણેશજીની પૌરાણિક કથા

ભગવાન શિવની અનુપસ્થિતિમાં માતા પાર્વતીએ વિચાર કર્યો કે તેમનો પોતાનો એક સેવક હોવો જોઈએ, જે પરમ શુભ, કાર્યકુશળ તથા આજ્ઞાનું સતત પાલન કરવામાં ક્યારેય વિચલિત ન થાય. આમ વિચારીને માતા પાર્વતીએ પોતાના મંગલમય પાવન શરીરના મેલથી પોતાની માયા શક્તિથી બાળગણેશને



ઉત્પન્ન કર્યા. એક વાર જ્યારે માતા પાર્વતી માનસરોવરમાં સ્નાન કરી રહ્યાં ત્યારે તેમને સ્નાનસ્થળે કોઈ આવી ન શકે તે માટે બાળગણેશને ત્યાં પહેરો ભરવાનું અને અજાણ્યા કોઈને પ્રવેશ ન કરવા દેવા જણાવ્યું. ગણેશજી પહેરો ભરી રહ્યા હતા તે દરમિયાન શિવજી ત્યાં આવ્યા. ગણેશજીએ તેમને અટકાવ્યા અને કહ્યું કે, તમે આગળ નહીં જઈ શકો. અનેકવાર સમજાવવા છતાં પણ ગણેશજીએ શિવજીને રોક્યા, તેથી ક્રોધિત થઈને શિવજીએ બાળગણેશનું માથું ધડથી અલગ કરી નાખ્યું. જ્યારે આ વાતની જાણ માતા પાર્વતીને થઈ ત્યારે તેઓ વિલાપ અને ક્રોધથી પ્રલયનું સર્જન કરતાં કહેવા લાગ્યા કે, તમે મારા પુત્રનો વધ કર્યો.

પાર્વતીજીને ક્રોધિત અને દુઃખી જોઈને શિવજીએ પોતાના ગણોનો આદેશ આપતા કહ્યું કે, રસ્તામાં તમને જે સૌથી પહેલો જીવ જોવા મળે તેનું માથું કાપીને બાળકના ધડ પર લગાવી દો, તેનાથી આ બાળક જીવિત થશે. ગણોને સૌથી પહેલાં હાથીનું બચ્ચું મળ્યું, તેથી તેમણે તેનું માથું કાપીને બાળક ગણેશના ધડ પર લગાવી દીધું અને તેઓ જીવિત થયા.

બાળકનું આવું વિચિત્ર રૂપ જોઈને માતા હજુ પણ દુઃખી હતાં, તેમને લાગતું હતું કે આવા દેખાવવાળા મારા પુત્રનો બધા જ તિરસ્કાર કરશે. ત્યારે ત્યાં હાજર દેવતાઓ સહિત બ્રહ્માએ ગણેશજીને પ્રથમ પૂજનનું વરદાન આપ્યું અને તેમને ગણાધ્યક્ષ બનાવ્યા.

### મૂષક કેવી રીતે બન્યો શ્રી ગણેશનું વાહન?

સુમેરુ પર્વત પર સૌભરિ ઋષિનો આશ્રમ હતો. તેમની ખૂબ જ સુંદરવાન તથા પતિવ્રતા પત્નીનું નામ મનોમયી હતું. એક દિવસ ઋષિ બળતણ માટે લાકડાં લેવા માટે વનમાં ગયા. તેમના ગયા પછી મનોમયી ગૃહકાર્યમાં વ્યસ્ત થઈ ગયાં. તે જ સમયે ક્રોંચ નામનો એક ગંધર્વ ત્યાં આવ્યો. જ્યારે ક્રોંચે લાવણ્યમયી મનોમયીને જોયાં, તો તેની અંદર કામ જાગૃત થયો અને તે વ્યાકુળ થઈ ગયો. તેને મનોમયીનો હાથ પકડી લીધો. મનોમયી હાથ છોડવા આજીજી કરવા લાગ્યા. તે જ સમયે ત્યાં સૌભરિ ઋષિ આવ્યા. તેમણે ગંધર્વને શાપ આપતાં કહ્યું, `તેં ચોરની જેમ મારી પત્નીનો હાથ પકડ્યો છે, તેથી તું હવે મૂષક બનીને ધરતી પર જઈને ચોરી કરીને તારું પેટ ભરીશ.'

શાપથી વ્યથિત થઈને ગંધર્વ ઋષિને પ્રાર્થના કરી કે, `હે ઋષિવર, અવિવેકને કારણે મેં તમારી પત્નીના હાથનો સ્પર્શ કર્યો છે, મને ક્ષમા આપો.'

ઋષિએ કહ્યું, `ચોર, મારો શાપ વ્યર્થ નહીં થાય, પરંતુ તું દ્વાપરયુગમાં મહર્ષિ પારાશરને ત્યાં ગણપતિ દેવ ગજરૂપમાં પ્રગટ થશે. ત્યારે તું તેમનું વાહન બની જઈશ. ત્યારબાદ તારું કલ્યાણ થશે તથા દેવગણ પણ તારું સન્માન કરશે.'

ગાંધર્વ મૂષક તરીકે જન્મ લઈને ઋષિ પારાશરના સ્થાને ગયો. ત્યાં ભગવાન ગણેશનો અવતાર ગજાનન રહી રહ્યાં હતાં. મૂષક ત્યાં આજુબાજુ રહેનારા લોકોને હેરાન-પરેશાન કરતો હતો. ઋષિ પારાશર ગજાનનને કહ્યું કે, `મૂષકની સમસ્યામાંથી છુટકારો અપાવો.' ગજાનનને મૂષકને પકડ્યો અને કહ્યું, `મારે તારી પાસે કંઈ નથી જોઈતું. હું તારા પર સવારી કરીશ અને હું જ્યાં જઈશ ત્યાં તારે મારી સાથે આવવું પડશે.' તેથી મૂષક હંમેશાં ગણેશજીનાં ચરણોમાં રહે છે.

### ગણેશ ચતુર્થી પર ચંદ્રદર્શનના દોષનું નિવારણ

શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે ગણેશ ચતુર્થીના દિવસે ચંદ્રદર્શન નિષિદ્ધ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે ગણેશ ચતુર્થીના દિવસે જાણે-અજાણે પણ ચંદ્રદર્શન કરવાથી વ્યક્તિને એક વર્ષ સુધી મિથ્યા કલંક લાગે છે. ભગવાન શ્રીકૃષ્ણને પણ ચંદ્રદર્શનનો મિથ્યા કલંક લાગવાનું પ્રમાણ આપણાં શાસ્ત્રોમાં વિસ્તારથી વર્ણિત છે.

ગણેશપુરાણ અનુસાર ભાદ્રપદ (ભાદરવા) સુદ ચતુર્થીના દિવસે ચંદ્ર જોનાર પર કલંક અવશ્ય લાગે છે. એવું ગણેશજીનું વચન છે, તેથી ભૂલથી પણ ગણેશ ચતુર્થીના દિવસે ચંદ્રદર્શન ટાળવું જોઈએ. જો અજાણતા ચંદ્રદર્શન થઈ જાય તો તેના નિવારણ માટે શ્રીમદ્ ભાગવતના 10મા સ્કંધ, 56-5મા અધ્યાયમાં વર્ણિત સ્યમંતક મણિની ચોરીની કથાનું શ્રવણ કરવું લાભકારક છે. તેનાથી ચંદ્રદર્શનથી લાગનારા મિથ્યા કલંકનો ખતરો રહેતો નથી.

ચંદ્રદર્શન દોષ નિવારણ માટે મંત્ર

**સિંહઃ પ્રસેનમવધી, સિંહો જામ્બવતા હતઃ**
**સુકુમાર મા રોદીસ્તવ, હોષ સ્યમન્તક!**

# ગણેશ પૂજનથી નવગ્રહ શાંતિ

મનુષ્યોને જીવનમાં અનેક પ્રકારની રિદ્ધિ-સિદ્ધિ, સુખની પ્રાપ્તિ તથા પોતાની આધ્યાત્મિક-ભૌતિક ઈચ્છાઓની પૂર્તિ માટે શ્રી ગણેશની પૂજા-અર્ચના તથા આરાધના અવશ્ય કરવી જોઈએ. ગણેશજીની પૂજા અનાદિકાળથી ચાલી આવી છે. આ સિવાય જ્યોતિષશાસ્ત્રો અનુસાર ગ્રહપીડા દૂર કરવા માટે ભગવાન ગણેશની પૂજા-અર્ચના કરવાથી ગ્રહોના અશુભ પ્રભાવ દૂર થાય છે તથા શુભ ફળની પ્રાપ્તિ થાય છે.

» **સૂર્ય :** ગણેશજી સૂર્ય તેજ સમાન તેજસ્વી છે. તેમનું પૂજન કરવાથી સૂર્ય ગ્રહના પ્રતિકૂળ પ્રભાવનું શમન થાય છે તથા વ્યક્તિનાં તેજ, માન-સન્માનમાં વૃદ્ધિ થાય છે. તેને યશ ચારે દિશાઓમાં ફેલાય છે. સૂર્ય પિતાનો કારક ગ્રહ હોવાથી પિતાના સુખમાં વૃદ્ધિ થાય છે અને વ્યક્તિનું આધ્યાત્મિક જ્ઞાન વધે છે.

» **ચંદ્રઃ** ગણપતિજી ચંદ્રમાની જેમ શાંતિ તથા શીતળતાના પ્રતીક છે. તેમના પૂજનથી ચંદ્રના પ્રતિકૂળ પ્રભાવનો નાશ થાય છે, જેથી વ્યક્તિને માનસિક શાંતિ મળે છે. ચંદ્ર માતાનો કારક ગ્રહ હોવાથી ગણેશજીનું પૂજન કરવાથી માતૃસુખમાં વૃદ્ધિ થાય છે.

» **મંગળ :** ભગવાન ગણેશ મંગળ ગ્રહની જેમ શક્તિશાળી તથા બળવાન છે. તેમના પૂજનથી મંગળ ગ્રહના અશુભ પ્રભાવ દૂર થાય છે અને વ્યક્તિના બળ-શક્તિમાં વૃદ્ધિ થાય છે. ગણેશજીના પૂજનથી ઋણમાંથી મુક્તિ મળે છે. વ્યક્તિનાં સાહસ, બળ, પદ અને પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થાય છે, સાથે ભાઈના સુખમાં પણ વૃદ્ધિ થાય છે.

» **બુધ :** શ્રી ગણેશ બુદ્ધિ અને વિવેકના અધિપતિ સ્વામી બુધ ગ્રહના અધિપતિ દેવ છે, તેથી વિદ્યા, બુદ્ધિપ્રાપ્તિ માટે ભગવાન શ્રી ગણેશની આરાધના ફળદાયી સિદ્ધ થાય છે. તેમના પૂજનથી વાકશક્તિ અને તર્કશક્તિમાં વૃદ્ધિ થાય છે, સાથે બહેનના સુખમાં પણ વૃદ્ધિ થાય છે.

» **ગુરુઃ** જાનનગુરુસમાન ઉદાર, જ્ઞાની તથા બુદ્ધિકૌશલ્યમાં નિપુણ છે. ગણેશજીનું પૂજન-અર્ચના કરવાથી ગુરુ (બૃહસ્પતિ) ગ્રહ સંબંધિત પીડા દૂર થાય છે અને વ્યક્તિના આધ્યાત્મિક જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. ધન-સંપત્તિમાં વૃદ્ધિ થાય છે. સાથે પતિના સુખમાં પણ વૃદ્ધિ થાય છે.

» **શુક્રઃ** ગણેશજી ધન, ઐશ્વર્ય તથા સંતાન પ્રદાન કરનારા શુક્ર ગ્રહના અધિપતિ છે. ગણપતિજીના પૂજનથી શુક્રના અશુભ પ્રભાવોનું શમન થાય છે, વ્યક્તિનાં ભૌતિક સુખ અને સુંદરતામાં વૃદ્ધિ થાય છે, સાથે પત્તિના સુખમાં પણ વૃદ્ધિ થાય છે.

» **શનિ :** ગણપતિજી શિવજીના પુત્ર છે. શિવજી શનિ ગ્રહના ગુરુ છે. ગણપતિજીનું પૂજન કરવાથી શનિ ગ્રહ સંબંધિત પીડા દૂર થાય છે.

» **રાહુ-કેતુ** ભગવાન શ્રી ગણેશનું મુખ હાથીનું અને બાકીનું શરીર પુરુષનું છે, તેથી તેઓ રાહુ તથા કેતુના દેવતા છે. તેમના પૂજનથી રાહુ અને કેતુ ગ્રહના દોષોનું શમન થાય છે. જન્મકુંડળીમાં કોઈપણ ગ્રહ નીચ હોય કે પીડાદાયક હોતો તો ભગવાન શ્રી ગણેશની આરાધના કરવાથી આ તમામ ગ્રહોનો અશુભ પ્રભાવ દૂર થાય છે તથા શુભ ફળ મળે છે.

# અખંડ સૌભાગ્યની પ્રાપ્તિ કરાવનાર કેવડા ત્રીજ

કેવડા ત્રીજ એટલે હરતાલિકા વ્રત. ભાદરવા સુદ ત્રીજના દિવસે આવતું આ વ્રત પરિણીત સ્ત્રીઓ અને કુંવારિકાઓ બંને માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે.

પૌરાણિક કથા અનુસાર, માતા પાર્વતીએ ભગવાન શિવને પતિરૂપે પામવા માટે અત્યંત કઠોર તપશ્ચર્યા કરી હતી. તેમની સખી ‘હરિતા’ તેમને પિતાના ઘરેથી દૂર જંગલમાં લઈ ગઈ હતી. ત્યાં પાર્વતીએ માટીનું શિવલિંગ બનાવી વનસ્પતિ અને પુષ્પોથી ભગવાન શિવનું પૂજન કર્યું. તેમણે નિર્જળા ઉપવાસ કરીને શિવજીને પતિરૂપે મેળવવાની મનોકામના વ્યક્ત કરી. તેમની અડગ ભક્તિ અને તપથી પ્રસન્ન થઈ ભગવાન શિવે તેમને વરદાન આપ્યું. અંતે પાર્વતીજીની મનોકામના પૂર્ણ થઈ અને તેમનું શિવજી સાથે પાણિગ્રહણ થયું. સખી હરિતાના સહકારથી આ વ્રત થયું હોવાથી તે ‘હરતાલિકા’ તરીકે પ્રસિદ્ધ થયું.

આ દિવસે પ્રાતઃકાળે સ્નાન કરી પવિત્ર વસ્ત્રો ધારણ કરીને શિવ-પાર્વતીનું પૂજન કરવામાં આવે છે. શિવલિંગ પર કેવડાનું પુષ્પ અર્પણ કરી ધૂપ-દીપ, નૈવેદ્ય અને અન્ય પૂજાસામગ્રીથી આરાધના કરવામાં આવે છે. પ્રદક્ષિણા કરી પુષ્પાંજલિ અર્પવામાં આવે છે. શક્ય હોય તો ફળાહાર અથવા નિર્જળા ઉપવાસ કરવામાં આવે છે અને દિવસભર શિવસ્મરણ તથા ભક્તિમાં સમય વિતાવવામાં આવે છે. વ્રત દરમિયાન શિવ-પાર્વતીની પ્રતિમા અથવા શિવલિંગની સ્થાપના કરી તેમને વસ્ત્ર, ચંદન, અક્ષત, પુષ્પ અને ફળ અર્પણ કરવાની પણ પરંપરા છે. અનેક સ્થળે સ્ત્રીઓ રાત્રે જાગરણ કરી ભજન-કીર્તન અને શિવમહિમાનું સ્મરણ કરે છે. આ વ્રત માત્ર પોતાની મનોકામના માટે નહીં, પરંતુ પતિ-પત્ની વચ્ચે પ્રેમ, પરસ્પર વિશ્વાસ અને જીવનભર સાથ જળવાઈ રહે તેવી પ્રાર્થના સાથે પણ કરવામાં આવે છે. કુંવારિકાઓ માટે પાર્વતીજીનું જીવન ધીરજ, સંકલ્પ અને પોતાની પસંદગી પ્રત્યેની અડગ નિષ્ઠાનું પ્રેરણાસ્રોત બને છે.

કેવડાત્રીજ સાથે કેવડાના પુષ્પનું પણ વિશેષ મહત્ત્વ જોડાયેલું છે. એક કિવદંતી અનુસાર, કેવડાએ ભગવાન શિવ અને બ્રહ્માજી વચ્ચેના એક વિવાદમાં અસત્ય સાક્ષી આપતાં શિવજીના શાપને કારણે તે દેવપૂજનમાં વર્જ્ય બન્યો, પરંતુ પાર્વતીજીએ અજાણતાં અને નિર્દોષ ભક્તિભાવથી કેવડાનું પુષ્પ શિવલિંગ પર અર્પણ કર્યું. તેમની પવિત્ર ભાવનાથી પ્રસન્ન થઈ શિવજીએ ભાદરવા સુદ ત્રીજના દિવસે કેવડાનું પુષ્પ સ્વીકારવાનું નક્કી કર્યું. તેથી વર્ષમાં આ એક દિવસ કેવડાને શિવપૂજામાં વિશેષ સ્થાન પ્રાપ્ત થયું. કેવડાત્રીજની કથા આપણને એ પણ શીખવે છે કે પૂજામાં સામગ્રી કરતાં ભાવનાનું મહત્ત્વ વધારે છે. પાર્વતીજીની ભક્તિમાં કોઈ દેખાડો નહોતો; તેમની એકમાત્ર ઈચ્છા ભગવાન શિવને પતિરૂપે પ્રાપ્ત કરવાની હતી. તેમની તપશ્ચર્યા અને અડગ શ્રદ્ધા એટલી પ્રબળ હતી કે અનેક અવરોધો છતાં તેમણે પોતાનો સંકલ્પ છોડ્યો નહીં. આથી વ્રત કરનાર સ્ત્રી માટે પાર્વતીજી માત્ર આરાધ્ય દેવી જ નહીં, પરંતુ ધૈર્ય, સમર્પણ અને અડગ મનોબળનું જીવંત પ્રતીક પણ છે.

# બાંગ્લાદેશને ૪૦ રને હરાવી ભારત વિમેન્સ એશિયા કપની ફાઈનલમાં : શેફાલી વર્માએ રેકોર્ડ નોંધાવ્યો

## શેફાલી વર્માએ ૬૪ રનની ઈનિંગ રમી, દિપ્તી શર્માએ ૩ વિકેટ ઝડપી



**દુબઇ**

શૈફાલી વર્માની ૬૪ રનની ઈનિંગ બાદ દિપ્તી શર્મા (૩ વિકેટ)ની તરખાટ મચાવતી બોલિંગના જોરે ભારતે વિમેન્સ એશિયા કપની સેમિફાઈનલમાં બાંગ્લાદેશને ૪૦ રનથી હરાવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે. હવે પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચે રમાનારી સેમિફાઈનલની વિજેતા ટીમ સામે ભારત ફાઈનલમાં ટકરાશે. અગાઉ ભારતે ટૉસ હારીને બેટિંગ કરતા બીજી ઓવરમાં સ્મૃતિ મંધાના (બે રન) વિકેટ ગુમાવી હતી. એક છેડે શૈફાલી વર્માએ આક્રમક બેટિંગ કરતા સ્કોર બોર્ડને ચલાવી રહી હતી જ્યારે બીજી બાજુ પ્રતીકા રાવલ (૨૦ રન), હરમનપ્રીત કૉર (૨૪ રન)* અને રિચા ઘોષ (૨૧ રન) કરીને આઉટ થઈ હતી. અંતિમ ઓવરમાં દિપ્તી શર્માએ ૧૨ રન કરીને ભારતના સ્કોરને ૧૪૯ સુધી પહોંચાડયો હતો. ૧૫૦ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી બાંગ્લાદેશની મહિલા ટીમે ૬ ઓવરમાં કોઈ પણ વિકેટ ગુમાવ્યા વગર ૩૫ રન કર્યા હતાં. પરંતુ ત્યાર બાદ શ્રીચરણી ( ૧ વિકેટ), નંદની શર્મા ( ૨ વિકેટ) અને દિપ્તી શર્માએ તરખાટ મચાવતા બાંગ્લાદેશને ૨૦ ઓવરના અંતે ૭ વિકેટ પર ૧૦૯ રન પર રોકી ભારતને ૪૦ રનથી જીત અપાવી હતી.

૨૨ વર્ષીય શેફલી વર્માએ માત્ર ૨૧૮૨ બોલમાં પોતાના ૩૦૦૦ ્૨ઠેૈ રન પૂરા કર્યા છે. આ સાથે તે વિશ્વમાં આ સિદ્ધિ મેળવનાર સૌથી યુવા અને સૌથી ઝડપી ખેલાડી બની ગઈ છે. જોકે, ભારત માટે સૌથી વધુ ્૨૦ રન બનાવવાની યાદીમાં સ્મૃતિ મંધાના અને હરમનપ્રીત કૌર બાદ શેફલી ત્રીજા ક્રમે છે.

# ઝવેરેવ, કોકો ગોફ અને રાયબાકિના યુએસ ઓપનની સેમિફાઈનલમાં

## ઝવેરેવ ક્વા. ફાઇનલમાં નેધરલેન્ડ્સના ખેલાડીને સીધા સેટમાં હરાવ્યો



ન્યૂયોર્ક : વર્ષના અંતિમ ગ્રાન્ડ સ્લેમ યુએસ ઓપનમાં એલેક્ઝાન્ડર ઝવેરેવ બોટિક વાન ડી ઝેંડશલ્પને સીધા સેટમાં ૬-૨, ૭-૫, ૬-૧ થી હરાવીને સેમિફઈનલમાં પ્રવેશ્યો છે. આ જીત સાથે જર્મન ખેલાડી ઝવેરેવે એક જ સિઝનમાં ગ્રાન્ડ સ્લેમમાં સૌથી વધુ મેચ જીતવાનો પોતાના દેશનો રેકોર્ડ તોડી નાખ્યો છે. હવે તે ચારેય ગ્રાન્ડ સ્લેમની સેમિફઈનલમાં પહોંચનાર નવમો ખેલાડી બની ગયો છે. બીજી તરફ, વિમેન્સ સિંગલ્સમાં કોકો ગોફે ત્રણ સેટ સુધી ચાલેલા કઠિન મુકાબલામાં જીત નોંધાવીને યુએસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સ સેમિફઈનલમાં પ્રવેશ કર્યો છે. હવે અંતિમ-ચારમાં તેનો મુકાબલો વિશ્વની નવી નંબર વન ખેલાડી રાયબાકીના સામે થશે. ઝવેરેવ આ સિઝનમાં ગ્રાન્ડ સ્લેમ મુકાબલાઓમાં પોતાની ૨૩મી જીત નોંધાવી છે. આ સાથે જ તેણે એક સિઝનમાં કોઈ જર્મન પુરુષ ખેલાડી દ્વારા સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ મેચ જીતવાનો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. આ પહેલા આ રેકોર્ડ બોરિસ બેકરના નામે હતો, જેમણે ૧૯૮૯માં એક સિઝનમાં ૨૨ ગ્રાન્ડ સ્લેમ મુકાબલા જીત્યા હતા. ૨૯ વર્ષીય ઝવેરેવ આ સિઝનમાં એટીપી ટૂર પર ૫૧ મેચ જીતી ચૂક્યો છે અને આ મામલે સૌથી આગળ છે.

આ જીત સાથે ઝવેરેવ એક જ સિઝનમાં ચારેય ગ્રાન્ડ સ્લેમની સેમિફઈનલમાં પહોંચનાર ઓપન એરાના નવમા પુરુષ ખેલાડી બની ગયો છે. તેણે આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં સેમિફઈનલ સુધીની સફ્ર ખેડી હતી.

વિમેન્સ સિંગલ્સમાં અમેરિકાની કોકો ગોફે ત્રણ સેટ સુધી ચાલેલા કઠિન મુકાબલામાં મીરા એન્ડ્રીવાને ૨-૬, ૭-૬ (૭), ૬-૨ થી હરાવીને સેમિફઈનલમાં જગ્યા બનાવી છે. હવે તેનો મુકાબલો વિશ્વની નવી નંબર વન ખેલાડી એલેના રાયબાકીના સામે થશે. રાયબાકીનાએ ઝેંગ કિનવેનને ૩-૬, ૬-૧, ૬-૪ થી હરાવી હતી.

# ICC ટેસ્ટ રેન્કિંગ : જસપ્રીત બુમરાહ એક સ્થાન નીચે સરક્યો

**દુબઈ :** ICC દ્વારા જાહેર કરાયેલી ટેસ્ટ રેન્કિંગમાં ભારતના સ્ટાર પેસર જસપ્રીત બુમરાહને એક સ્થાનનું નુકસાન થયું છે. શ્રીલંકા સામેની ટેસ્ટ સિરીઝ ન રમવાના કારણે બુમરાહ બીજા સ્થાનેથી સરકીને ત્રીજા ક્રમે પહોંચ્યો છે, જ્યારે મોહમ્મદ સિરાજ એક સ્થાનના સુધારા સાથે ૧૭મા ક્રમે પહોંચ્યો છે. બેટિંગ રેન્કિંગમાં ભારતીય કેપ્ટન શુભમન ગિલ બે સ્થાન નીચે ખસકીને નવમા ક્રમે આવી ગયો છે, જ્યારે વિકેટકીપર રિષભ પંત સાતમા અને યશસ્વી જયસ્વાલ ૧૧મા ક્રમે યથાવત છે. બીજી તરફ્, ટેસ્ટ ઓલરાઉન્ડર્સની યાદીમાં ભારતનો દબદબો યથાવત રહ્યો છે.

# ઈસ્ટ ઝોને ૧૩ વર્ષ બાદ દુલીપ ટ્રોફી જીતી

## બે ઈનિંગમાં ૩૫૦ રન બનાવનાર ઈશાન કિશન ‘પ્લેયર ઓફ ધ ફાઈનલ’ બન્યો



**ચેન્નઈ**

કેપ્ટન ઈશાન કિશનના (૨૭૦શ્૮૦ રન) ઐતિહાસિક પ્રદર્શનની મદદથી ઈસ્ટ ઝોને ૧૩ વર્ષના લાંબા અંતરાલ બાદ દુલીપ ટ્રોફી ૨૦૨૬નો ખિતાબ પોતાના નામે કર્યો હતો. ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં રમાયેલી ફઈનલ મેચ પાંચમાં દિવસના અંતે ડ્રોમાં પરિણમી હતી, પરંતુ પ્રથમ દાવમાં મેળવેલી ૩૭૨ રનની તોતિંગ સરસાઈના આધારે ઈસ્ટ ઝોન ચેમ્પિયન જાહેર કરવામાં આવ્યું હતું. મેચમાં ઈસ્ટ ઝોને પ્રથમ દાવમાં ૭૦૮ રનનો વિશાળ સ્કોર નોંધાવ્યો હતો. જેની સામે સાઉથ ઝોનની ટીમ માત્ર ૩૩૬ રનમાં સમેટાઈ ગઈ હતી. ત્યારબાદ ઈસ્ટ ઝોને બીજો દાવ ૩૮૮/૭ના સ્કોરે ડિક્લેર કર્યો હતો. કેપ્ટન ઈશાન કિશને પ્રથમ દાવમાં ૨૭૦ રન અને બીજા દાવમાં ૮૦ રન ફટકાર્યા હતા. આ શાનદાર દેખાવ બદલ તેને ‘પ્લેયર ઓફ્ ધ ફઈનલ’ જાહેર કરવામાં આવ્યો હતો.

# એશિયન ગેમ્સમાં ખેલાડીઓએ ફિક્સિંગથી દૂર રહેવા લેખિત બાંહેધરી આપવી પડશે

**ટોક્યો**

જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓ આ વખતે દેશનું પ્રતિનિધિત્વ કરવા મેદાનમાં ઉતરશે ત્યારે તેઓ સત્તાવાર રીતે નૈતિકતાના બંધનમાં પણ બંધાયેલા હશે. ભારતીય ખેલાડીઓએ ૧૯ સપ્ટેમ્બરથી આઈચી-નાગોયામાં યોજાનારી આ ગેમ્સમાં ભાગ લેતા પહેલા પોતાની ફિટનેસ અને ડોપિંગના નિયમોની જાણકારી હોવા સાથે દેશનું નામ ખરાબ ન કરવા, મેચ ફિક્સિંગ અને સટ્ટાબાજીથી દૂર રહેવા માટેનું શપથપત્ર (એફિડેવિટ) આપવું પડશે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ્ ઈન્ડિયા એ તમામ રમત સંઘોને એશિયાડમાં ભાગ લેનારા ખેલાડીઓ અને કોચ પાસે શપથપત્ર ભરાવવા અને નેશનલ સ્પોર્ટ્સ રિપોઝિટરી સિસ્ટમ પર રજિસ્ટ્રેશન કરાવવાનો નિર્દેશ આપ્યો છે. આ અંતર્ગત ખેલાડીએ પોતાની અને પોતાના ગ્રાસરૂટથી લઈને એલિટ સ્તરના કોચની માહિતી પૂરી પાડવી પડશે. શપથપત્ર હેઠળ ખેલાડીઓએ પોતાનું મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ પણ જોડવું પડશે.

### દાંતનું પણ પરીક્ષણ કરાવવું પડશે

આ સાથે જ તમામ ખેલાડીઓનું મેડિકલ ફિટનેસ પ્રમાણપત્ર ફરજિયાત કરવામાં આવ્યું છે. ઉપરાંત ખેલાડીઓના દાંતનું પરીક્ષણ પણ ફરજિયાત કરવામાં આવ્યું છે. રમત સંઘે કોઈ માન્યતા પ્રાપ્ત ડૉક્ટર પાસેથી ફિટનેસ પ્રમાણપત્ર ઉપલબ્ધ કરાવવું પડશે. જો કોઈ ખેલાડી રિહેબિલિટેશનમાં હોય તો તેણે એશિયાડમાં જવા માટે મેડિકલ પ્રમાણપત્ર આપવું પડશે.

# વિમેન્સ જુનિયર એશિયા કપમાં ભારતની હોકી ટીમે પાકિસ્તાનને ૧૯-૦થી કચડયું

## પૂજાની હેટ્રિક, હાફ્ ટાઇમ સુધીમાં ભારતે ૧૦-૦ની અજેય લીડ મેળવી લીધી

**મોક્વી**

ભારતીય વિમેન્સ હોકી ટીમે જુનિયર એશિયા કપના ક્વાર્ટર ફઈનલમાં પાકિસ્તાનને ૧૯-૦થી કચડી સેમિફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે.ગ્રુપ સ્ટેજમાં ભારતીય ટીમ જાપાન, મલેશિયા અને સાઉથ કોરિયાને હરાવીને અજેય રહી હતી. હવે સેમિફઈનલમાં ભારતનો સામનો સાઉથ કોરિયા અને મલેશિયા વચ્ચેની ક્વાર્ટર ફઈનલ મેચના વિજેતા સામે થશે. અગાઉ ૨૦૨૩ અને ૨૦૨૪માં ચેમ્પિયન બનેલી ભારતીય ટીમની નજર હવે હેટ્રિક ખિતાબ પર છે. ભારતે મેચની પહેલી મિનિટથી જ આક્રમક રમત દાખવીને મેચની ૭મી મિનિટે પૂજા સાહુએ પહેલો ગોલ ફટકાર્યો હતો. ત્યારબાદ માત્ર બે જ મિનિટમાં રોશની ઐંદે ગોલ કરીને લીડ બમણી કરી દીધી હતી. ભારતીય ટીમે એટેકિંગ રમત દાખવતા ૧૧મી મિનિટે તનુશ્રી દિનેશ કડુ, ૧૩મી મિનિટે સુખવીર કૌર અને સાનિકા ચંદ્રકાંત માનેએ ગોલ ફટકાર્યા હતા. પ્રથમ હાફમાં જ ભારતે પાકિસ્તાન પર ૧૦-૦ની તોતિંગ સરસાઈ મેળવી લીધી હતી. મધુ સિદારે ૧૬મી મિનિટે અને ગીતા યાદવે ૧૮મી મિનિટે સ્કોર કર્યો હતો. સાનિકા માનેએ ૨૩મી મિનિટે પોતાનો બીજો ગોલ નોંધાવ્યો હતો, જ્યારે તનુજા ટોપ્પોએ ૨૫મી, પૂજા મલિકે ૨૭મી અને પૂર્ણિમા યાદવે ૩૩મી મિનિટે ગોલ ફટકારીને પાકિસ્તાનને બેકફૂટ પર ધકેલી દીધું હતું.



# ઓસ્ટ્રેલિયા છ સામેની સિરીઝ માટે ઈન્ડિયા છ ટીમ જાહેર કરાઈ

નવી દિલ્હી : ભારત પ્રવાસે આવી રહેલી ઓસ્ટ્રેલિયા A ટીમ સામેની હોમ સિરીઝ માટે BCCIએ ઈન્ડિયા A ટીમની સત્તાવાર જાહેરાત કરી છે. આ સિરીઝ થકી લાંબા સમય બાદ સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડયાની વન-ડે ટીમમાં વાપસી થઈ છે, જોકે તેનું મેદાન પર ઊતરવું ફિટનેસ ટેસ્ટ પર નિર્ભર રહેશે. પુડુચેરી ખાતે રમાનારી આ સિરીઝમાં ૬ ઓક્ટોબરથી શરૂ થતી ત્રણ વન-ડે મેચો માટે રૂતુરાજ ગાયકવાડને કેપ્ટન અને દેવદત્ત પડિક્કલને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે. જ્યારે ૨૨ સપ્ટેમ્બરથી રમાનારી બે મલ્ટી-ડે (રેડ-બોલ) મેચો માટે દેવદત્ત પડિક્કલને સુકાનીપદ સોંપવામાં આવ્યું છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં શાનદાર દેખાવ કરનાર વિકેટકીપર કુમાર કુશાગ્રને બંને ફેર્મેટમાં તક મળી છે.

# મધ્યપ્રદેશમાં ઝેરી દારૂથી 15 વ્યક્તિનાં મોત, 16ની ધરપકડ

## કરણી સેનાના સંભાગીય અધ્યક્ષ ચંદ્રભાન સિંહ, મનીષ લોધી અને અન્ય એક સંબંધીએ મળીને ઝેરી દારૂ બનાવવાનું કાવતરું ઘડ્યું

**ભોપાલ**

મધ્ય પ્રદેશના સાગર જિલ્લામાં ઝેરી દારૂ પીવાથી અત્યાર સુધીમાં 15 લોકોનાં મોત થયા છે, જ્યારે આશરે 40 લોકો હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેમાં 3 દર્દીઓની સ્થિતિ નાજુક છે. મૃતકોમાં દારૂના ગેરકાયદે વેપાર સાથે સંકળાયેલ એક આરોપી પણ સામેલ છે. પોલીસે કુલ 30 આરોપીઓની ઓળખ કરી છે અને 16 આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે બાકીના આરોપીઓની શોધખોળ ચાલુ છે. આ ગંભીર ઘટનાને પગલે પોલીસ તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે અને ગેરકાયદે દારૂના સમગ્ર નેટવર્ક સુધી પહોંચવા કાર્યવાહી તેજ કરવામાં આવી છે.



પોલીસની પૂછપરછમાં સામે આવ્યું કે કરણી સેનાના સંભાગીય અધ્યક્ષ ચંદ્રભાન સિંહ, તેના સાથી મનીષ લોધી અને અન્ય એક સંબંધીએ મળીને ઝેરી દારૂ બનાવવાનું કાવતરું ઘડ્યું હતું. મકાઈના ખેતરમાં સ્પિરિટ લાવવામાં આવી હતી અને મનીષ લોધીએ રવિ લખેડા નામના તસ્કર સાથે મળીને તેમાંથી ઝેરી દારૂ તૈયાર કર્યો હતો. દારૂ સપ્લાય કરનાર એક આરોપીએ પણ આ દારૂ પીધો હતો અને તેનું પણ મોત થયું હતું. સાગરના ગુગરા ખુડા ગામમાં ભારે માતમ છવાયો છે. અહીં અત્યાર સુધીમાં 5 લોકોનાં મોત થયાં છે, જેમાં બે સગા ભાઈઓ અને એક પિતરાઈ ભાઈ સહિત એક જ પરિવારના 3 સભ્યોનો સમાવેશ થાય છે. પીડિત પરિવારોની ફરિયાદોના આધારે પોલીસે 3 અલગ-અલગ ગુના નોંધ્યા છે.

ઘટનાસ્થળે પહોંચેલા મુખ્યમંત્રી મોહન યાદવે પીડિત પરિવારોની મુલાકાત કરી હતી અને કસૂરવારો સામે આકરી કાર્યવાહી કરવા વહીવટી તંત્રને આદેશ આપ્યો છે. તેમણે જણાવ્યું હતું કે અગાઉ બનાવાયેલા કડક કાયદા હેઠળ આવા કેસમાં આજીવન કેદ અથવા મૃત્યુદંડ સુધીની સજાની જોગવાઈ છે. બેદરકારી બદલ 3 આબકારી અધિકારીઓ અને 2 પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરાયા છે. ઘટનાને લઈને રાજકારણ પણ ગરમાયું છે. વિધાનસભામાં વિપક્ષના નેતા ઉમંગ સિંઘારે મુખ્યમંત્રીને પત્ર લખી ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે. તેમણે વરિષ્ઠ પોલીસ અને આબકારી અધિકારીઓની ભૂમિકાની તપાસ તથા સમગ્ર રાજ્યમાં ગેરકાયદે દારૂ સામે ખાસ અભિયાન ચલાવવાની માંગ કરી છે.

# ઈ-કોમર્સમાં નકલી ડિસ્કાઉન્ટ બંધ કરવા નિયમો જાન્યુઆરીથી અમલી

**નવી દિલ્હી**

નવી દિલ્હીમાં કેન્દ્ર સરકારે ઓનલાઈન શોપિંગ પારદર્શક અને ન્યાયી બનાવવા નવા ઈ-કોમર્સ નિયમો જાહેર કર્યા છે, જે 1 જાન્યુઆરી 2027થી અમલમાં આવશે. ગ્રાહક બાબતોના મંત્રાલયે તૈયાર કરેલા નિયમો લાખો ખરીદદારો અને ડિજિટલ પ્લેટફોર્મને અસર કરશે, કપટપૂર્ણ ડિસ્કાઉન્ટ અને છૂપાયેલા ચાર્જ બંધ થશે. 2025માં નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન પર 17.71 લાખ ફરિયાદોમાંથી 29 ટકા ફરિયાદો ઈ-કોમર્સ ક્ષેત્રની હતી, તેથી આ નિર્ણય જરૂરી હતો. નવા નિયમો ગ્રાહકોને ગેરમાર્ગે દોરનારી ઓફર અને સર્ચ હેરફેરથી સુરક્ષા આપશે. કંપનીઓને સોફ્ટવેર, અલ્ગોરિધમ્સ અને સેલર નીતિઓમાં સુધારા માટે 31 ડિસેમ્બર 2026 સુધીનો સમય અપાયો છે. ગ્રાહક સુરક્ષા સંશોધન નિયમો 2026 મુજબ કિંમત ઘટાડાની જાહેરાત વખતે ઘટાડેલી કિંમત અને પહેલાની કિંમત જાહેર કરવી પડશે. જૂની કિંમત એટલે જાહેરાતના 30 દિવસમાં જે સૌથી ઓછી કિંમતે પ્રોડક્ટ વેચાઈ હતી. સર્ચ રિઝલ્ટમાં હેરફેરથી રોકશે, સ્પોન્સર્ડ લિસ્ટિંગની સ્પષ્ટ ઓળખ આપવી પડશે. ડાર્ક પેટર્ન માર્ગદર્શિકા 2023નું પાલન, વાર્ષિક સેલ્ફ ઓડિટ અને પાલનનું સર્ટિફિકેટ રજૂ કરવું પડશે.

# ઝારખંડમાં પતિના ત્રાસથી મહિલાએ 8 માસના બાળક સાથે આગ ચાંપીને છત પરથી ઝંપલાવ્યું

## બાળકને છાતીએ વળગાડી મહિલા ઓફિસ પરથી કૂદી, પતિએ આરોપો ફગાવ્યા

**રાંચી**

ઝારખંડના ધનબાદમાં કરુણ ઘટના સામે આવી છે. 26 વર્ષીય મહિલા સહાના પરવીને 8 મહિનાના માસૂમ બાળકને સાથે લઈ બંનેને આગ ચાંપી આત્મહત્યાનો પ્રયત્ન કર્યો હતો. આગ લગાવ્યા બાદ બાળકને લઈ છત પરથી કૂદી ગઈ હતી, બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઘટનાની જાણ થતા સ્થાનિકો એકઠા થયા હતા અને જીવ બચાવવાની કોશિશ કરી હતી.

આગની લપેટમાં આવ્યા બાદ સહાનાએ બાળકને છાતીએ વળગાડી એડવોકેટની ઓફિસ ઉપરથી છલાંગ લગાવી હતી. નીચે પડવાથી કાર્યાલયનું પતરું તૂટી અંદરના ટેબલ પર પડ્યા હતા. સ્થાનિકોની મદદથી માતા પુત્રને હોસ્પિટલ ખસેડાયા હતા, સારવાર ચાલી રહી છે. ડૉક્ટરોએ જણાવ્યું બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે, વિસ્તારમાં અફડાતફડી સર્જાઈ હતી.

પિતાએ જમાઈ અને સાસરા પક્ષ પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમના મુજબ સાસરે વિવાદ ચાલતો હતો અને એક દિવસ પહેલા પતિ રાજા અંસારીએ મારપીટ કરી હતી. આરોપ છે કે દીકરી અને બાળકને આગ લગાવી છત પરથી ધક્કો માર્યો છે, નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. પતિ રાજા અંસારીએ આરોપો ફગાવ્યા છે, કહ્યું ઘટના સમયે ઘરે નહોતો, પોતાના માતાપિતા સાથે સામાન લેવા બહાર ગયો હતો, પરત ફરતા મોટી ભીડ જોઈ હતી.સમયે ઘરે નહોતો, માતાપિતા સાથે સામાન લેવા બહાર ગયો હતો, પરત ફરતા ઘર બહાર ભીડ જોઈ હતી.

# 'હા, મે જ નીટ અને ટ્રે-3ના પેપર લીક કર્યા...', EOU સામે સંજીવ મુખિયાએ ગુનો સ્વીકાર્યો

## સંજીવ નાલંદા કોલેજની બ્રાન્ચમાં ટેકનિકલ સહાયક હતો અને સોલ્વર ગેંગ ચલાવતો હતો

**નવી દિલ્હી**

પેપર લીક માફિયા તરીકે કુખ્યાત સંજીવ મુખિયાને લઈને મોટો ખુલાસો થયો છે. પટનામાં આર્થિક અપરાધ એકમ દ્વારા કરવામાં આવેલી કડક પૂછપરછમાં તેણે અનેક પરીક્ષાઓના પેપર લીક મામલે પોતાની સંડોવણી સંપૂર્ણપણે કબૂલી લીધી છે. તેણે આખા નેટવર્ક અને પોતાની ભૂમિકા અંગે મહત્ત્વપૂર્ણ ખુલાસા કરતા તપાસ એજન્સી હવે કડીઓ જોડી રહી છે.

પૂછપરછમાં સંજીવે 2017 ની નીટ પેપર લીક, 2023 ની CSBC સિપાહી ભરતી અને BPSC શિક્ષક બહાલી ટ્રે-3 પેપર લીકમાં પોતાનો ગુનો સ્વીકાર્યો છે. એજન્સી આ કૌભાંડના પ્લાનિંગ અને ઉમેદવારો સુધી પ્રશ્નપત્રોના વિતરણની વિગતો મેળવી રહી છે. નાલંદા જિલ્લાના નગરસૌનાનો રહેવાસી સંજીવ નાલંદા કોલેજની નૂરસરાય બ્રાન્ચમાં ટેકનિકલ સહાયક હતો અને વર્ષોથી સોલ્વર ગેંગ ચલાવતો હતો.

નીટ-UG 2024 કેસમાં નામ સામે આવ્યા બાદ 11 મહિના સુધી ફરાર રહેલા આ આરોપીની 24-25 મે 2025 ની મધ્યરાત્રીએ પટનાના સગુના મોડ નજીકના એપાર્ટમેન્ટમાંથી ધરપકડ કરવામાં આવી હતી. જોકે, જુલાઈ 2026 માં CBI ની તપાસમાં તેને નીટ-UG 2024 મામલે મોટી રાહત અને ક્લીન ચિટ મળી હતી. કાવત્રાનું કેન્દ્ર ઝારખંડનું હજારીબાગ સ્થિત ઓસિસ સ્કૂલ હતું અને કોઈ સબૂત ન મળતા સુપ્રીમ કોર્ટ તથા CBI ની ચાર્જશીટમાં તેનું નામ સામેલ નહોતું.

# SIRમાં નામ મિસમેચ થતાં ભારત રત્ન પ્રો. CNR રાવને ચૂંટણી પંચની નોટિસ

**બેંગ્લોર**

ચૂંટણી પંચની SIR ગરબડવાળી યાદીમાં જાણીતા વૈજ્ઞાનિક અને ભારત રત્નથી સન્માનિત પ્રો. સી.એન.આર. રાવ તથા પદ્મશ્રી પુરસ્કાર વિજેતા હરેકલા હજબ્બાનું નામ પણ સામેલ છે. પ્રો. રાવનું નામ 2002ની યાદી સાથે ન મળવાને કારણે માર્ક કરવામાં આવ્યું હતું, પરંતુ બેંગલુરુ અર્બન ડિસ્ટ્રિક્ટ ઈલેક્શન ઓફિસર મહેશ્વર રાવે જણાવ્યું કે તેમને કોઈ નોટિસ મોકલવામાં આવી નથી અને તેમના બૂથ-લેવલ ઓફિસરે આખરી યાદીમાં તેમનો સમાવેશ કરવાની ભલામણ કરી છે. બીજી તરફ હજબ્બાને તેમના નામના મિસમેચના કારણે નોટિસ મળી છે. ભાજપના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાનો SIR વિવાદ હજુ શમ્યો નથી. પંજાબના વોટર લિસ્ટમાંથી રાઘવ ચઢ્ઢાનું નામ હટી જવાથી રાજકારણ ગરમાયું છે. આ વચ્ચે એક SIR કાંડે હલચલ મચાવી દીધી છે. હવે પીએમ મોદીના વિશ્વાસુ નંદન નિલેકણીનું નામ જ SIRની ગરબડ વાળી લિસ્ટમાં સામેલ છે. કર્ણાટકમાં વોટર લિસ્ટના 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) દરમિયાન બહાર આવેલી યાદીમાં નંદન નીલેકણિ અને તેમના પરિવારજનોના નામો સામેલ કરવામાં આવ્યા છે.

# મુંબઈમાં નકલી ઇન્કમ ટેક્સ અધિકારીઓ બની 1 કરોડ માંગનાર 10 આરોપી ઝડપાયા

## ઓફિસના લેન્ડલાઈન કાપી દીધા, કર્મચારીઓના ફોન જપ્ત કરી લીધા

**મુંબઈ**

મુંબઈના અંધેરીમાં સ્પેશિયલ 26 ફિલ્મની તર્જ પર ઇન્કમ ટેક્સ અને ક્રાઈમ બ્રાન્ચના નકલી અધિકારી બની દરોડા પાડતી એક ગેંગનો પોલીસે પર્દાફાશ કર્યો છે. આ ટોળકીએ એક વેપારીના ઘરે જઈને પોતાની ઓળખ આપી વિભાગીય કાર્યવાહી ચાલુ હોવાનું જણાવીને ડરાવ્યા હતા. ત્યારબાદ આરોપીઓ વેપારી અને તેમની પત્નીને જબરદસ્તી કારમાં બેસાડીને બિઝનેસ પરિસરમાં લઈ ગયા હતા. પોલીસે તપાસ કરીને કુલ 10 આરોપીઓને ઝડપી લીધા છે. આરોપીઓ જ્યારે ઓફિસમાં પહોંચ્યા ત્યારે હાજર 11 કર્મચારીઓ સમક્ષ પણ નકલી સરકારી ઓળખપત્રો બતાવ્યા હતા જેથી સમગ્ર કાર્યવાહી સાચી સરકારી રેડ જેવી જ લાગે. આ નકલી રેડ વખતે આરોપીઓએ ઓફિસના લૅન્ડલાઈન ફોનના તાર કાપી નાખ્યા હતા અને વેપારી, પત્ની તેમજ તમામ 11 કર્મચારીઓના મોબાઈલ ફોન જપ્ત કરી પોતાના કબજામાં લઈ લીધા હતા. કર્મચારીઓને એક રૂમમાં બંધ કરી બહાર જવા પર રોક લગાવી હતી. ત્યારબાદ આરોપીઓએ વેપારી અને તેની પત્નીને કાર્યવાહીનો ડર બતાવીને ગાળો આપી મામલો પતાવવા 1 કરોડની માંગણી કરી હતી.

# પાંચ રાજ્યોમાં રેલવે નેટવર્કનું વિસ્તરણ કરાશે, 10,783 કરોડના પ્રોજેક્ટને મંજૂરી

## તમામ 7 વ્યસ્ત કોરિડોરને ચાર-લેન બનાવવાની મંજૂરી આપવામાં આવી

**નવી દિલ્હી**

કેબિનેટ બેઠકમાં રેલવેના આધુનિકીકરણ સાથે જોડાયેલા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરવામાં આવી હતી. સરકાર દેશના 7 સૌથી વ્યસ્ત રેલવે કોરિડોરને ચાર-લેન અને ચાર-ટ્રેકવાળા બનાવવાનું કામ કરી રહી છે. આ પ્રોજેક્ટ્સ પાછળ અંદાજે 10,783 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે અને આનાથી લગભગ 656 કિલોમીટર નવી રેલ લાઇનો જોડાશે અથવા અપગ્રેડ થશે. દિલ્હીથી મુંબઈ, મુંબઈથી ચેન્નઈ, ચેન્નઈથી કોલકાતા અને કોલકાતાથી દિલ્હી થઈને ફરી મુંબઈ સુધીનો રૂટ 'ગોલ્ડન ક્વાડ્રિલેટરલ' બનાવે છે. આ ઉપરાંત દિલ્હીથી ચેન્નઈ, મુંબઈથી કોલકાતા અને દિલ્હીથી ગુવાહાટીના રૂટનો પણ સમાવેશ થાય છે. આ તમામ 7 વ્યસ્ત કોરિડોરને ચાર-લેન બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. દેશના કુલ 11,000 કિલોમીટરના હાઈ-ડેન્સિટી કોરિડોર પૈકી 7 કોરિડોર એવા છે જ્યાં રેલવેનું લગભગ 40 ટકા ટ્રાફિક ચાલે છે. આમાંથી આશરે 2,000 કિલોમીટરનું કામ પહેલેથી જ પૂરું થઈ ચૂક્યું છે અને ત્યાં ચાર લાઇનો બિછાવી દેવામાં આવી છે. આશરે 5,000 કિલોમીટર પર કામ ચાલી રહ્યું છે અથવા તેને મંજૂરી મળી ચૂકી છે.

# મહારાષ્ટ્રના નાંદેડ ભોકર હાઈવે પર ટ્રક અને ટાટા મેજિક વાન વચ્ચે ગમખ્વાર અકસ્માત : 9ના મોત

## વાનના ફુરચા ઉડી જતાં મૃતદેહો રોડ પર વેરવિખેર થયા, ગામલોકો બચાવવા દોડી આવ્યા

**મહારાષ્ટ્ર**

મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. પૂરપાટ ઝડપે આવી રહેલા ટ્રક અને ટાટા મેજિક પેસેન્જર વાન વચ્ચે સામસામે જોરદાર ટક્કરમાં 9 લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે 3 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને સરકારી હોસ્પિટલમાં ખસેડાયા છે, કેટલાકની હાલત નાજુક હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા છે. ઘટના સાંજે 6.30 વાગ્યે નાંદેડ ભોકર હાઈવે પર વાકદ નજીક સીતાખંડીમાં બની હતી.

અહેવાલો મુજબ ભોકરથી નાંદેડ તરફ જઈ રહેલા બેફામ ટ્રકે સામેથી આવી રહેલી ટાટા મેજિક વાનને ધડાકાભેર ટક્કર મારી હતી. બંને વાહનોની ગતિ વધારે હોવાથી વાનના ફુરચેફુરચા ઊડી ગયા હતા અને ફંગોળાઈને રસ્તાની બાજુમાં ખાબકી હતી. વાનમાં કુલ 12 મુસાફરો સવાર હતા જે તમામ સ્થાનિક હતા. ટક્કર પ્રચંડ હોવાથી 9 લોકોએ સ્થળે જ દમ તોડ્યો હતો અને રોડ પર મૃતદેહો વેરવિખેર થઈ ગયા હતા.

અકસ્માતનો ભયાનક અવાજ સાંભળી આસપાસના ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પોલીસ તથા એમ્બ્યુલન્સને જાણ કરી હતી. સ્થાનિકોની મદદથી 3 ઈજાગ્રસ્તોને તાબડતોબ ભોકર અને નાંદેડની સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ટક્કર બાદ ટ્રકનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો, ડ્રાઈવર કેબિનમાં ફસાઈ ગયો હતો. પોલીસ અને બચાવ દળે ભારે જહેમત બાદ તેને બહાર કાઢ્યો હતો, ભૂલ કોની હતી તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# યુપીમાં ચૂંટણી જીતીશું તો 1 કરોડ મહિલાને 1-1 લાખ આપીશું - યોગી આદિત્યનાથ

**મુંબઈ**

ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલા યોગી સરકાર મહિલાઓ માટે એક મોટી આર્થિક યોજના લાવવાની તૈયારી કરી રહી છે. આ યોજના હેઠળ પ્રદેશની 1 કરોડ મહિલાઓને 1-1 લાખ રૂપિયા આપવામાં આવશે, જે સીધા તેમના બેન્ક ખાતામાં જમા થશે. આ રકમ મહિલાઓને ત્રણ અલગ-અલગ હપ્તામાં આપવામાં આવશે. યોજના મુજબ પ્રથમ હપ્તો 20,000 રૂપિયાનો ડિસેમ્બરમાં આપવામાં આવશે, બીજો હપ્તો 30,000 રૂપિયાનો અને ત્રીજો હપ્તો 50,000 રૂપિયાનો રહેશે. આમ, કુલ એક લાખ રૂપિયા સીધા ખાતામાં પહોંચશે. બિહારમાં પણ ગત વર્ષે ચૂંટણી પહેલા આ પ્રકારની યોજના શરૂ કરવામાં આવી હતી.

# દિમાગી નક્સલી અને નારાજ ફુફા ટિપ્પણી પર ચિદમ્બરમનો પલટવાર

**નવી દિલ્હી**

કોંગ્રેસ નેતા પી. ચિદમ્બરમે પીએમ મોદીએ કરેલી દિમાગી નક્સલી અને નારાજ ફુફા જેવી ટિપ્પણી પર વળતો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે મને દિમાગી નક્સલી હોવા પર ગર્વ છે. તેમજ નારાજ ફુફા અંગે જણાવ્યું કે તે નિરર્થક છે. વડાપ્રધાન ઘણી વાર નવા શબ્દો આપે છે. જે સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બને છે. તેમણે વડાપ્રધાન મોદીને સ્વ-ઘોષિત કવિ ગણાવતા કહ્યું કે તે ગુજરાતીમાં કવિતાઓ લખે છે અને નવા શબ્દો અને સૂત્રો બનાવે છે.

ચિદમ્બરમના જણાવ્યા મુજબ, વડાપ્રધાને પહેલા "અચ્છે દિન આને વાલે હૈ" જેવા સૂત્રો રજૂ કર્યા હતા અને છેલ્લા 12 વર્ષમાં લગભગ 20 થી 25 સૂત્રો બનાવ્યા છે. તેમજ દિમાગી નક્સલી અને નારાજ ફુફા આ કડીમાં નવા શબ્દો છે. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાનની ટિપ્પણી સોશિયલ મીડિયા પર, ખાસ કરીને જેન ઝી વચ્ચે ચર્ચાનો વિષય બની રહી છે. તેમણે દાવો કર્યો હતો કે દિમાગી નક્સલી અને નારાજ ફુફા શબ્દોની આસપાસ અસંખ્ય મીમ્સ બનાવવામાં આવી રહ્યા છે. ચિદમ્બરમે ઉલ્લેખ કર્યો હતો કે જ્યારે તેમણે લખ્યું હતું કે તેમને દિમાગી નક્સલી હોવાનો ગર્વ છે ત્યારે તેમની પોસ્ટને 55 લાખ લાઈક્સ મળી હતી.

# દિલ્હીમાં પ્રદર્શન કરનાર વિદ્યાર્થીને 5 લાખની નોટિસ આપવા બદલ સુપ્રીમ કોર્ટ નારાજ થઈ

## SCના આદેશનું ઉલ્લંઘન કરી મેજિસ્ટ્રેટે કાર્યવાહી કરતા સર્વોચ્ચ અદાલતે ફટકાર લગાવી

**નવી દિલ્હી**



નવી દિલ્હીના જંતર મંતર ખાતે વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા ગૌતમ બુદ્ધ યુનિવર્સિટીના વિદ્યાર્થીને નોટિસ મોકલનાર એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સામે સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી દર્શાવી છે. અદાલતે અગાઉ નિર્દેશ આપ્યો હતો કે વિદ્યાર્થીઓ સામે કોઈપણ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં. આ આદેશનું ઉલ્લંઘન કરી નોટિસ મોકલાતા મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે આકરા શબ્દોમાં પૂછ્યું હતું કે મેજિસ્ટ્રેટ પાસે કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરવાની હિંમત ક્યાંથી આવી હતી.

બુધવારે વકીલે મુખ્ય ન્યાયાધીશની કોર્ટ સમક્ષ આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે સ્પષ્ટ આદેશ છતાં એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટે વિદ્યાર્થીને નોટિસ મોકલીને કોર્ટનો તિરસ્કાર કર્યો છે. આ બેન્ચમાં જસ્ટિસ જોયમલ્યા બાગચી અને વી. મોહના પણ સામેલ હતા. બેન્ચે વકીલને તમામ હકીકતો રેકોર્ડ પર મૂકવા જણાવ્યું છે જેથી કોર્ટ આ મામલે યોગ્ય સ્પષ્ટતા માંગી શકે.

# તમિલનાડુમાં સ્માર્ટ સિટી મિશન હેઠળ 10 હજાર કરોડના કૌભાંડ કર્યાનો સીએજી રિપોર્ટમાં ધડાકો

## સરકારી નાણાંથી કાર, ટીવી ખરીદાયા, શહેરોમાં નિયમો નેવે મૂકી કરોડોના કામો થયા

**ચેન્નઈ**

કંટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા સ્માર્ટ સિટી મિશનની તપાસમાં ગંભીર ખામીઓ પકડાઈ હતી. 2015થી 2023 વચ્ચે આશરે 10,000 કરોડના પ્રોજેક્ટ્સનું ઓડિટ કરાયું હતું, જેમાં નિયમોનું ઉલ્લંઘન, નાણાંનો દુરુપયોગ અને મંજૂરી વિના કામોના કિસ્સા સામે આવ્યા હતા, ખાસ કરીને તમિલનાડુમાં ભારે અનિયમિતતા જોવા મળી હતી.

અહેવાલ મુજબ 1,602.2 કરોડના 52 પ્રોજેક્ટ્સમાં નિયમો નેવે મૂકી મનસ્વી ફેરફારો કરાયા હતા, જ્યારે 623.86 કરોડના 44 પ્રોજેક્ટ્સ કોઈ પૂર્વ આયોજન વિના શરૂ કરાયા હતા. 184.71 કરોડના 21 પ્રોજેક્ટ્સ નક્કી વિસ્તાર બહાર બનાવાયા હતા, જ્યારે 21.42 કરોડના 5 પ્રોજેક્ટ્સ માત્ર રોજબરોજના સામાન્ય કામો હતા. તિરુનેલવેલીમાં સૌથી વધુ ગેરરીતિ સામે આવી હતી, જ્યાં 314.62 કરોડના 15 પ્રોજેક્ટ્સ વિના મંજૂરીએ શરૂ કરાયા હતા.

ઓડિટમાં છ શહેરોએ 23.83 કરોડ મંજૂરી વિના વાપર્યું હતું, ગાડી, કમ્પ્યુટર, કાનૂની ખર્ચ, હોલ રિનોવેશન અને 110 ઈંચ ટીવી ખરીદાયા હતા. ચેન્નઈએ જાહેરાતો પાછળ 66.58 લાખ, સલાહકારો પાછળ 18.44 લાખ અને પુનર્વસન પાછળ 15.33 કરોડ ખર્ચ્યા હતા. ઈરોડે પગાર માટે 2.59 કરોડ, સેલમે 2.95 કરોડ ટ્રાન્સફર કર્યા હતા, મદુરાઈએ કોન્ટ્રાક્ટરોને 48.36 લાખ ચૂકવ્યા હતા, એસપીવી કંપની માત્ર 10 લાખમાં બનાવાઈ હતી.

# નવી દિલ્હીમાં ઘોંઘાટનો વિરોધ કરતા મણિપુરના સંગીતકારની હત્યા કરાઈ

**નવી દિલ્હી**

નવી દિલ્હીમાં મણિપુરના સંગીતકાર અને ગિટારિસ્ટ સી. વિક્રમસિંહની ટોળાએ ઢોર માર મારી હત્યા કરી હતી. વિક્રમસિંહે ઘર બહાર ભારે ઘોંઘાટનો વિરોધ કર્યો હતો, બે ઢાબા સાથે જોડાયેલા લોકોએ તેમને માર માર્યો હતો, સારવાર દરમિયાન મોત થયું હતું, પૂર્વોત્તરના લોકોની સુરક્ષા પર સવાલો ઉઠ્યા છે.

રવિવારે રાતે 11.30 વાગ્યે વિક્રમસિંહ ત્રીજા માળેથી કચરો નાખવા નીચે ઉતર્યા હતા, ત્યારે બે ઢાબા પર કામ કરતા લોકો અવાજ કરી રહ્યા હતા. વિક્રમસિંહે ટોક્યા અને ઘોંઘાટ ન કરવા કહ્યું હતું, ઉગ્ર દલીલ થઈ હતી. ઘરે પરત ફરતી વખતે તેમને પકડી માર મારાયો હતો. હુમલામાં એક સગીર સહિત 8 લોકો સામેલ હતા, પોલીસે તમામની ધરપકડ કરી છે, તેઓ પત્ની અને પુત્ર સાથે ત્રીજા માળે રહેતા હતા.

ઘટના કિલોકરી ગામમાં બની હતી, બાદમાં 100થી વધુ લોકો એકઠા થઈ હત્યાનો વિરોધ કર્યો હતો. વિક્રમસિંહ 17 વર્ષથી દિલ્હીમાં મ્યુઝિક ટીચર હતા. મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમા ભડક્યા હતા, કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજૂએ 9 દિવસમાં ચાર્જશીટની ખાતરી આપી છે.

# જમીન ફાળવણી કેસમાં કર્ણાટક હાઈકોર્ટે મલ્લિકાર્જુન ખડગે અને પરિવારને રાહત આપી

**ચેન્નઈ**

કર્ણાટક હાઈકોર્ટે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને તેમના પરિવાર સંચાલિત સિદ્ધાર્થ વિહાર ટ્રસ્ટને જમીન ફાળવણી કેસમાં મોટી રાહત આપી છે. બેંગ્લોર ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા 8001 ચોરસ મીટરના પ્લોટની ફાળવણી મામલે વિશેષ અદાલતના તપાસના આદેશને હાઈકોર્ટે રદ કર્યો છે. હાઈકોર્ટે નોંધ્યું હતું કે વિશેષ અદાલતે પોતાની જાતે તપાસ શરૂ કરીને મોટી ભૂલ કરી હતી. ભ્રષ્ટાચાર મુક્ત કર્ણાટક ફોરમના પ્રમુખ અને ફરિયાદી વિજયરાઘવ મરાઠેએ પોલીસ તપાસની માંગ કરી હતી પરંતુ તેમણે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા હેઠળ નિર્ધારિત કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યું ન હતું. જેથી હાઈકોર્ટે નીચલી કોર્ટની કાર્યવાહી ફગાવી દીધી છે.

# છત્તીસગઢમાં દિયર-ભાભી વચ્ચેના સબંધમાં વિવાદ : ભત્રીજીને ચૂલા પર મૂકી સળગાવાઈ

**બિલાસપુર**

છત્તીસગઢના બિલાસપુરમાં દિયર ભાભી વચ્ચેના સંબંધોનું ભયાનક પરિણામ સામે આવ્યું છે. કૌટુંબિક વિવાદ દરમિયાન કાકા પર પોતાની નિર્દોષ 2 વર્ષની ભત્રીજીને લાકડાંથી સળગતા ચૂલા પર મૂકી દેવાનો આરોપ છે, ગંભીર રીતે દાઝી ગયેલી બાળકીનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ઘટના કોની પોલીસ સ્ટેશનના ઘુટકુ ગામમાં બની હતી. આરોપી નીતિન કુમાર લોનિયાના ભાભી અંકિતા સાથે સંબંધો હતા. અંકિતા પતિ સુધીર અને 2 વર્ષની પુત્રી પરમેશ્વરી સાથે રહેતી હતી. 26 ઓગસ્ટે અંકિતા પુત્રીને લઈ નીતિન સાથે ઘર છોડી ગઈ હતી, શોધખોળ છતાં પત્તો ન લાગતા નાનાએ ફરિયાદ નોંધાવી હતી. ત્રણેય 7 સપ્ટેમ્બરે ઘુટકુ પરત ફર્યા બાદ વિવાદ ફરી વકર્યો હતો. મંગળવારે નીતિનનો મોટા ભાઈ સુધીર સાથે ઝઘડો થયો, પછી નીતિન અને અંકિતા વચ્ચે બોલાચાલી થઈ હતી. એસએચઓ જિતેન્દ્ર ગુપ્તાએ જણાવ્યું કે માહિતી મળતા પોલીસે સ્થળે પહોંચી પરિસ્થિતિ શાંત પાડી હતી, દરમિયાન માહિતી મળી કે નીતિને ભત્રીજીને ચૂલા પર મૂકી હતી. દાઝેલી બાળકીને હોસ્પિટલ ખસેડાઈ હતી, તે જ રાત્રે મૃત્યુ થયું, પોલીસે ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

# પીએમ મોદીના જનસેવાના 25 વર્ષ પૂર્ણ, જન્મદિવસથી સેવા સંકલ્પ અભિયાન શરૂ થશે

**નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર સેવા અને જનસેવાના સળંગ 25 વર્ષ 7 ઓક્ટોબરે પૂર્ણ થાય છે. તેમના જન્મદિન 17 સપ્ટેમ્બરથી એક મહિના સુધી દેશભરમાં સેવા સંકલ્પ અભિયાન ચલાવાશે. ભાજપ 12 વિવિધ માધ્યમો દ્વારા કાર્યક્રમો યોજી સામાન્ય કાર્યકર્તામાંથી વિશ્વના લોકપ્રિય નેતા બનેલા મોદીની યાત્રા જન જન સુધી પહોંચાડશે. 2001ના ભૂકંપ બાદ મિનિમમ ગવર્નમેન્ટ મેક્સિમમ ગવર્નન્સના મંત્રથી ગુજરાત ધમધમતું થયું હતું. મફત રાશન, પાકા મકાન, ડિજિટલ પેમેન્ટ અને નશામુક્ત અભિયાન જેવા ક્રાંતિકારી કાર્યોથી ભારત ત્રીજી આર્થિક સત્તા તરફ આગળ વધી રહ્યું છે અને વૈશ્વિક મંચ પર ડંકો વાગી રહ્યો છે. આજે સમગ્ર વિશ્વ નજર રાખે છે.

# કેનેડાનો પલટવાર : યુ.એસ.ની ચીજો પર પ્રતિ-ટેરિફ

## ઔદ્યોગિક સામગ્રી, લાકડું, કપડાં અને વોશિંગ મશીન જેવી વસ્તુઓ મોંઘી થવાના એંધાણ

**ઓટાવા**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કેનેડિયન વિરોધી વલણ અને ૫૦ ટકા જેટલા ભારે ટેરિફના જવાબમાં કેનેડા સરકારે વળતો પ્રહાર કરવાનો નિર્ણય લીધો છે. કેનેડા દ્વારા જાહેર કરાયેલા પ્રતિ-ટેરિફ મંગળવારથી અમલમાં આવવા જઈ રહ્યા છે. આ નીતિ હેઠળ યુ.એસ.થી આવતી સેંકડો વસ્તુઓ પર એટલી જ રકમની ડ્યુટી લાદવામાં આવશે, જેટલી કિંમતના કેનેડિયન માલ ઉપર ટ્રમ્પે ટેરિફ ઝીંક્યો છે. કેનેડા દ્વિપક્ષીય વેપાર સોદા દ્વારા આ ટેરિફ ટાળવાની આશા રાખી રહ્યું હતું, પરંતુ છેલ્લી ઘડીએ વાટાઘાટો ભાંગી પડી હતી અને વડા પ્રધાન માર્ક કાર્નેએ પોતાના વાટાઘાટકારોને વોશિંગ્ટનથી પરત બોલાવી લીધા હતા. અગાઉની યાદીમાંથી અમેરિકન સીફૂડને હટાવ્યા બાદ કેટલાક નવા ઉત્પાદનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. નાણામંત્રી ફ્રાન્કોઈસ-ફિલિપ શેમ્પેને આ નિર્ણયને "કેનેડાના શ્રેષ્ઠ હિતમાં" લીધેલું પગલું ગણાવ્યું હતું. મેકમાસ્ટર યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના સહાયક પ્રોફેસર કોલિન મેંગના જણાવ્યા અનુસાર, આ વખતે પ્રતિ-ટેરિફની યાદી અગાઉ કરતાં થોડી નાની છે. તેમણે સ્પષ્ટ કર્યું કે કપડાં, લિપસ્ટિક અને વોશિંગ મશીન જેવા એક વખત ખરીદાતા હોમ એપ્લાયન્સિસના ભાવ વધશે, પરંતુ મોટાભાગના પ્રતિ-ટેરિફ મુખ્યત્વે ઔદ્યોગિક કાચા માલ અને લાકડાના ઉત્પાદનો પર કેન્દ્રિત છે.

### કેનેડા સરકાર આવશ્યક તમામ પગલાં ભરે- વિપક્ષી નેતા પોઇલીવર

આ મુદ્દે કેનેડિયન રાજકારણમાં પણ ગરમાવો જોવા મળી રહ્યો છે. વિપક્ષી નેતા પોઇલીવરે ટ્રમ્પના ટેરિફ પગલાં અને કેનેડા પરના તેમના વલણની કડક શબ્દોમાં ટીકા કરી હતી. સોમવારે તેમણે વડા પ્રધાન માર્ક કાર્નેને પ્રતિ-ટેરિફ અને ગયા મહિને રદ કરાયેલા વેપાર સોદાની તમામ વિગતો જાહેર કરી પારદર્શિતા જાળવવા વિનંતી કરી હતી. આ સાથે તેમણે સરકાર પાસે એક દેશવ્યાપી આર્થિક કાર્ય યોજનાની માગ કરી છે, જેમાં ઔદ્યોગિક કાર્બન ટેક્સ રદ કરવો, પાઇપલાઇન્સ પરના પ્રતિબંધો ઉઠાવી લેવા અને પશ્ચિમ કિનારેથી ક્રૂડ ઓઇલ શિપિંગ શરૂ કરવાનો સમાવેશ થાય છે.

### અમેરિકા સામે મજબૂતીથી ટકી રહેવું પડશે : લુઈસ

અવી લુઈસ (એનડીપી નેતા)એ પ્રતિ-ટેરિફના આ નિર્ણયને સમર્થન આપતાં જણાવ્યું હતું કે, "અમેરિકા સામે મજબૂતીથી ટકી રહેવા માટે આપણી પાસે જે કાયદાકીય અને આર્થિક લીવરેજ છે, તેનો પૂરેપૂરો ઉપયોગ કરવો પડશે.

# યુક્રેનના પ્રમુખ ઝેલેન્સકીનો આબાદ બચાવ, વિમાન સાથે અથડાતા રહી ગયું ડ્રોન, સુરક્ષામાં મોટી ચૂક

## ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ ટુકડી પર સામસામે ફ્રાયરિંગ થતાં 3 જવાનો ગંભીર ઘાયલ

**કીવ**

યુક્રેનિયન પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી સાથે જોડાયેલી એક મોટી સુરક્ષા ચૂક સામે આવી છે. નોર્વેના દિવંગત રાજા હેરાલ્ડ પંચમના અંતિમ સંસ્કારમાં ઓસ્લો જઈ રહેલા ઝેલેન્સ્કીના વિમાન સાથે મોલ્ડોવાથી ઉડાન ભરતી વખતે એક ખતરનાક ઘટના બની હતી, જેમાં તેમનું વિમાન અજાણ્યા ડ્રોન સાથે અથડાતા માંડ-માંડ બચ્યું હતું. આ ગંભીર સુરક્ષા જોખમે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા ઊભી કરી છે.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને નોર્વેના વડાપ્રધાન જોનાસ ગાર સ્ટોરેએ સરકારી પ્રસારક એનઆરકે સાથેની વાતચીતમાં આ ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરી છે.




તેમણે જણાવ્યું કે મોલ્ડોવાથી ઉડાન ભરતી વખતે યુક્રેનિયન પ્રમુખનું વિમાન લગભગ એક ડ્રોનની ચપેટમાં આવી ગયું હતું. આ ઘટના ઝેલેન્સ્કીની મુસાફરી દરમિયાનના સુરક્ષા જોખમોને સ્પષ્ટપણે ઉજાગર કરે છે, જોકે આ મામલે યુક્રેનિયન અધિકારીઓ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

# એશિયન ગેમ્સ પહેલાં જાપાનમાં ભારે પૂરઃ 400 ખેલાડીનું સુરક્ષિત સ્થળાંતર

**ટોકિયો**

એશિયન ગેમ્સનું આયોજન કરી રહેલા જાપાનના આઈચી-નાગોયામાં સ્પર્ધાના માત્ર ૧૦ દિવસ પહેલા રેકોર્ડ વરસાદ પડવાથી મુશ્કેલીઓ સર્જાઇ છે. ૮ સપ્ટેમ્બરના મધ્ય જાપાની શહેરના કેટલાક ભાગોમાં મુશળધાર વરસાદ પડવાથી ડઝનબંધ રસ્તાઓ અને ઘરો ડૂબી ગયા હતા. તેમજ બસ અને મેટ્રો સેવાઓ પણ કામચલાઉ ખોરવાઈ હતી. પરિણામે આશરે ૩,૫૦૦ લોકોને કટોકટી રાહત કેન્દ્રોમાં આશરો લેવાની ફરજ પડી હતી.

નાગોયાના મેયર ઈચિરો હિરોસાવાએ જણાવ્યું કે શહેરમાં પહેલાથી જ આવી પહોંચેલા ૪૦૦ રમતવીરો અને અધિકારીઓને અસ્થાયી રીતે સુરક્ષિત ઊંચાણવાળા સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા.

જાપાની મીડિયા દ્વારા પ્રસારિત ફૂટેજમાં જળમગ્ન રસ્તાઓ અને મેટ્રો સ્ટેશન સહિત સમગ્ર શહેરમાં વ્યાપક પૂરના દ્રશ્યો જોવા મળ્યા હતા. છતમાંથી પાણી ટપકવાની ઘટનાઓ પણ બની છે, પરંતુ એશિયન ગેમ્સના ડઝનબંધ સ્થળોને કોઈ ગંભીર નુકસાન થયું ન હોવાનું મેયર હિરોસાવાએ સ્પષ્ટ કર્યું હતું.

# ઇરાનનો 10 જહાજો પર હુમલો અને યુએસની ડ્રોન સબમરીન કબજે કરી

## જોર્ડનમાં યુએસ સૈન્યના મથકો પર ઈરાનના હુમલા

**દુબઈ**

ખાડી યુદ્ધ શાંત પડવાના બદલે વધુને વધુ તીવ્ર બની રહ્યુ છે. ખાડી યુદ્ધ પાર્ટ-ટુમાં અમેરિકાએ ઈરાનના પાંચ ટેન્કરો ખતમ કરી નાખ્યા છે તો ઈરાને પણ વળતો પ્રહાર કરતાં ૧૦ ટેન્કરો પર હુમલો કર્યાનો અને જોર્ડનમાં અમેરિકાના લશ્કરી મથકને નોંધપાત્ર નુકસાન પહોંચાડયાનાતથો અમેરિકાની ડ્રોન સબમરીન જપ્ત કર્યાનો દાવો કર્યો છે.

આ ડ્રોન સબમરીન હોર્મુઝમાં ઈરાને બીછાવેલી અંડર વોટર સુરંગનો પત્તો લગાવતી હોવાનું કહેવાય છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી)એ જણાવ્યું હતું કે તેમણે જટિલ ઈન્ટેલિજન્સ ઓપરેશન પાર પાડતી અમેરિકાની આ ડ્રોન સબમરીનને ડાઈવ એલડી તરીકે ઓળખવામાં આવી છે. આ સબમર્સીબલ વ્હીકલને વિશ્વની અત્યંત આધુનિક સરફેસ વ્હીકલ ટેકનોલોજીવાળુ ઉપકરણ મનાય છે. આ ઉપરાંત એક અલગ નિવેદનમાં આઈઆરજીસીએ દાવો કર્યો હતો કે તેની એર ડિફેન્સ સિસ્ટમ્સે હોર્મુઝની ખાડી પર ઝળુંબતુ એમક્યુ-રીપર ડ્રોન તોડી પાડયુ હતુ.

# ફિલિપાઈન્સમાં મુસાફરોથી ભરચક બોટમાં ભીષણ આગ, 5ના મોત, 80થી વધુ ગુમ

## જહાજ પર જનારા લોકોની રેકોર્ડબુક અનુસાર આ જહાજમાં 134 મુસાફરો હોવાની આશંકા

**મનિલા**

ફિલિપાઈન્સમાં એક બોટમાં આગ લાગતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં પાંચ લોકો મૃત્યુ પામી ગયાતો 80થી વધુ લોકો હજુ પણ ગુમ હોવાના અહેવાલ છે. ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડના અહેવાલો અનુસાર બુધવારે રાતે પશ્ચિમ વિસ્તારના પલાવાન ટાપુ નજીક એક ફેરીમાં આગ લાગી ગઈ હતી જેમાં 5 લોકોના મોત તો અનેક લોકો ગુમ થઈ ગયા હતા. આ દરમિયાન બોટમાંથી 43 લોકોને



બચાવાયાની માહિતી પણ સામે આવી હતી.

કોસ્ટ ગાર્ડે જારી કરેલી ફૂટેજમાં જહાજના અમુક ભાગમાં આગ ભડકતી દેખાઈ રહી છે તો બીજી બાજુ રેસ્ક્યૂ કરનારા લોકો મૃતદેહોને બેગમાં લઈ જતા દેખાઈ રહ્યા છે. જોકે આગ લાગી ત્યારે ફેરીમાં કેટલા લોકો સવાર હતા કે કેટલા લોકો ગુમ છે તેને લઈને સત્તાવાર માહિતી જાહેર કરાઈ નથી. દરિયા કિનારે લગભગ 2.2 કિ.મી. દૂર આ આગની ઘટના બની હતી. પાંચ લોકોના મૃતદેહો તો મળી આવ્યા હતા જેને કિનારે લવાયા હતા. જોકે જહાજ પર જનારા લોકોની રેકોર્ડબુક અનુસાર આ જહાજમાં 134 મુસાફરો હોવાની આશંકા છે.

# ઈન્ડોનેશિયામાં જ્વાળામુખી ફાટતાં 1500થી વધુ ફ્લાઈટ્સ રદ, 1.7 લાખ મુસાફર અટવાયા

**જાકાર્તા**

પેસિફિક રિંગ ઓફ ફાયર પર આવેલા ઈન્ડોનેશિયામાં સુન્ડા સ્ટ્રેટમાં અનાક ક્રાકાતાઉ જ્વાળામુખીમાં વિસ્ફોટ થયો હત, સાથે માઉન્ટ સેમેરુ અને માઉન્ટ ઈલે લેવોતોલોકમાંથી રાખ અને ધુમાડો ફેલાઈ ગયો હતો. હજારો ફૂટ સુધી ઝેરી રાખ છવાતા સુમાત્રા અને જાવામાં રહેણાંક વિસ્તારો અને ખેતરો પર પરત જામી ગઈ હતી. લોકોને શ્વાસની તકલીફથી માસ્ક વિતરણ અને ઓનલાઈન શિક્ષણ શરૂ કરાયું છે. રાખ એન્જિન માટે જોખમી હોવાથી જકારતાના સોઈકર્નો હટ્ટા સહિત 8 એરપોર્ટ પર ફ્લાઈટ્સ સ્થગિત થતા 1,500થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ 1.7 લાખ મુસાફરો અટવાયા હતા, તંત્રએ ડેન્જર ઝોન જાહેર કરી એલર્ટ વધાર્યું દેવાયું છે. ત્સુનામીની ચેતવણી નથી નિરીક્ષણ ચાલુ છે.

# USથી દેશનિકાલ થયેલા 66300 લોકો પાસેથી 423 મિલિયન ડોલર વસૂલાશે

**વોશિંગ્ટન**

અમેરિકાથી દેશનિકાલ થયેલા વસાહતીઓને ટ્રમ્પ સરકાર છોડવા તૈયાર નથી. ગયા મહિને હાંકી કઢાયેલા 66,300 લોકો પાસેથી 423 મિલિયન ડોલર દંડ અને ફી વસૂલવાની કાર્યવાહી શરૂ કરાઈ છે. પોતાના દેશમાં પહોંચેલાઓને શોધવા ખાનગી કોન્ટ્રાક્ટરો રખાયા છે.

આ કામ માટે સીબીપી દ્વારા જે ચાર પેઢીને કામ સોંપાયું છે તેમને 36 મિલિયન ડોલર ચૂકવાશે. અંતિમ દેશનિકાલ આદેશ બાદ જેમણે અમેરિકા છોડ્યું ન હોય તેવા ગેરકાયદે વસાહતીઓને લાખો ડોલરનો દંડ ફટકારાઈ રહ્યો છે. તે માટે મોકલાતી નોટિસમાં જણાવાયું છે કે દંડનો સામનો કરી રહેલો વસાહતી જો સ્વૈચ્છિક દેશનિકાલ લેવા તૈયાર થશે તો દંડ ભરવો પડશે નહીં અને સરકાર સામેથી 3,000 ડોલરનું બહાર નીકળવાનું બોનસ અને મફત હવાઈ ટિકિટ આપશે.

જોકે હાંકી કઢાયેલા લોકોનો અમેરિકા બહાર નીકળ્યા બાદ દંડ કઈ રીતે વસૂલાશે તેની કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. સરકારને આવું કરવાની સત્તા છે કે નહીં તે સ્પષ્ટ નથી અને જે તે દેશની સરકારો તેમાં સહયોગ આપશે કે કેમ તે મોટો સવાલ બની રહ્યો છે.

# બાંગ્લાદેશના ચટગાંવમાં સૈન્ય કવાયત વખતે ચીની ટેન્કમાં વિસ્ફોટ થતાં 2 જવાનોનાં મોત

**ઢાકા**

બાંગ્લાદેશના ચટગાંવ સ્થિત હથાજારી ફીલ્ડ ફાયરિંગ રેન્જમાં ૯ સપ્ટેમ્બરે સૈન્ય કવાયત દરમિયાન ચીની બનાવટની ટેન્કમાં ભયાનક વિસ્ફોટ થતાં સેનાના 2 જવાનોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે કેપ્ટન મિર્ઝા ગંભીર રીતે ઘાયલ થયા હતા. ફાયરિંગ માટે ટ્રિગર દબાવતાં જ બેરલની અંદર શેલ ફાટવાથી આ અકસ્માત સર્જાયો હતો. દુર્ઘટનામાં ટેન્ક સંપૂર્ણપણે તબાહ થઈ જતાં અંદર સવાર જવાન અબુ બકર સિદ્દીક અને તસ્નીમ રફાયતને બચવાની તક મળી નહોતી. બંને હાથમાં ગંભીર ઈજા પામેલા કેપ્ટનને સારવાર અર્થે એરલિફ્ટ કરી ઢાકાની સૈન્ય હોસ્પિટલમાં ખસેડાયા છે. આ બનાવ અંગે સેના દ્વારા તપાસ માટે હાઈલેવલ કમિટીની રચના કરવામાં આવી છે.

# સાઉથલેક સીનિયર ક્લબ કેનેડા ફાઉન્ડેશન દ્વારા ગ્રાન્ડ ગાલા પિકનિક

## જન્માષ્ટમી નિમિત્તે ભજન કિર્તન બાદ મટકીફોડનો રંગારંગ કાર્યક્રમ : 160થી વધુ વરિષ્ઠોએ ઉત્સાહભેર ભાગ લીધો






બ્રામ્પ્ટન : સાઉથલેક સીનિયર ક્લબ કેનેડા ફાઉન્ડેશન દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે ચોથી ગ્રાન્ડ ગાલા પિકનિક સપ્ટેમ્બર ૦૫, ૨૦૨૬ને શનિવારના રોજ ગેગ પાર્ક બ્રામ્પ્ટન ખાતે યોજાઈ હતી. જેમાં આશરે ૧૬૦ જેટલા વરિષ્ઠ નાગરિકોએ ભાગ લીધો હતો. આ ક્લબ વરિષ્ઠ નાગરિકોના હિતાર્થે ઈન-ડોર અને આઉટડોર કાર્યક્રમનું આયોજન કરતી રહે છે, જે નિ:શુલ્ક હોય છે. હાલમાં વેસ્ટ ટાવર બ્રામ્પ્ટન ખાતે નિ:શુલ્ક ડિજિટલ કમ્પ્યુટરનો ક્લાસ પણ ચાલી રહ્યો છે, જેનો આ શુક્રવારે બીજી બેચનો પાંચમો ક્લાસ છે.

નાદુરસ્ત તબિયત અને કૌટુંબિક જવાબદારીઓને ધ્યાને રાખી પરદેશ હોવા છતાં સાથે હોય તેવો અહેસાસ કરાવતા અને ખૂબ જ ખંતથી હોદ્દાની ગરિમા જાળવી રહેલા પ્રમુખ અમિત ભટ્ટ વીડિયો અને ફોનથી પળે પળની માહિતી મેળવી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડતા રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રમુખની જવાબદારી સંભાળી રહેલા રેહાના હાફીઝ અને ભરત શર્માએ કર્યું હતું. ગુજરાત અને ભારતના વિવિધ રાજ્યોમાં પરંપરાગત અને ધામધૂમથી ઉજવાતા જન્માષ્ટમીના તહેવારને યાદ અપાવે તે રીતે સર્વે વરિષ્ઠ નાગરિકોએ પોશાક સાથે ભજન - કીર્તન અને મટુકીનો કાર્યક્રમ રંગેચંગે ઉજવ્યો હતો. સાઉથલેક સીનીયર ક્લબ કેનેડા ફાઉન્ડેશનના ઉત્કૃષ્ટ કાર્યને બિરદાવતા સન્માન અને કદર કરતા પ્રમાણપત્રો સાંસદ સોનિયા સાધુ તેમજ મેયર પેટ્રિક બ્રાઉન તથા રોવેના સંતોષ (રિઝિયોનલ કાઉન્સિલર) દ્વારા સર્વેની ઉપસ્થિતિમાં કાર્યકારી પ્રમુખને એનાયત કરવામાં આવ્યા હતા.

### સંગઠનમાં સભ્ય તરીકે જોડાવવા તક

કાર્યક્રમને અંતે જાહેરાત કરાઈ હતી કે, જે કોઈ વરિષ્ઠ નાગરિક સાઉથલેક સીનીયર ક્લબ કેનેડા ફાઉન્ડેશનના વર્ષ ૨૦૨૬ - ૨૭ માં સભ્ય બનવા માંગતા હોય તેમણે વાર્ષિક લવાજમ પેટે $ ૭૫/- (વાર્ષિક ફી) + ૨૫/- (સભ્ય ફી) = $ ૧૦૦/- ભરવાના રહેશે. આ ક્લબના સભ્યો માટે વિના મૂલ્યે નવરાત્રીના નવલા ગરબાનું આયોજન ઓક્ટોબર ૧૬ - ૧૭, ૨૦૨૬ને શુક્રવાર તથા શનિવારના રોજ કરાયું છે. જેમાં ૧૦ જેટલા વિવિધ સ્ટોલ પણ મૂકવામાં આવશે. હવે જૂજ સ્ટોલ બાકી હોવાથઈ રસ ધરાવતા ઈસમોએ અમિત ભટ્ટ (+16472989887), મિલિંદ દવે (+19057832762) કે હેમંત રાઈગંગર (+16472088616) નો સંપર્ક કરવો. સપ્ટેમ્બર ૦૯, ૨૦૨૬ને બુધવારે ત્રણ બસ દ્વારા નાયગ્રાના પ્રવાસનું આયોજન થઈ ગયું છે.

સાંસદ અમનદીપ સોઢી (મધ્ય બ્રામપ્ટન), સોનિયા સાધુ (દક્ષિણ બ્રામ્પ્ટન), કેનેડાના ગૃહ સદસ્ય રૂબી સહોટા (ઉત્તર બ્રામ્પ્ટન) અને બ્રામ્પ્ટનના મેયર પેટ્રિક બ્રાઉન તથા રોવેના સંતોષ (રિઝિયોનલ કાઉન્સિલર) એ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વરિષ્ઠ નાગરિકોને પ્રોત્સાહિત કર્યા હતા. સોનિયાજીએ તેમના ભાષણમાં જણાવ્યું કે, આ ક્લબ વરિષ્ઠ નાગરિકોને ધ્યાને રાખી ખૂબ જ અગત્યના કાર્યક્રમનું આગવું આયોજન કરે છે, હું પોતે, અમનદીપ સોઢી, રૂબી સહોટા તથા સફકત અલી તથા અમારી સમિતિ તેનાથી પ્રભાવિત છીએ. આ ક્લબ હંમેશા આવા કાર્યક્રમોનું આયોજન કરતી રહે તેવી અમારી ઈચ્છા પણ છે. આવા કાર્યોને બિરદાવતા હું હર્ષની લાગણી અનુભવું છું. જે બાદ કાર્યક્રમમાં ભજન, ફિલ્મી ગીતો, નૃત્ય, યોગ, રમતો વગેરેનો વરિષ્ઠ નાગરિકોએ લ્હાવો લીધો. અતુલ ભાવસારે ભજન તથા કીર્તિ ભાવસારે ૫, ડાહ્યાભાઈ પટેલે ૩, હર્ષા ભટ્ટે ૨ અને ભાનુ મિસ્ત્રીએ ૨ ફિલ્મી ગીતો સીધા કે કેરાઓકેની સહાયથી ગાઈને સર્વેને મંત્રમુગ્ધ કર્યા હતા. શિક્ષક ટ્વિંકલે યોગ કરાવ્યા હતા. આ જ શિક્ષકના માર્ગદર્શનથી જુદા જુદા ગ્રુપ બનાવી વિવિધ રમતોનો પણ વરિષ્ઠોએ લાભ લીધો હતો. વિનોદ ગોંડલીયાના માર્ગદર્શનમાં મનહર પટેલ, શંકર આરડે, ચંદ્રકાંત પટેલ, જગદીશ પટેલ તથા અન્ય મિત્રોએ રસોડા વિભાગમાં સુવ્યવસ્થિત ફરજ બજાવી તબક્કાવાર દરેકને ભાવપૂર્વક જમાડ્યા હતા.

સવારે ૧૧.૦૦ કલાકે ચા - નાસ્તા (ચા સાથે ચીઝ બોલ, જલાપેનો ટ્રાયએન્ગલ્સ, પનીર ફિંગર અને વડા) નો સૌએ લાભ લીધો હતો. બપોરે આશરે ૧૪.૦૦ થી ૧૫.૦૦ કલાક દરમિયાન બપોરનું ભોજન પીરસાયું હતુ. જેમાં ગુલાબ જામુન, ગાજરનો હલવો, રોટલી, નાન, શાહી પનીર, મિક્સ વેજિટેબલ, રાજમા, જીરા રાઈસ, દાળ મખની, સલાડ, રાયતું વગેરેથી સર્વે વરિષ્ઠ નાગરિકોને સંતૃપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

જ્યારે સાંજના ભોજનમાં વેજિટેબલ મંચુરિયન અને ફ્રાઈડ રાઈસ આપવામાં આવ્યા હતા.

# કેનેડા, યુકે, ફ્રાન્સના પશ્ચિમ કાંઠામાં ઈઝરાયલી વસાહતોના માલના વેપાર પર પ્રતિબંધ લદાશે

## બ્રિટિશ સંસદમાં વિદેશ સચિવ એડ મિલિબેન્ડની કડક કાર્યવાહીની જાહેરાત

**ટોરોન્ટો**

પશ્ચિમ કાંઠા (વેસ્ટ બેંક)માં ઈઝરાયલ દ્વારા વસાહતોના સતત થઈ રહેલા વિસ્તરણ સામે બ્રિટન, કેનેડા અને ફ્રાન્સે આકરું વલણ અપનાવી સંયુક્તપણે મોટો નિર્ણય લીધો છે. મંગળવારે બ્રિટિશ સંસદમાં વિદેશ સચિવ એડ મિલિબેન્ડે જાહેરાત કરી હતી કે ત્રણેય દેશો ગેરકાયદે ઈઝરાયલી વસાહતોમાંથી આવતા માલ-સામાનની આયાત અને વેપાર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકશે.

સાત અઠવાડિયા પહેલાં સત્તામાં આવેલા બ્રિટિશ વડાપ્રધાન એન્ડી બર્નહામ અને તેમની કેબિનેટની ઉપસ્થિતિમાં જાહેરાત કરવામાં આવી હતી. વિદેશ સચિવ મિલિબેન્ડે સ્પષ્ટ કર્યું હતું કે, માલ પર પ્રતિબંધ લાદવા ઉપરાંત યુકે નિર્માણ, માળખાગત સુવિધા, ધિરાણ તેમજ વસાહત વિસ્તરણ માટે રિયલ એસ્ટેટ જેવી સેવાઓ પૂરી પાડતી વિશિષ્ટ કંપનીઓ અને વ્યક્તિઓ સામે પણ કાનૂની કાર્યવાહી હાથ ધરશે. ઈઝરાયલે પશ્ચિમ કાંઠાના વિવાદિત 'E1' ક્ષેત્રમાં ૧,૨૦૦ નવા વસાહતી ઘરોના બાંધકામ માટે ટેન્ડર ખોલવાની જાહેરાત કરી હતી, જેના લીધે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર (UN) અને મોટાભાગના આંતરરાષ્ટ્રીય દેશો ચોથા જિનીવા સંમેલનની કલમ ૪૯ હેઠળ આવી વસાહતોને ગેરકાયદેસર માને છે. જોકે, ઈઝરાયલ આ દાવો નકારીને આ વિસ્તારને કબજા હેઠળનો નહીં પરંતુ વિવાદિત માને છે.

# કેનેડા અમેરિકાનું ૫૧મું રાજ્ય નહીં બને : નવી 'વેલકમ સાઇન' મુકાઈ

## કેનેડિયનોની દયા ભાવનાને નબળાઈ ન સમજવા ટ્રમ્પને ડેવિડ એબીની ટકોર

**બ્રિટીશ કોલંબિયા**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા અન્યાયી ટેરિફ અને કેનેડાની સાર્વભૌમત્વ સામે ઊભા થયેલા પડકારો વચ્ચે બ્રિટિશ કોલંબિયાના વડાપ્રધાન (પ્રીમિયર) ડેવિડ એબીએ મંગળવારે એક મહત્વપૂર્ણ પત્રકાર પરિષદ યોજી યુનાઈટેડ સ્ટેટ્સ સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે યુ.એસ. સરહદ ક્રોસિંગ ઉપર મૂકવામાં આવનારી એક નવી 'વેલકમ સાઈન' અનાવરણ કરી હતી. નવી સાઈન પર લખાયેલા સંદેશનો ઉલ્લેખ કરતાં એબીએ જણાવ્યું હતું કે, "બ્રિટિશ કોલંબિયા, કેનેડામાં આપનું સ્વાગત છે - એક મજબૂત, ગર્વિત રાષ્ટ્ર જે ક્યારેય યુ.એસ.નું ૫૧મું રાજ્ય નહીં બને. અમેરિકાને આકરો સંદેશ આપતાં ડેવિડ એબીએ કહ્યું હતું કે, કેનેડિયનોની દયા અને ઉદારતા આપણી સૌથી મોટી શક્તિઓમાંથી એક છે, પરંતુ યુ.એસ.એ તેને ક્યારેય આપણી નબળાઈ સમજવાની ભૂલ કરવી જોઈએ નહીં."

# મધ્ય પૂર્વમાં યુદ્ધને કારણે કેનેડામાં ઈંધણના ભાવમાં ઉછાળો નોંધાયો

**ટોરોન્ટો**

સામાન્ય રીતે વર્ષના આ સમયગાળા દરમિયાન ઈંધણના ભાવમાં રાહત મળતી હોય છે, પરંતુ આ વખતે વાહનચાલકો કે ગ્રાહકો માટે કોઈ રાહતના એંધાણ નથી. મધ્ય પૂર્વમાં વકરેલી યુદ્ધની સ્થિતિ અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં અવરોધોને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર ઉછાળો નોંધાયો છે, જેની સીધી અસર હવે કેનેડિયન પંપ ઉપર જોવા મળી રહી છે.

ફેબ્રુઆરીના અંતમાં યુ.એસ. અને ઈઝરાયલ દ્વારા ઈરાન સામે લશ્કરી કાર્યવાહી શરૂ કરાતાં ક્રૂડ ઓઈલના ભાવ ઊંચકાયા હતા. તેલ પરિવહન માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની સામુદ્રધુનીમાંથી ટેન્કરોની અવરજવર લગભગ બંધ થઈ ગઈ છે. ઉનાળાની શરૂઆતમાં સ્થિતિ થાળે પડવાની આશા હતી, પરંતુ મધ્ય પૂર્વમાં તેલ પ્રોસેસિંગ સુવિધાઓ અને જહાજો પરના તાજેતરના હુમલાઓએ પરિસ્થિતિ વધુ વણસાવી છે.

બુધવારે આંતરરાષ્ટ્રીય ધોરણ ગણાતું બ્રેન્ટ ક્રૂડ ફરી પ્રતિ બેરલ $ 100 USની મનોવૈજ્ઞાનિક સપાટી વટાવી ગયું હતું.

# ઓન્ટેરિયોમાં નિયો-નાઝી આતંકી જૂથનો સભ્ય ક્રિસ્ટોફર નિપ્પકને અદાલતે અંતે દોષિત ઠેરવ્યો

## હિંસક પ્રચાર અને ભરતી વીડિયો બનાવવામાં સક્રિય ભાગીદારી પુરવાર

**ઓટાવા**

કેનેડાના ઓન્ટારિયો ક્ષેત્રમાં સક્રિય નિયો-નાઝી આતંકવાદી જૂથ 'એટોમવાફેન ડિવિઝન' સાથે જોડાઈને આતંકવાદી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા બદલ ઓન્ટારિયો સુપિરિયર કોર્ટના ન્યાયાધીશ દ્વારા ક્રિસ્ટોફર નિપ્પક નામના શખ્સને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. RCMP દ્વારા હાથ ધરવામાં આવેલી ૧૮ મહિનાની સઘન તપાસ બાદ ડિસેમ્બર ૨૦૨૩માં નિપ્પકની ધરપકડ કરવામાં આવી હતી. તેની સામે આતંકવાદી જૂથની પ્રવૃત્તિઓમાં જાણી જોઈને ભાગ લેવાનો અને મદદ કરવાનો ગંભીર આરોપ હતો. આ કેસમાં નાયગ્રાના સહ-આરોપી મેથ્યુ અલ્થોર્પને માર્ચ મહિનામાં આતંકવાદ સંબંધિત ત્રણ ગુનામાં ૨૦ વર્ષની આકરી જેલની સજા ફટકારવામાં આવી ચૂકી છે.સુપિરિયર કોર્ટના ન્યાયાધીશ મૌરીન ડી. ફોરેસ્ટેલે ચુકાદો આપતાં જણાવ્યું હતું કે, ક્રાઉને "વાજબી શંકાથી પર" સાબિત કર્યું છે કે નિપ્પક AWD એક આતંકવાદી સંગઠન હોવાનું જાણતો હતો અને તેણે તેના પ્રચાર વિડિયોમાં સક્રિય ભાગ લીધો હતો. અદાલતમાં રજૂ કરાયેલા આ ભરતી વિડિયોમાં ખોપરીના માસ્ક અને AWDના પેચ પહેરેલા સશસ્ત્ર માણસો જંગલમાં કૂચ કરતા, અંધાધૂંધ ગોળીબાર કરતા, ઈમારતો ખાલી કરાવતા અને યુનાઈટેડ સ્ટેટ્સ, ઈઝરાયલ તેમજ યુરોપિયન યુનિયનના રાષ્ટ્રધ્વજ બાળતા દેખાયા હતા.

## વેદોક્ત મંત્રોચ્ચાર સાથે જનોઈ બદલવાની વિધિ અને પૂજા અર્ચના કરાઈ, વૃંદા ઉપાધ્યાય અને જીતેન્દ્ર જોશીના લાઈવ મ્યુઝિકે સમગ્ર વાતાવરણને વધુ જીવંત બનાવ્યું



# બ્રાહ્મણ સમાજ ઓફ ઓન્ટેરિયો દ્વારા બળેવની ઉજવણી સાથે યાદગાર પિકનિક

## સિનિયર બહેનો, બાળકો તથા યુવતીઓ માટે વિવિધ રમતો અને એક્ટિવિટીઝનું આયોજન

બ્રામ્પટન : બ્રાહ્મણ સમાજ ઓફ ઓન્ટેરિયો દ્વારા 29 ઑગસ્ટ, 2026ના રોજ પરંપરા, સંસ્કૃતિ, આધ્યાત્મિકતા અને સામાજિક એકતાના સુંદર સમન્વય સાથે બળેવ પિકનિકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત સવારે પવિત્ર અને આનંદમય વાતાવરણમાં કેયુર રાવલના વેદોક્ત મંત્રોચ્ચાર સાથે જનોઈ બદલવાની વિધિ તથા વિધિવત પૂજાથી કરવામાં આવી હતી. ગાયત્રી મંત્રના પવિત્ર ધ્વનિથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક બની ગયું હતું અને ઉપસ્થિત સૌએ ભક્તિ તથા શાંતિનો અનુભવ કર્યો હતો.

ધાર્મિક વિધિ બાદ સૌએ સાથે મળીને પોટલક ભોજનનો આનંદ માણ્યો હતો. ઉપપ્રમુખ હેતલ ઠાકરના સુચારુ નેતૃત્વ હેઠળ તથા હરિ કિશન ઠાકર, ભાવિક વ્યાસ અને પથિક શુક્લના અથાક પ્રયાસો અને આયોજનથી સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે અને વ્યવસ્થિત રીતે સંપન્ન થયો હતો.

કાર્યક્રમમાં વિવિધ વયજૂથના સભ્યોને ધ્યાનમાં રાખીને અનેક મનોરંજક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કમિટી મેમ્બર અંજલી વ્યાસ સાથે બિંદુ પુરોહિત, સોનલ ભટ્ટ, ફાલ્ગુની જોશી, ઋજુતા ઠાકર અને વૃંદા ઉપાધ્યાય દ્વારા સિનિયર બહેનો, બાળકો તથા યુવતીઓ માટે વિવિધ રમતો અને એક્ટિવિટીઝનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.









પિકનિક દરમિયાન તરબૂચ અને આઈસ્ક્રીમની મજા સાથે કાર્યક્રમમાં આનંદ અને ઉત્સાહનો માહોલ છવાયો હતો.

વૃંદા ઉપાધ્યાય અને જીતેન્દ્ર જોશીના લાઈવ મ્યુઝિકે સમગ્ર વાતાવરણને સંગીતમય બનાવી દીધું અને ઉપસ્થિત સૌને સંગીતના તાલે ઝૂમવા પ્રેર્યા હતા.

યુવાનો માટે વ્રજેશ ઉપાધ્યાય અને સમીર જોશી દ્વારા વિવિધ રમતો તથા વોલીબોલનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે ધીરેન પંડ્યા અને આશિષ દવે દ્વારા કરવામાં આવેલી સુંદર ફોટોગ્રાફી દ્વારા દિવસની અનેક યાદગાર ક્ષણોને કેમેરામાં કંડારવામાં આવી હતી.

સાંજે સૌએ સાથે મળીને પૂરી, ઢોકળા, શ્રીખંડ, ભીંડા, કઢી, પુલાવ, પાપડ અને પાપડી સહિતના વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ માણ્યો હતો. સમગ્ર દિવસ દરમિયાન હાસ્ય, આનંદ, સંગીત, રમતગમત અને પરસ્પર સૌહાર્દથી ભરપૂર વાતાવરણ રહ્યું હતુ.

બ્રાહ્મણ સમાજ ઓફ ઓન્ટેરિયોના કમિટી સભ્યોના અદભુત ટીમવર્ક, સહકાર અને સમર્પણના પરિણામે બળેવ પિકનિક એક યાદગાર અને સફળ કાર્યક્રમ બની રહ્યો હતો.









Ganesha Accounting & Shiv Financial Services
proudly presents
Navratri 2026
Ganesha Accounting & Tax Services Inc.
Personal, Business & Corporate Tax
Accounting & Book Keeping
Financial Statement
Payroll, HST, WSIB Returns
New Business Registration & Incorporation
Manishaben Sevak
647-770-3876
SHIV FINANCIAL SERVICES
Super Visa Insurance & Visitor to Canada Medical Insurance
FREE QUOTE
Monthly / Annual Plans Available
Partial Refund if Parents Leave Early
Full Refund if No Visa Issued
Upto 45% Discount Available
JAGDISHBHAI SEVAK
647-236-7620
Garba Night
with
Jitendra Joshi
Legendry Garba Singer of
North America & India (Nadiadi)
26 | SEP | 2026
SATURDAY - 6:30PM
Sringeri Temple Hall
80 Brydon Drive, Etobicoke, ON
Title Sponsors
CENTURY 21 People's Choice Realty Inc.
Gaurang Nagar
Real Estate Broker
C: 647-760-0996
realtor.gaurang@gmail.com
BUY SELL LEASE INVEST
Tirth Nagar
Realtor
C: 647-988-1095
tirthnagar.n1@gmail.com
Punjab Insurance Inc
SERVING ACROSS CANADA
416-996-6464
WWW.PUNJABINSURANCE.CA
CENTURY 21 People's Choice Realty Inc.
Vins Patel
Sales Representative
C: 647-960-8751
O: 905-366-8100
F: 905-366-8101
E: vinspatel23@outlook.com
W: www.vinspatel.ca
BUY • SELL • INVEST
in association with
Yeshvi Travel
$$$ COMPARE & SAVE $$$
Jay Brar
647-400-5100
905-731-8572
Jayrang Immigration Inc.
Jayrang Pathak
Director
Classic Honda
SANDIP SHAH
BUY • SELL • LEASE • INVEST
Most Reliable Realtor
RAJ DAVE
Sales Representative
416.305.2814
www.dreamhomesellers.ca
Dildeep Singh Dhanju
PRISM HOMES
Ashish Parekh
HVAC/R CONTRACTOR
Devang Vyas
Mortgage Agent Level 1
Dharmendra Oza
647.453.5626 (LOAN)
CENTURY 21
NIRAV VORA
REALTOR
ROHIT SHARMA
BARRISTER & SOLICITOR
416-741-1115
TaxMint
Personal Tax services
Corporate Tax services
Small Business Tax services
Bookkeeping services
GST/HST filing services
KRUPA SHAH LAW
Krupa Shah
BE YOUR BEST
HORIZON OPTICAL
Personalized & Professional Vision Care Services
MITESH ZAVERI
CForCars
Buying | Selling | Investing
HomeLife/Miracle Realty Ltd.
Kalpesh Thakkar
Direct: 647-719-5125
RUSHIKESH BHATT
647-981-0907
RIGHT STEP HOME REALTY INC.
PANA T SHAH
Bhavin Parekh
bestbrains
GLORS HEATING & AIR CONDITIONING
647-883-4051
GlorsHeating.com
Dhiren Pandya
PANDYA STUDIOS
SHREEJI DRIVING TRAINING
Trushit Patel
416-992-6810
Media Support
ગુજરાત ન્યૂઝલાઈન
647 400 6248
ગુજરાત નો રણકાર
સ્વદેશ

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!




Must see! 161 Heather Court in Oshawa features bright, spacious rooms, private outdoor entertaining and play areas, ample parking, and more. The main floor features three bedrooms and a generous-sized bathroom. On the lower level, another bedroom and bathroom offer potential as an in-law suite. Well maintained throughout, the laminate and tile floors make cleaning a breeze. Large picture windows throughout the main living space look out onto your private oasis in the backyard. Extras include a large laundry room, a guest-ready bar area on the lower level, and storage galore in the kitchen. This home shouldn't be missed.




Stunning Detached Home In Highly Desirable Northeast Ajax. Needs to be seen! Close to schools, shops, and rec. center. This warm, inviting, family-friendly home features an open-concept living and dining combination. A cozy family room equipped with a fireplace. Generously sized bedrooms. Conv. 2nd-level laundry. A large backyard with a deck perfect for BBQs. This home is move-in ready! Smart thermostat, doorbell, smoke alarm, water softener. HWT (O), furnace (2019), deck & garden shed (2019), roof (2025), freshly painted, new window coverings, new kitchen & washroom quartz countertops.




Welcome to a beautifully maintained detached family home offering an abundance of space, natural light, and exceptional versatility in the heart of Ajax. Designed with growing families in mind, this spacious home features separate living, dining, and family room, with a cozy gas fireplace creating the perfect gathering space. The large kitchen offers ample cabinetry, generous counter space, and a bright breakfast area overlooking the backyard-ideal for everyday living and entertaining. Boasting 5 bedrooms and 4 bathrooms, this home provides plenty of room for the entire family. The fully finished basement apartment offers excellent rental income potential and includes a tenant who is willing to stay, making it a fantastic opportunity for investors or homeowners looking to offset their mortgage. Location is everything, and this home truly delivers. Situated in one of Ajax's most convenient and family-friendly neighbourhoods, you're just steps to public transit, shopping, schools, parks, Ajax Community Centre, with quick access to Highway 401. This home offers the perfect combination of comfort, convenience, and value. This is one home you won't want to miss!

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.